Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૭૧
તા.૨૬-૦૭-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૭ સૂર્યાસ્ત : ૦૭:૨૪

તાપમાન: ડીસા ૨૫.૬, અમદાવાદ ૨૭.૦, ગાંધીનગર ૨૭.૦, વડોદરા ૨૮.૦, સુરત ૨૯.૨, નલિયા ૨૯.૮

ચાંદી : ૩૭૮૦૦ સોનું : ૨૯૧૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# પૂર હોનારતમાં મોદી વતનની વહારે : ૫૦૦ કરોડની સહાય

**બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠામાં હવાઈ નિરીક્ષણ કર્યું : પૂરમાં મૃત્યુ પામેલાને ૨ લાખ અને ઘાયલોને ૫૦ હજારની સહાય**





અમદાવાદ

ભારે વરસાદથી ઉત્તર ગુજરાતમાં ભારે પૂર આવ્યા છે લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે ત્યારે ગુજરાત આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તર ગુજરાતમાં પૂરની પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે પૂરગ્રસ્ત ગુજરાત માટે ૫૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી હતી. જ્યારે પૂરમાં માર્યા ગયેલા મૃતકના પરિવારને ૨ લાખ અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૩ દિવસથી પડી રહેલા અવિરત વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઇ છે ત્યારે પીએમ મોદી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ગુજરાત દોડી આવ્યા છે. મોદીએ અમદાવાદ એરપોર્ટ ખાતે અધિકારીઓ તેમજ સીએમ સહિતના નેતાઓ સાથે ગુજરાતની પૂરની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. ત્યાર બાદ તેઓ હેલિકોપ્ટરથી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા સહિતના અસરગ્રસ્ત વિસ્તારોના હવાઈ નિરીક્ષણ માટે નીકળ્યા હતા. તેમની સાથે વિજય રૂપાણી, નિતીન પટેલ અને ભુપેન્દ્રસિંહ ચુડાસમા પણ અસરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. સ્થિતિની સમીક્ષા કર્યા બાદ વડાપ્રધાને રાજ્યને ૫૦૦ કરોડની સહાયની જાહેરાત કરી છે.

## બનાસકાંઠામાં આકાશી આફતથી અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઇ



રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી સતત ત્રણ દિવસથી પૂરપિડીતો વચ્ચે રહીને બચાવ કામગીરીમાં વેગ આપી રહ્યા છે.

**જિલ્લામાં વ્યાપક ખુવારી અને તબાહી : લાખણી- ધાનેરા પંથક હજુ પાણીમાં ગરકાવ : નદી કાંઠાના ગામોમાં પણ નવી આફત**

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં સતત ચોથા દિવસે પણ મેઘરાજાનું આક્રમણ યથાવત રહેતા અતિવૃષ્ટિ સર્જાઈ છે. જેના કારણે વ્યાપક ખુવારી અને તબાહી સર્જાઈ છે. જેથી જનજીવન અસ્ત- વ્યસ્ત થઈ ઉઠ્યું છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં પ્રારંભે બે તબક્કામાં ધીમી ધારે ભરપુર વરસાદ થયો હતો. પરંતુ એ પછી ગત શુક્રવારની રાતથી મેઘરાજાએ તોફાની 'ઈનિંગ' શરૂ કરી છે. સતત ચોથા દિવસે પણ તોફાની પવન સાથે વરસાદ ખાબ-કતા ચોમેર જળ બંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જ્યાં નજર કરો ત્યાં

અનુસંધાન પાના નં.૬

**વરસાદના આંકડા(મી.મી.)**

| તાલુકાનું નામ | ગઈકાલનો વરસાદ | મોસમનો વરસાદ |
|---|---|---|
| અમીરગઢ | ૩૩૭ | ૧૦૧૩ |
| ભાભર | ૧૭૪ | ૬૯૮ |
| દાંતા | ૧૬૭ | ૭૯૯ |
| દાંતીવાડા | ૪૭૩ | ૧૩૫૯ |
| ધાનેરા | ૨૭૫ | ૮૨૮ |
| દીયોદર | ૨૮૪ | ૯૫૦ |
| ડીસા | ૨૧૦ | ૮૮૪ |
| કાંકરેજ | ૧૫૪ | ૫૮૪ |
| પાલનપુર | ૩૮૦ | ૧૧૨૯ |
| થરાદ | ૧૮૦ | ૬૧૦ |
| વાવ | ૧૮૭ | ૪૩૧ |
| વડગામ | ૩૫૭ | ૧૦૫૩ |
| લાખણી | ૩૦૫ | ૮૮૦ |
| સુઈગામ | ૧૨૨ | ૪૮૩ |

## થરાદના ખેંગારપુરા પાસે એક વ્યક્તિ રેલનદીની વચ્ચે ફસાઈ : સેંકડો લોકોની હાલત કફોડી

**સવારના આઠ વાગ્યાથી થાંભલો પકડીને ચોંટી રહ્યો: મંગળવારની સાંજે ટીમ મોકલાઇ**



વિષ્ણુ દવે

(પ્રતિ.) થરાદ

ગામની એક મહિલાને પ્રસુતીની પીડા ઉપડતાં ગામના સસ્તા અનાજની દુકાનના સંચાલક અને ગામલોકોએ ખાટલાનો તરાપો બનાવી જીવના જોખમે ભોરડુ પીએચસીમાં લઇ ડીલીવરી કરાવી હતી.જે પૈકી વળતાં આવતાં બે વયક્તિ નદીમાં ફસાઇ ગઇ હતી.જે પૈકી એક નિકળી ગયા હતા જયારે બીજી બાર કલાકથી થાંભલાના સહારે ટકી રહી હતી.

થરાદ પંથકને વરસાદે ઘમરોળતાં તાલુકાના ખોડા,વાંમી, હાથાવાડા,ખેંગારપુરા,લોરવાડા,દુધવા,વળાદર,પાવડાસણ અને મહાદેવપુરા તથા ઈઢાટા જેવા ગામોમાં મળીને ૧૦૦ જેટલા લોકો અત્યારે પણ પાણીમાં ફસાઇ રહેલા હોવાના સમાચાર મળ્યાછે.જે પૈકી ટીમ પહોંચે તે પહેલાં મહાદેવપુરા પુલ પર જીપમાં ફસાયેલી નવ વ્યક્તિઓને ગામલોકોએ બચાવી લીધી છે અને તેમણે સરકારી હોસ્પીટલમાં સારવાર પણ લીધી હોવાના બિનસત્તાવાર અહેવાલ પણ મળ્યા હતા.

આ અંગે સુત્રોએ જણાવ્યું હતુંકે થરાદમાં મંગળવારની સાંજે બે ટીમ બીએસએફ અને એક એનડીઆરએફની આવી પહોંચતાં બીએસએફની બંન્નેને વાવ તાલુકામાં અને એનડીઆરએફની ટીમોના બે ભાગ પાડીને એકને ખેંગારપુરા (વાયા કુંભારા વેદલા માર્ગથી) અને બીજીને દીપડા,વળાદર,ખોડા તરફ રવાના કરવામાં આવી હતી.થરાદના વળાદર ગામમાં એક મહિલાને પ્રસુતી હોઈ તાત્કાલિક મદદ મોકલવાની જાણ કરાઇ હતી.જ્યારે તાલુકાના ખેંગારપુરા ગામમાં મહીલાને પ્રસુતીની પીડા ઉપડતાં ગામના સસ્તાઅનાજની દુકાનના

અનુસંધાન પાના નં.૬

## ડીસાના ૨૦ ગામો ભગવાન ભરોશે : બે વર્ષ બાદ ફરીથી કુદરતી થપાટ

**ઘરવખરી, ઢોર-ઢાંખર અને જમીનને વ્યાપક નુકશાન**



ભરત સુંદેશા

ડીસા

ડીસામાં અતિવૃષ્ટિમાં ૨૦ ગામોમાં સંપૂર્ણ તબાહી થઈ જવા પામી છે. ૨૦૧૫ માં પૂરની સ્થિતિમાં સાત જ ગામોમાં ભારે તબાહી સર્જાઈ હતી તેમાંથી માંડ જીવન થાળે પડ્યું હતું. ત્યાં ફરીથી પૂર આવતાં હજારો લોકોની ઘરવખરી, ઢોર-ઢાંખર અને જમીનો પણ ધોવાઈ ગઈ છે. હવે ફરી ક્યારે જીવનની ગાડી પાટે ચડશે તેવો પ્રશ્ન સૌ કોઈના મનમાં છે. ડીસામાં વર્ષ ૨૦૧૫ માં ભારે અતિવૃષ્ટિના કારણે પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી. જેમાં ટેટોડાથી લઈ નાંણીથી લાખણી પંથકના પટ્ટાના ૫૦ થી વધુ ગામો સાવ ધોવાઈ ગયા હતા. હજારો પશુઓ મૃત્યુ પામ્યા હતા. લોકોનું જીવન માંડ થાળે પડ્યું હતું. ત્યાં

અનુસંધાન પાના નં.૬

## વરસાદી આફતમાં ૫ ના મોત

પાલનપુરના તાજપુરા વિસ્તારમાં મન મંદિર સ્કૂલ પાસે એક દીવાલ પડતા બજાણીયા પરિવારના માં- દીકરો દટાઈ ગયા હતા. જેમાં ૩ વર્ષીય બાળક ગણેશભાઈ નટુભાઈ બજાણીયાનું અને માતા શાંતાબેન નટુભાઈ બજાણિયાનું મોત નીપજતાં તેનાં મૃતદેહને પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જયારે કૂંભલમેર ગામમાં વરસાદી વહેણમાં લખુભાઈ સોમાભાઈ વાગડોદા ઉ.૫૫ અને શંકરભાઈ આંટીયા ઉ.૫૨ નામના
બે લોકો તણાઈ જતા તેઓનું મોત નીપજ્યું હતી. જયારે વાસણ(જગાણા) ગામની ભગવતીબેન પ્રવિણભાઈ નાઈ નામની મહિલાનું પણ દીવાલ પડતા મોત નીપજ્યું હતું.

**બે વર્ષ બાદ...**

## મુક્તેશ્વર ડેમના ત્રણ દરવાજા ખોલાયા

**૫૫૫૦ ક્યુસેક પાણીની આવક સામે ૫૫૦૦ ક્યુસેક પાણી છોડાઇ રહ્યું છે**



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

બે વર્ષની લાંબી પ્રતિક્ષા કર્યા પછી આખરે ધાન્ધારના વડગામના મુક્તેશ્વર જળાશયના બે દરવાજા મંગળવાર વહેલી સવારે ૪:૦૦ વાગે ખોલવામાં આવ્યા હતા. આ અંગે મુક્તેશ્વર જળાશય યોજનાના નાયબ કાર્યપાલક ઈજનેર એઆઈ પટેલ, એમ.ઓ. આર.ડી.ચૌધરી પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દાંતા તાલુકો અને અરવલ્લીની ગીરીમાળા(મ) મુશળધાર વરસાદ થતા સરસ્વતી નદીમાં પાણીની આવક ૧૯૯ મીટર થઈ ડેમ ઓવરફલો થતાં મંગળવાર વહેલી સવારે ૪:૦૦ કલાકે મુક્તેશ્વર ડેમના બે દરવાજા ખોલી ૫૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ડેમની કુલ સપાટી ૧૯૯.૭૦ મીટર છે. અને ૫૫૦૦ ક્યુસેક પાણીની આવક છે. વર્ષ ૨૦૧૫ ની ૨૮ જુલાઈના રાત્રે ૯:૦૦ કલાકે ડેમના ચાર દરવાજા ખોલવામાં આવ્યા હતા. ડેમના દરવાજા ખોલતાં મંગળવાર દિવસ દરમ્યાન લોકોની ભીડ જામી હતી. અકબરભાઈ ઘોરી અને સિંચાઈ સ્ટાફના કર્મચારીઓ ટ્રાફિક નિયંત્રણ સહિત અન્ય કામગીરી બજાવી હતી.

## કાંકરેજ તાલુકાના નદી પટ વિસ્તારમાં વરસાદી કહેર : ગામડા ડૂબમાં ને સંપર્ક વિહોણા

**ખારીયા ટોટાણા કાટકોર આંબલીવાસ - થરા - રાણકપુર - ચાંગા - રૂની સહિત આજુબાજુના વિસ્તારમાં બનાસના ઘોડાપુરે ભારે તારાજી સર્જી**



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

રાજસ્થાન - બનાસકાંઠા જિલ્લા પર સર્જાયેલા લો પ્રેશરના કારણે છેલ્લા ચાર પાંચ દિવસથી મૂશળધાર વરસાદ તોફાની પવન સાથે પડી રહ્યો છે. રાજસ્થાનમાં માઉન્ટ આબુ સહિતના વિસ્તારમાં પડેલા ભારે વરસાદના કારણે દાંતીવાડા - સીપુડેમ ઓવરફલો થયેલ અને જેના પાણી બનાસનદીમાં છોડવામાં આવતાં કાંકરેજ તાલુકાના નદી પટ વિસ્તારના ગામડાં સહિત આજુબાજુના ગામોમાં રાત્રીના અંધકારમાં બનાસનદીમાં આવેલા ઘોડાપુરના પાણી ઘુસ્યા હતા. તંત્રને ગામલોકોની સતર્કતા છતાં કેટલાક વિસ્તારના લોકો અતિ વિશ્વાસમાં , ઘોડાપુરનો ભોગ બન્યા હતા. વરસતા વરસાદમાં કાંકરેજ

અનુસંધાન પાના નં.૬

**રાજ્ય મંત્રી સહિત સ્થાનિક નેતાઓ થરા આજુબાજુ પહોચ્યા પણ લાચાર**

રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, કાંકરેજ ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરા, થરા પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોર, સહિત અગ્રણીઓ પરિસ્થિતિનો તાગ મેળવવા પ્રયત્ન કરતા હતા. પણ ધસમસતા પૂર આગળ સૌ કોઈ લાચાર હતા. કાંકરેજ મામલતદાર, પી.એસ.આઈ. થરા, એન.ડી.આર.એફ.ની ટીમ સાથે પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે પ્રયત્ન કરતા જોવા મળ્યા હતા.

## થલવાડા નજીક સરસ્વતી નદીમાં ત્રણ યુવક તણાયા

**તંત્રને જાણ કરવા છતાં કોઈ ન ફરક્યું : સ્થાનિકો દ્વારા શોધખોળ**

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ મંગળવારે સવારે ૪/૦૦ કલાકે મૂકતેશ્વર ડેમના ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા હતા. અને અન્ય ગામોના ખેતરો તથા વ્હોળામાંથી પાણીની આવક વધતાં થલવાડા ગામ નજીક પસાર થતી સરસ્વતી નદીમાં ઘોડાપુર આવ્યું હતું. દરમ્યાને સવારે ૬/૦૦ કલાકે થલવાડા ગામના ત્રણ યુવાનો નદીકાંઠે પાણી જોવા આવ્યા હતા. અચાનક પાણી વધતાં ત્રણે યુવકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમાં બે યુવકોનો કુદરતી રીતે જ ચમત્કારીક બચાવ થયો હતો. પરંતુ હસમુખભાઈ જીવણભાઈ રાઠોડ

અનુસંધાન પાના નં.૬

**જાહેર નમ્ર વિનંતી**



**ગં.સ્વ.જમનાબેન કપુરજી માળી (ભીલડીવાળા) નુ ગંગાપૂજન તથા ગંગા પ્રસાદી મુલતવી રાખવા બાબત**



શ્રી વજેસિંહ કપુરજી માળી તથા સમસ્ત પઢિયાર પરિવારની આપને નમ્ર વિનંતી છે કે, અમારા માતૃશ્રી ગં.સ્વ.જમનાબેન કપુરજી માળી દેવલોક પામેલ છે. તેમની ઘડા વિધિ તા.૨૭/૭/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૧૫ કલાકે રાખેલ છે. તેમજ તે સમયે ગંગાપૂજન તથા ગંગાપ્રસાદી રાખેલ હતી તે અનિવાર્ય સંજોગોના કારણે મુલતવી રાખવામાં આવેલ છે. તો સમસ્ત સગા સંબંધી, માળી સમાજ તેમજ ભીલડી તથા આજુબાજુના ગ્રામજનોની અમે પઢિયાર પરિવારજનો ક્ષમા યાચના માંગીએ છીએ.

નોંધ : રીવાજ મુજબ ઓઢામણી તે દિવસે મુલતવી રાખેલ છે. ગંગાપૂજન - ગંગા પ્રસાદી તેમજ રિવાજ માટે અગાઉથી જાણ કરીશું.

લિ. **વજેસિંહ કપુરજી માળી** તથા સમસ્ત પઢિયાર પરિવાર

**૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?**
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

**શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?**
● માથાનો દુ:ખાવો ● ખેંચ-વાઈ ● લકવો-પક્ષાઘાત ● મગજની ટીબી ● ચક્કર ● ગરદન અને કમરના મણકાની તકલીફો ● યાદશકિત ઓછી થવી ● હાથપગની ધ્રુજારી ● નસોની નબળાઈ ● હાથપગમાં ઝણઝણાટી ● સાયેટીકા
ડૉ. વિશાલ જોગી (D.M.Neurology ન્યુરોફિઝીશીયન)
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર મહિનાના પહેલા અને ત્રીજા બુધવારે મળશે
વિજાપુર - ડિસા ડાયોગ્નોસ્ટિક સેન્ટર
દર શુક્રવારે મળશે
ડીસા-રાજસ્થાન હોસ્પિટલ
ડૉ. કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરી સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા ફોન. ૦૨૭૪૪-૨૨૫૬૨૦

સૂર્યોદય - ૬.૦૭ સૂર્યાસ્ત - ૭.૨૪

## તિથિદર્શન
શ્રાવણ સુદ-૩ બુધવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ : ત્રીજ બુધવાર નક્ષત્ર : પૂર્વફાલ્ગુની રાત્રે ૨૮.૪૦ પછી ઉ.ફાલ્ગુની યોગ: વરીયાન કરણ: વણીજ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) સવારે ૬ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### અગ્ન દગ્ધં જલે મગ્નં હૃતં તસ્કર પાર્થિવઃ તત્ સર્વં દાનામિત્યાહુર્યા દિ કલેવ્યં ન ભાષતે

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છેઃ-

'જે વ્યક્તિ પોતાના ધનનું રક્ષણ કરવા જેટલો સમર્થ નથી અર્થાત્ જે એવી શક્તિશાળી નથી કે પોતાનું ધન સાચવી શકે- તો એવી વ્યક્તિનું ધન જ્યારે અગ્નિમાં બળી જાય, જળમાં ડૂબી જાય કે ચોરો ચોરી જાય કે પછી રાજાઓ (સરકાર કે બાપુઓ બમણાંની લાલચે) લઈ જાય ત્યારે જે માણસ પોતાની નપુંસકતાથી- નબળાઈથી તેનું રક્ષણ ન કરી શકે ત્યારે એણે એમ જ કહેવું પડે કે, એ તો દાનમાં દીધું!

આજકાલ માનવીઓને લોભનું વળગણ થયું છે. ઓછી મહેનતે, પરિશ્રમ વિના એકના બમણાં- તમણાં કે વધારે વ્યાજ આપતી શ્રોફ કંપની કે સહકારી મંડળી જેવી બેન્કો લોભિયાઓની કોણીએ ગોળ ચોંટાડી પરિશ્રમનો - કમાણીનો પૈસો છીનવી લે છે અને ગલ્લા બંધ કરી બેન્કો- કંપનીઓ રાતોરાત વાજાં વીંટી ઉઠી જાય છે. આમ લોકોની માનસિક નબળાઈનો લાભ લઈ ઠગારા- લૂંટારા લૂંટી જાય છે. લોભિયા અને કાળાં નાણાંની આવકવાળા ચોરની જેમ કોઠીમાં મોં રાખી લે છે કારણ કે પોલીસમાં જાય તો 'એ પૈસા આવ્યા ક્યાંથી?' ની તપાસ થાય. આવા અશક્ત લોકો લડી તો શકે નહીં, પછી દાનનો સંકલ્પ કરી ગંગાસ્નાન કર્યા વિના બીજો માર્ગ પણ રહેતો નથી...

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ. અણધાર્યો લાભ મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નિવારી શકશો.**
**મિથુન : (ક.છ.ઘ.) આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.**
**કર્ક : (ડ.હ.) સ્નેહિઓ સાથે મનદુઃખ રહે. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.**
**સિંહ : (મ.ટ.) માનસિક ઉશ્કેરાટ રહે. આરોગ્ય બાબતે જાળવવું.**
**કન્યા : (પ.ઠ.ણ.) નવિન આયોજનો સફળતાથી પાર પડે. પડવા-વાગવાથી સંભાળવું.**
**તુલા : (ર.ત.) મિત્ર વર્ગથી લાભ મળે. સંતાનના આરોગ્ય બાબતે સાવધાની રાખવી.**
**વૃશ્ચિક :(ન.ય. ) પ્રિયજનથી મિલન થાય. વ્યાપાર-વાણિજ્યમાં પ્રગતિકારક દિવસ.**
**ધન : (ભ.ફ.ધ.) કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. વડીલોની મદદથી મહત્વનું કાર્ય પૂર્ણ થાય.**
**મકર : (ખ.જ.) નવિન સમાચાર મળે. મનની મુરાદ પૂરી થાય.**
**કુંભ : (ગ.શ.સ.) ગૃહવિવાદ, માનસિક અશાંતિ અને વ્યર્થ ચિંતા રહે.**
**મીન : (દ.ચ.જ.થ.) પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનવું પડે. આર્થિક સમસ્યા હળવી બને.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ભારતની ક્રાન્તિના પિતા સમાન લોકમાન્ય બાળગંગાધર ટિળકની જન્મ જયંતી છે. 'સ્વરાજય એ મારો જન્મસિધ્ધ હકક છે' એ ઐતિહાસિક વિધાન દ્વારા એમણે રાષ્ટ્રવ્યાપી ભાવનામંત્ર આપ્યો.

આવા આ રાષ્ટ્રનાયકનો જન્મ મહારાષ્ટ્રના ચીખલી ગામે તા. ૨૩-૭-૧૮૫૬ ના રોજ થયો હતો. આ રાષ્ટ્રઘડવૈયાનું તા. ૧-૮-૧૯૨૦ ના રોજ અવસાન થયું.


**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬



**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**


# માઉન્ટ આબુમાં જનજીવન અસ્તવ્યસ્ત





પાલનપુર

ગુજરાતીઓના પ્રિય ટુરિસ્ટ સ્થળ માઉન્ટ આબુમાં બારે મેઘ ખાંગા થયા છે. છેલ્લા ૪૮ કલાકમાં માઉન્ટ આબુમાં રેકોર્ડ તોડ ૬૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેના કારણે ટુરિસ્ટો અને સ્થાનિકો લોકો મુશ્કેલીમાં મુકાયા છે. જ્યારે માઉન્ટ આબુમાં છેલ્લા ૬૦ વર્ષમાં આટલો વરસાદ પડ્યાનો કોઈ રેકોર્ડ નથી. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આબુમાં કદાચ પહેલી વાર આટલો ધોધમાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના કારણે આબુના રસ્તાઓ જાણે નદી બન્યા હોય તેમ તેના પરથી પાણીનો પ્રચંડ પ્રવાહ વહી રહ્યો હતો. ભારે વરસાદને કારણે લાઈટો અને રસ્તાઓ બંધ થઈ ગયા છે. જ્યારે આબુ રોડથી ઉપર જવા માટે રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે.

છેલ્લા ૪૮ કલાકમાં માઉન્ટ આબુમાં ૬૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેના કારણે માઉન્ટ આબુમાં પ્રવાસીઓને જતાં અટકાવવામાં આવ્યા છે અને જે લોકો ફસાયેલા છે તેમને નીચે મોકલવામાં આવી રહ્યા છે. માઉન્ટ આબુને રેલવે સ્ટેશન સાથે કનેક્ટ કરતો ૨૮ કિલોમીટર લાંબો રસ્તો પણ ઠેર-ઠેર ધોવાઈ ગયો છે. આબુના સ્થાનિક લોકોને પણ ભારે વરસાદના કારણે ઘણા મુશ્કેલી ભોગવી પડી રહી છે. છેલ્લા બે દિવસથી અહી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદને કારણે તળાવો અને જળાશળો ઓવરફ્લો થઈ ગયા હતાં.

વરસાદના કારણે કેટલીક જગ્યાએ ભેખડો ધસી પડ્યાની ઘટના પણ બની છે, જોકે તેમાં કોઈ જાનહાની થયાના અહેવાલ નથી. સ્થિતિ પર સ્થાનિક તંત્ર પણ ચાંપતી નજર રાખી રહ્યું છે. પ્રવાસીઓથી ધમધમતા રહેતા એવા આબુમાં ભારે વરસાદના કારણે સોપો પડી ગયો છે. સમગ્ર આબુના માર્કેટ્સ તેમજ દુકાનો સજ્જડ બંધ છે. સ્કૂલો પણ વરસાદના કારણે બંધ કરી દેવાઈ છે.

# થરાદનું ઘેસડા અને કરણપુરા ગામ સંપર્ક વિહોણું

### બંન્ને ગામોના ૬૬ કુંટુબોને સલામત સ્થળે ખસેડાયા


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ઘેસડા અને કરણપુરા ગામમાં ભારે વરસાદના કારણે બંન્ને ગામોના ૬૬ કુંટુંબોને ગામના સરપંચ અને ગ્રામજનો દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.ગામમાં ભારે વરસાદના કારણે જમીનને પણ નુકશાન થવા પામ્યું હતું.

બનાસકાંઠના સરહદી થરાદ પંથકમાં ભારે વરસાદના કારણે અસંખ્ય ગામોમાં જનજીવન ભારે બેહાલ બનવા પામ્યું છે.તાલુકાના અન્ય ગામોની જેમ ઘેસડા અને કરણપુરા ગામ ભારે વરસાદના કારણે મંગળવારે સંપર્ક વિહોણું બનવા પામ્યું હતું.ઘેસડા કરણપુરા ગૃપ ગ્રામપંચાયતના સરપંચ જેતસીભાઈ વાઘાભાઈ પટેલે જણાવ્યું હતુંકે કરણપુરામાં ૨૭ કુંટુંબો અને ઘેસડામાં ૩૯ કુંટુબોનું શાળાના મકાન અને અન્ય સ્થળોએ સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું.જોકે ભારે વરસાદના કારણે કરણપુરાના ત્રણ પરીવારો બેઘર બનવા પામ્યા હતા.ગામની જમીન ધોવાણના કારણે કોતરોમાં ફેરવાઇ જવા પામી હતી.ભારે વહેણના કારણે ખેતીની જમીનમાં મોટામોટા ખાડા પડવા પામ્યા હતા.તથા ગામમાં કરેલી દાડમ અને ખારેકની બાગાયતી ખેતીને પણ ભારે નુકશાન થવા પામ્યું હતું.જ્યારે ચોમાસુ ખેતી બાજરી,જુવાર અને ગવાર સહિતની ખેતીપાકો સંપુર્ણ ફેલ થવા પામ્યા હતા.

# બુદ્ધિજીવી બનીને માર ખાધો હવે પ્રભુજીવી બની જીવન સફળ કરીએ : રાજરક્ષિતવિજયજી મ.

ડીસા

''સંપત્તિ ધનવાન બનાવે, ભક્તિ ભગવાન બનાવે'' શ્રીવાસુપૂજ્ય જિનાલય- શ્રી મહાવીર સોસાયટીમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં પ્રભુ મિલનનો વિશિષ્ટ કાર્યક્રમ ઉલ્લાસભેર સંપન્ન થયો હતો. સુંદર ડેકોરેશન તથા સંગીતના માહોલમાં પ્રભુભક્તો મન મુકીને નૃત્ય ભક્તિ કરી હતી. ગૌતમ ટ્રેડીંગ-પ્રકાશભાઈએ પરમાત્માને પુષ્પહાર ચઢાવ્યો હતો.

પ્રભુમિલન પ્રસંગે સેંકડો પ્રભુ ભક્તોને સંબોધન કરતાં પંન્યાસશ્રી રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે જીવન મેચમાં પ્રભુને કેપ્ટન સ્થાને સ્થાપવાને બદલે બારમા ખેલાડી તરીકે સ્થાન આપીને આપણે ગંભીર ભૂલ કરી છે. આપણી નાલેસી ભરેલ હાર નિશ્ચિત છે. હવે આ ભૂલને સુધારી લો. અર્જુને મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણને લગામ સોંપી તો જ્વલંત વિજય થયો, મેઘકુમારે જીવનરથની લગામ પ્રભુવીરેને સોંપી તો અવળા પાટે દોડતો રથ રાજપથ ઉપર સડસડાટ દોડતો થયો.. આપણે બુદ્ધિજીવી બનીને ખૂબ જ નુકશાન કર્યું. હવે પ્રભુજીવી બનીને જીવન સફળ કરીએ.

જૈનમુનિએ કહ્યું કે, આપણા માટે સૌથી વિકરાળ પ્રશ્ન મોંઘવારી મંદી કે જી.એસ.ટી.નો નથી પરંતુ પરલોકે જન્મ ક્યાં? વર્તમાનકાળના લાખ પ્રશ્નો આંખ બંધ (મોત) થતાં સોલ્વ થઈ જશે. પરંતુ પરલોકે કઈ ગતિ પ્રાપ્ત થશે? ચાર ધામની યાત્રા માટે તૈયારી કરનારા આપણે પરલોક યાત્રા માટે કેટલી તૈયારી કરી?? ઝાંકળનું ટીપું. સૂર્યનો ઉદય થાય ત્યાં સુધીમાં નાશ પામી જાય પણ જો દરિયામાં ભળી જાય તો અક્ષય બની જાય. કોઈપણ તેનો નાશ ન કરી શકે. તે પ્રમાણે પાણીના બિંદુ જેવા આપણે પરમાત્મારૂપી સમુદ્રમાં ભળી જઈએ તો સ્વયં પરમાત્મા બનીને જ રહે છે.

### રાજ્યસભાની બેઠકને લઇને કોંગ્રેસ તૈયાર

# સમર્થકો વચ્ચે અહેમદ પટેલ આજે ઉમેદવારી નોંધાવશે

અમદાવાદ

કોંગ્રેસના રાષ્ટ્રીય સલાહકાર અને રાજયસભાની બેઠક માટે ગુજરાતના કોંગ્રેસના ઉમેદવાર એહમદ પટેલ આવતીકાલે સવારે ૧૧-૩૦ વાગ્યે તેમનું ઉમેદવારીપત્રનું ફોર્મ ભરવા જશે. એહમદ પટેલ આવતીકાલે સવારે ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને સમર્થકોની હાજરીમાં ગાંધીનગર વિધાનસભા ખાતે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે. રાજયસભાની બેઠકની ચૂંટણી તા.૮મી ઓગસ્ટે યોજાનાર છે ત્યારે આ ચૂંટણીને લઈને ગુજરાતના રાજકારણમાં પણ ગરમાવો આવી ગયો છે. દરમ્યાન રાજયસભામાં ગુજરાતની કુલ ત્રણ બેઠકો ખાલી થઈ રહી છે, જેમાં કોંગ્રેસની એક બેઠક પર એહમદ પટેલની ટર્મ પૂર્ણ થઈ રહી છે, તો ભાજપની બેઠક પર સ્મૃતિ ઈરાની અને દિલીપ પંડયાની ટર્મ પતી રહી છે. આ સંજોગોમાં રાજયસભાની ખાલી પડનારી બેઠક માટે કોંગ્રેસે પોતાના ઉમેદવાર તરીકે તેમના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા એહમદ પટેલને રિપીટ કર્યા છે. તો ભાજપ પણ સ્મૃતિ ઈરાનીને રિપીટ કરી રહી છે. જયારે દિલીપ પંડયાના વિકલ્પમાં કોને ઉતારવા તેની ગંભીર કવાયત ચાલી રહી છે. બીજીબાજુ, આવતીકાલે સવારે કોંગ્રેસના રાજયસભાના ઉમેદવાર એહમદ પટેલ પોતાની ઉમેદવારી નોંધાવવા ગાંધીનગર જવાના છે. તેમની સાથે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો તેમ જ કોંગ્રેસપક્ષના સમર્થકો અને ટેકેદારો પણ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહેશે. તાજેતરમાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોએ ક્રોસવોટીંગ કર્યું હોવાથી હવે રાજયસભાની બેઠકની ચૂંટણી વખતે પણ કયાંક આ રીતે કાચુ ના કપાય તેની પક્ષે બહુ ગંભીર નોંધ લીધી છે અને કોંગ્રેસ પક્ષ દ્વારા રાજયસભાની બેઠકના મતદાન માટે તમામ ધારાસભ્યોને ચોક્કસ વ્હીપ આપવામાં આવશે અને આ વ્હીપનો અનાદર કરનારા સામે પક્ષમાંથી છ વર્ષ સુધી સસ્પેન્ડ કરવા સહિતની કાર્યવાહીની લટકતી તલવાર છે, તેથી ધારાસભ્યો પણ આ વાતને હળવાશથી નહી લે તે નક્કી છે.

### દિયોદર પંથકમાં વરસાદી કહેર...

# ગોદા નજીક કેનાલ તૂટતાં ૩૦-૩૫ ફસાયા - એસ.આર.પી. ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન

તા.પ્રતિ. દિયોદર

દિયોદર પંથકમાં છેલ્લા ચાર દિવસથી મેઘમહેર થઈ રહી છે. છેલ્લા ચાર દિવસમાં ૨૭ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ત્યારે સિઝનનો સૌથી વધુ ૪૧ ઈંચ વરસાદ થવા પામેલ છે. જેના પગલે આ પંથકમાં તારાજીના દ્રશ્યો સર્જાયા છ. જેમાં ગતરોજ કાંકરેજ તરફથી આવતી ગોદરા - ઓગડપુર મુખ્ય કેનાલમાં ગોદા નજીદીક કેનાલની બંને તરફ ગાબડાં પડતાં મધરાતે પ્રજા ભયભીત થઈ જવા પામેલ અને લોકોને બહાર નીકળવું મુશ્કેલ થઈ જવા પામેલ અને આ વિસ્તારમાં ૬ થી ૮ ફુટ પાણી ભરાઈ જતા અનેક લોકો ફસાઈ જવા પામેલ બે યુવાનો પાણીના ટાંકા ઉપર ચડી જવા પામેલ તેમજ અનેક પરિવારો જેઓ ખેતરમાં આવેલ મકાનના ધાબા ઉપર ચડી જતાં બચી જવા પામેલ જેમને ૧૨ કલાક બાદ વહીવટી તંત્ર દ્વારા એસ.આર.પી.ની ટીમ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન કરી બચાવવામાં આવેલ.

દિયોદર નજીક ગોદા ગામે આજે સવારથીજ ફસાયેલા લોકો પૈકી ૨૦ જેટલા વ્યક્તિઓને સ્થાનીક તરવૈયાની મદદથી બચાવી લેવામાં આવેલ જ્યારે બાકીના લોકો ફસાતાં રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ પ્રાંત અધિકારી એન.ડી.ચૌહાણ મામલતદાર ભરતભાઈ કાનબાર સહિતને જાણ થતાં આ લોકોને બચાવવા માટે હેલીકોપ્ટર અથવા હોડી દ્વારા જ બચાવી શકાય તેમ હોઈ ઉપર જાણકારી આપતાં બપોરે ૨ વાગ્યા આસપાસ એસ.આર.પી.ની ટીમ આવી સૌ પ્રથમ પાંચ વ્યક્તિઓ અંદર ઉતરી જે વ્યક્તિઓ ફસાયેલા હતા તેમને સૌને એક ઠેકાણે ભેગા કરી ફુટ પેકેટ આપેલ ત્યારબાદ આવેલ હોડીની મદદથી આ તમામ લોકોને બચાવી લેવામાં આવેલ. જોકે હોડકુ પણ સાંજે ૪ વાગે આવતાં લોકોની ધીરજ ખૂટી જવા પામેલ એસ.આર.પી.ની ટીમને વહીવટી તંત્ર દ્વારા પૂરતી સામગ્રી ફાળવાયેલ ન હોઈ ટીમ આવ્યા બાદ પણ - બે ત્રણ કલાકનો સમય વિતાવવો પડેલ અને અંધારૂ થઈ જતાં બેટરીઓની મદદ લેવી પડેલ અને મોડી રાત સુધી રેસ્ક્યુ ઓપરેશન ચાલુ રાખવું પડેલ.


અશોક શેઠ

# થરાદના લોરવાડામાં સાત લોકો પાણીમાં ફસાયા


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકામાં વરસાદ અને પુરના કારણે અનેક ગામો બેટમાં ફેરવાયા છે ત્યારે લોરવાડા ગામના સાત લોકો જેમાં રાજપુત રતાભાઈ બેચરાજી, વજીર ગણેશાભાઈ ધનાભાઈ, પટેલ નાગજીભાઈ ગણેશભાઈ, જાડેજા પીરજીભાઈ વાઘણસિંહ (તેમના ભાણીયા), પટેલ જેતશીભાઈ ગણાભાઈ, પટેલ રોમરામભાઈ ગણાભાઈ, પટેલ શંકરભાઈ નાગજીભા પાણીમાં ફસાયા છે. માણસોના કુંટુંબોને તાત્કાલિક બચાવવા સત્તાવાળાઓને જણાવવામાં આવેલ.


વિષ્ણુ દવે

થરાદ પંથકમાં છેલ્લા પાંચ દિવસથી પડી રહેલા અવિરત વરસાદના કારણે થરાદ પાસેની નર્મદાની મુખ્ય નહેરમાં ગાબડાં પડવા પામ્યા હતાં.જ્યારે રોડની સાઈડો પણ ધોવાઈ ગઈ હતી.પરિણામે વિજથાંભલા પણ તારના ટેકાથી પડતા લટકેલા જોવા મળ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છેકે થરાદ ને જોડતા તમામ માર્ગો બંધ થાય ત્યારે એકમાત્ર દિયોદર કે ભાભર થી આવવા માટે નર્મદા નહેર રોડ આશિર્વાદરૂપ બની રહે છે.

# સ્વામીજીની સેવા


કમલ ચક્રવર્તી

ગોતરકાની ઐતિહાસિક સ્વામીજીની જગ્યાના ગાદીપતિ મહંત સ્વામીજી મહારાજ સાચા અર્થમાં પુરગ્રસ્તોની વહારે આવ્યા હતા. સ્વામીજીની જગ્યામાં ૨૫૦૦ ફેડપેકેટ અને ૨૫૦ લીટર દૂધ તૈયાર કરીને પહોચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ખુદ સ્વામીજી મહારાજ પણ પુરગ્રસ્તોની મુલાકાતે ગયા હતા અને હૃદયપૂર્વક સાંત્વના આપી હતી. જેનાથી લોકોમાં રાહતની લાગણી થઈ હતી.

# રાજયના કોન્ટ્રાકટર્સની હડતાળ આખરે મુલત્વી

અમદાવાદ

ગુજરાત રાજયના તમામ કોન્ટ્રાકટર્સની હડતાળ તા.૫મી ઓગસ્ટ સુધી મોકૂફ રાખવામાં આવી છે. ગુજરાત સરકાર તરફથી કોન્ટ્રાકટર્સની માંગણીઓ સંદર્ભે મળેલી હૈયાધારણ અને હાલની અતિવૃષ્ટિ અને પૂરની પરિસ્થિતિમાં જાહેર રસ્તા, પુલ તથા મિલકતોને પારાવાર નુકસાન થયું છે અને પ્રજા ભારે હાલાકી ભોગવી રહી છે તે વિકટ સંજોગોને ધ્યાનમાં લઈને ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી તેમની અચોક્કસ મુદતની હડતાળ તા.૫મી ઓગસ્ટ સુધી મુલત્વી રાખવાનું નક્કી કરાયું છે અને રાજયના તમામ કોન્ટ્રાકટરોને તેમના કામો ચાલુ કરી દઇ તેમાં લાગી જવા સૂચના અપાઇ છે. રાજયભરના કોન્ટ્રાકટરોની હડતાળ હાલ પૂરતી સમેટાતા હવે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રોડ, રસ્તા, હાઈવે અને પુલોના સમારકામ અને રીસરફેસના કામો ધમધમતા થશે.આ અંગે ગુજરાત રાજય કોન્ટ્રાકટર્સ એસોસીએશનના પ્રમુખ અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજયના તમામ જિલ્લા કોન્ટ્રાકટર્સ એસોસીએશનના હોદ્દેદારોની એક મહત્વની બેઠક રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાથે તા.૨૪-૭-૨૦૧૭ના રોજ યોજાઇ હતી. જેમાં માર્ગ અને મકાન વિભાગના સચિવ એસ.બી. વસાવા તથા મુખ્ય ઈજનેર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા અને કોન્ટ્રાકટરોના પ્રશ્નો અંગે લગભગ ત્રણેક કલાક સુધી લંબાણપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. ગુજરાત સરકાર તરફથી તા.૫મી ઓગસ્ટને રાજ મળનારી જીએસટી કાઉન્સીલની મીટીંગમાં જાહેર બાંધકામના કામોમાં ૧૮ ટકા જીએસટી દર ઘટાડવા અંગે અને ચાલુ કામોમાં કપાત જૂના ટેક્ષના દર ચાલુ રહે તેવી દરખાસ્ત કરવામાં આવેલ છે. વર્ક કોન્ટ્રાકટ પરનો જીએસટી દર ઘટવાની શકયતા છે, અન્યથા સરકાર આ મુદ્દે યોગ્ય નિર્ણય લેશે. આ હૈયાધારણ બાદ રાજય સરકાર તરફથી કોન્ટ્રાકટરોને તેમની હડતાળ ત્યાં સુધી મુલત્વી રાખવાનો અનુરોધ કરાયો હતો. સરકાર તરફથી રોયલ્ટી અને અન્ય પડતર પ્રશ્નો પૈકી મોટાભાગના પ્રશ્નોમાં સરકારે સંમતિ દર્શાવી છે.

# કેન્સર જાગૃતિ અંગેની સાયકલ રેલીનું આજે મહેસાણા ખાતે આગમન થશે

ડીસા

તારીખ ૨૭ જુલાઈ ગરદનના વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે નારાયણા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ અમદાવાદ દ્વારા ઉદયપુરથી અમદાવાદ સુધી સાયકલ રેલીનું આયોજન કરાયું છે જેનું તા. ૨૦ જુલાઈના રોજ ઉદપુરના રાજસમંદ ખાતેથી પ્રસ્તાન થયું હતું. જે ગત રોજ શિરોહી-પાલનપુર થઈને આજે મહેસાણા ખાતે આવી પહોંચશે. આ રેલીનું ઉદ્દેશ તમાકુ વિરોધી તેમજ કેન્સરની જાગૃતિ અંગેનો છે. આજે મહેસાણા ખાતે આ સાયકલ રેલીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ આ રેલી અમદાવાદ જવા રવાના થશે..

# શંકરસિંહને બ્લેકમેઇલ કરાશે તો કોંગ્રેસ બાપુના પડખે રહેશે

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસમાંથી વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ પક્ષ સાથેનો છેડો ફાડયા બાદ પ્રદેશ કોંગ્રેસની મહત્વની કારોબારીની બેઠક મળી હતી. જેમાં કેટલાક મહત્વના ઠરાવો પસાર કરાયા હતા. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, જે રીતે બાપુએ પક્ષમાંથી છેડો ફાડયો છે તે જોતાં ભાજપ દ્વારા કદાચ શંકરસિંહ વાઘેલાને બ્લેકમેઈલ કરાતા હોય તેવું બની શકે પરંતુ જો તેવું હશે તો તેવા સંજોગોમાં પણ કોંગ્રેસ બાપુની પડખે રહેશે. બીજીબાજુ, રાજયમાં સર્જાયેલી અતિવૃષ્ટિ અને પૂરની વિકટ પરિસ્થિતિમાં તમામ જિલ્લા કક્ષાએ કોંગ્રેસ કાર્યકરોને રાહત અને બચાવ કામગીરીમાં લાગી જવા પક્ષ તરફથી સૂચના આપી દેવાઇ છે અને કાર્યકરો લોકોની સેવામાં લાગી ગયા છે. ગેહલોતે વધુમાં ઉમેર્યુ કે, શંકરસિહ વાઘેલાની મુખ્ય ત્રણ માંગણીઓ હતી કે, એક તો તેમને ગુજરાતના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે, બીજું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખને હટાવવામાં આવે અને રાજયની વિધાનસભા ચૂંટણીઓ માટે જે કોઈપણ ઉમેદવાર નક્કી કરાય તે તેમની સંમંતિ મુજબ જાહેર કરાય..જો કે, બાપુની આ માંગણીઓ પક્ષ માટે અસ્થાને હતી કારણ કે, દેશના કોઈપણ રાજયમાં કોંગ્રેસના કોઈપણ સિનિયર નેતા આવી માંગણીઓ કયારેય થઇ નથી અને તેથી તે ગ્રાહ્ય રાખવાનો કોઇ પ્રશ્ન ન હતો.તેમણે એમપણ જણાવ્યું કે, બાપુનો એપીસોડ સીબીઆઇ અને ઈડીના દબાણવશ સર્જાયો હોય અથવા તો, જો કેન્દ્ર સરકાર ઈડી કે, સીબીઆઇ મારફતે શંકરસિહ પર ખોટા કેસ કરશે તો પણ કોંગ્રેસ બાપુની પડખે રહેશે.દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ધારાસભ્યોની બેઠકમાં બાપુએ રાજીનામુ આપ્યુ હોઈ તેમને આમંત્રણ આપવામાં આવ્યું નથી, બાકી, તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા સહિતના તમામ ધારાસભ્યોને આજની બેઠકમાં ઉપસ્થિત રહેવા અંગેનું સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યું જ છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર કે જીગ્નેશ મેવાણી જેવા યુવા નેતાઓને કોંગ્રેસ ચૂંટણી ટાણે પક્ષમાં આવકારશે કે કેમ? એ મતબલના એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં સોલંકીએ ઉમેર્યું કે, આ યુવા નેતાઓ માટે કોંગ્રેસનો વિકલ્પ હંમેશથી ખુલ્લો રહ્યો છે. જે કોંગ્રેસમાં આવવા માંગતા તે તમામ માટે કોંગ્રેસના દ્વાર ખુલ્લા છે.

દરમ્યાન રાજયમાં ખાસ કરીને બનાસકાંઠા, સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની પરિસ્થિત અને અતિવૃષ્ટિને લઇ પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ આજે સવારે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે વાતચીત કરી હતી અને તેમણે પૂરગ્રસ્ત વિસ્તારના લોકો માટે ભારે સંવેદના વ્યકત કરી હતી અને અસરગ્રસ્તો માટે રાહત અને બચાવ કામગીરીમાં લાગી જવા નિર્દેશ આપ્યા હતા. જેના અનુસંધાનમાં રાજયના તમામ જિલ્લાએ કોંગ્રેસ કાર્યકરો અને સમર્થકોને પૂરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તોની રાહત અને બચાવ કામગીરીમાં લાગી જવા સૂચના અપાઇ છે અને તેઓ આ સેવામાં લાગી પણ ગયા છે. આજની કારોબારીની બેઠકમાં પ્રદેશ કોંગ્રેસની આજની કારોબારીની બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય સલાહકાર એહમદ પટેલ અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત હાજરી ઘણી સૂચક હતી.

# રાધનપુર પંથકમાં બનાસના પાણીએ વિનાશ વેર્યો

**રાધનપુર મહેસાણા સ્ટેટ હાઈવે બંધ બનાસ નદીના પાણી ધસમસી રહ્યા છે : રાધનપુર તાલુકાના નદી કાંઠાના ગામોની હાલત કફોડી, ફુડપેકેટ પહોંચી ના શક્યા**







કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુર પંથકમાં ભારે વરસાદને કારણે નહી પણ સીપુ ડેમના દરવાજા ખોલતા બનાસ નદીના ધસમસતા પાણી આવતા નદી રાધનપુરથી સમી થઈને લગભગ એકથી દોઢ કિલોમીટર માર્ગ ઉપર વહેતા હોઈ સ્ટેટ હાઈવે બંધ થઈ જવા પામ્યો છે. અને પોલીસ બંદોબસ્ત મૂકી દઈને વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી હતી. જેથી કોઈ જાનહાનિ ના સર્જાય પોલીસ અને એસ.આર.પી.ની ટીમે રાપરિયા હનુમાન મંદિર તેમજ અન્ય વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખેસડી દીધા હતા. બનાસ નદીના પાણી મહેસાણા હાઈવે ઉપર થઈને આઈ.ઓ.સી.એલ. કોલોની સુધી આવી જતા કોલોનીમાં રહેતા લોકો અધિકારીઓ અને કર્મચારીઓ ફટાફટ સલામત સ્થળે ખસી ગયા હતા. ત્યાબાદ બનાસ નદીના પાણીમાં આખી કોલોની ઘેરાઈ જવા પામી હતી.

બીજી બાજુ બનાસ નદીના ફુંફાડા મારતા પાણીના કારણે તાલુકાના દેલાણા, ગોતરકા, અરિયાણા, પેદાશપુરા, કરશનગઢ, બિસ્મીલ્લાગંજ, ગડસઈ, સવિયાણા સહિતના ગામોમાં પાણી ઘુસી જતા આ ગામોના લોકો હાલત કફોડી બની હતી કેટલાક ગામોમાં તો ફુપેકેટ પહોચાડી શકે તેવી હાલત રહી ન હતી. રાધનપુર શહેરમાં ગાંધીચોકમાં આવેલી મોતીલાલ ડિસ્પેન્સટી બંધ હાલતમાં હતી. ભારે વરસાદને કારણે તેની એક પચાસ ફુટ લાંબી દિવાલ ધસી પડતા બાજુમાં જ આવેલી વીજતંત્રની ડી.પી. કડડભૂસ થઈને ધારાશયી થઈ જવા પામી હતી. અને ડી.પી.ના થાંભલાના ટુકડે ટુકડા થઈ જવા પામ્યા હતા. રાત્રે દોઢ વાગે ડી.પી. પડી હોવાથી કોઈ જાનહાનિ થઈ ન હતી.

અનુસંધાન પાના નં.૬

### ગોખાંતર ગામડીમાં બસ્સો ફસાયા

સાંતલપુર તાલુકાના ઈન્ચાર્જ મામલતદાર ભીખાભાઈ પટેલના જણાવ્યા મુજર ગોખાંતરની ગામડીમાં બસ્સો લોકો ફસાયા હતા. અને ધસમસતા પાણી હોવાથી સાદી બોટ લઈને બચાવવા તા ગામડીના લોકોએ આવવાની ના પાડી દીધી હતી. કારણ કે પાણી પણ ઉંડા હતા. જેથી એન.ડી.આર.એફ. ની ટીમને મશીનવાળી બોટ સાથે બોલાવાયા હતા. તેમના જણાવ્યા મુજબ તેમના હાથ નીચે એન.ડી.આર.એફ.ની બે ટીમો અને એસ.આર.પી.ની એક ટીમ ફાળવાઈ હતી.

### મસાલી-શબ્દલપુર વચ્ચે બે પરિવાર ફસાયા

મસાલી ગામના અગ્રણી અને શિક્ષક બાબુભાઈ સોલંકીના જણાવ્યા મુજબ મસાલી અને શબ્દલપુરા ગામો વચ્ચે ખેતરમાં ઢાળીયુ બનાવી રહેતા મુળજીભાઈ ગાંડાભાઈ સોલંકી અને ચેલાભાઈ ગણેશભાઈ સોલંકીના બે પરિવારો બનાસ નદીમાં પાણી આવતા સોમવારથી જ ફસાઈ ગયા હતા. જેઓ ખેતરમાં બનાવેલ છાપરાના પતરા ઉપર ચડી ગયા હતા. તેમના બચાવવા હેલિકોપ્ટર આવ્યું હતું. પરંતુ ગમે તે કારણોસર પરત ચાલ્યુ ગયું હતું.

# રેલ ટ્રેક ધોવાતા રેલવ્યવહાર ખોરવાયો, વિજ પુરવઠો બંધ...



સુરેશ અગ્રવાલ





## છાપી-વડગામમાં બે કલાકમાં પાંચ ઈંચ વરસાદથી તારાજી

પ્રતિનિધિ છાપી

સમગ્ર ઉત્તર ગુજરાત સહિત બનાસકાંઠામાં મેઘતાંડવ સર્જાવા સાથે વડગામ તાલુકામાં સોમવારની સાંજે બે કલાકમાં આઠ ઈંચ વરસાદ ખાબકતાં તાલુકામાં મોટા પ્રમાણમાં તારાજી સર્જાયાની વિગતો સાંપડી રહી છે.સાથે અનેક નદી નાળા ભયજનક સપાટી વટાવી વહી રહ્યા છે.

છાપી સહિત વડગામ તાલુકામાં ભારે મેઘ તાંડવના કારણે છાપી સાથેનો તમામ વ્યવહાર ખોરવાતાં છાપી સંપર્ક વિહોણું બનવા સાથે અનેક મકાનોમાં પાણી ઘુસવાની ઘટનાઓ સામે આવી છે.જ્યારે તાલુકાના ચિત્રોડા, શેરપુરા(મ), નિજામપુરા, ભરકાવાડા છાપી સહિતના અનેક ગામોમાં મકાનો તેમજ દિવાલો ધરાશાયી હોવાનું જાણવા મળે છે.તાલુકામાં આકાશમાંથી કહેર વરસતાં ખેતરોમાં ભારે ધોવાણ થતાં ભારે નુકશાન થયું હોવાનું જાણવા મળે છે.તાલુકામાં ઠેર ઠેર જલપ્રલય સાથે પૂર જેવી પરિસ્થિતિ નિર્માણ પામી હોવાનું જાણવા મળે છે.છાપીની મોટી મસ્જીદ લાટીબજાર તેમજ હાઈવે ઉપર વસતાં પરિવારો વરસાદી કહેરમાં બેહાલ બન્યા છે.

અનુસંધાન પાના નં.૬

### ડાલવાણામાં એક કિશોર તણાયો

વડગામના ડાલવાણા ગામે સરસ્વતી નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં એક કિશોર તણાઈ જતાં તેને શોધવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવ્યાની જાણકારી વડગામ મામલતદાર પંચાલ દ્વારા આપવામાં આવી હતી.

### છાપી તળાવ ફાટતા કાર તણાઈ

છાપી એપ્રોચ રોડ ઉપર આવેલ આનંદનગર પાસેનું તળાવ ફાટતા નાળા ઉપરથી પસાર થતી કાર ધસમસતા પાણીમાં તણાઈ ગઈ હતી. જોકે કાર સવારનો આબાદ બચાવ થયો હતો.કાર અડધો કિ.મી.દુરથી મળી આવી હતી.

### રેલ ટ્રેક ધોવાતા વ્યવહાર બંધ

છાપી અને મજાદર વચ્ચે ફરી એકવાર રેલટ્રેકની નીચે પોલાણ થવા સાથે ટ્રેક ધોવાતા અમદાવાદ-આબુરોડ વચ્ચે ટ્રેન વ્યવહાર બાર કલાક સુધી બંધ કરાયો હતો.જોકે મંગળવાર સવારે પુનઃશરૂ કરવામાં આવ્યો હતો.

### જ્યોતિનગરમાં ૫૦ નું સ્થળાંતર

છાપી જ્યોતિનગરમાં વસતાં નવ પરિવારના ઘરમાં પાણી ઘુસવા સાથે મકાનો ધરાશાયી થતાં છાપી ગ્રામ પંચાયત દ્વારા તમામ નવ પરિવારના પચાસ અસરગ્રસ્તોને જ્યોતિનગર પ્રાથમિક શાળામાં આશરો આપી જમવા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ડીસામાં પૂર અસરગ્રસ્તોને બનાસ ડેરી દ્વારા વિના મૂલ્યે દૂધનું વિતરણ

**દૂધના પાઉચ અસરગ્રસ્તો સુધી પહોંચાડાયા**





ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં આવેલ ભારે પુર પ્રકોપના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન અસ્ત વ્યસ્ત થઈ જવા પામ્યું છે.ત્યારે અસરગ્રસ્તોની મદદ માટે બનાસ ડેરીએ પૂર અસરગ્રસ્તો માટે વિના મૂલ્યે દૂધ ફાળવવામાં આવ્યું હતું.જેથી ડીસા માર્કેટયાર્ડના કર્મચારીઓ દ્વારા ડીસા શહેરના અસરગ્રસ્તોને ઘરે ઘરે જઈ દૂધનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા તેમજ રાજસ્થાનમાં થયેલ ભારે વરસાદના કારણે સીપુ અને દાંતીવાડા જળાશય ઓવરફ્લો થતાં અનેક ગામોમાં જનજીવન અસ્ત વ્યસ્ત થઈ જવા પામ્યું છે.જ્યારે સીપુ અને દાંતીવાડા જળાશયના દરવાજા ખોલાતા બનાસ નદીમાં ઘોડાપુર આવતા ડીસા શહેરના અનેક નીચાણવાળા વિસ્તારના લોકોને મદદરૂપ થવા સરકારની સાથે સાથે અનેક સંસ્થાઓ પણ આગળ આવી છે.ત્યારે ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી દ્વારા

અનુસંધાન પાના નં.૬

# આસેડાનું તળાવ 'ઓવરફ્લો'



ચેતન શ્રીમાળી

## ૫૦ લોકોનું સ્થળાંતર

પ્રતિનિધિ આસેડા

ડીસા તલુકાના આસેડા ગામનું તળાવ ઓવરફ્લો થતા ગામમાં વરસાદી પાણી ફરી વળ્યું હતું. તેથી વરસાદી પાણીમાં ફસાયેલા ૧૪ પરિવારના ૫૦ થી વધુ લોકોને બહાર કાઢી પ્રાથમિક શાળામાં આશરો આપવામાં આવ્યો હતો.

સરપંચ અને આરોગ્ય વિભાગની ટીમ ખડેપગે રહી હતી. હાલમાં વરસાદ ચાલુ છે અને દાંતીવાડા નહેરમાં ભરપુર પાણી આવ્યું છે. તેથી પાણી હાઉસિંગ બોર્ડ સોસાયટીમાં ઘુસી જવાની શક્યતા છે. જેથી રહીશોના જીવ પડીકે બંધાયા છે.

# ભાભર પંથકમાં અતિભારે વરસાદે વિનાશ વેર્યો

**અનેક મકાનો ધરાશાઈઃ પશુઓના મોત : કેનાલ તૂટતા અનેક ગામમાં ખેતી પાકો ધોવાયા**



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

અતિ ભારે વરસાદ વચ્ચે કેનાલો તૂટવાથી ભાભર પંથકમાં મોટુ નુકશાન થયું છે. સવારે મેઈન કેનાલ ગોદા પાસે તૂટતા તાલુકાના જાસનવાડા, ખડોસણ, ઊંડાઈ, સિસોદરા, ઉજ્જનવાડા ગામોને વ્યાપક નુકશાન કેનાલ અને વરસાદના પાણીએ કર્યું છે. મોટાભાગની ખેતી પાકને નુકશાન થયું છે. તેમજ અનેક પશુઓ અને મકાનોનો ભોગ લેવાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. ભાભરનું વડ તળાવ ઓવરફ્લો થતાં થરા ત્રણ રસ્તા વિસ્તારના મકાનો ખાલી કરાયા છે.

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં સેવાભાવી સંગઠનો અને વ્યક્તિઓ અસરગ્રસ્તોની વ્હારે



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં છેલ્લા પાંચ દિવસથી પડી રહેલા અવિરત વરસાદના કારણે નગરની નિચાણવાળા ભાગની વિવિધ સોસાયટીઓ સહિત પોણાભાગના નગરમાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યાં છે.આથી શહેરના ૫૦૦ જેટલા પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.આ લોકો માત્ર જીવનજરૂરીયાતની ચીજ વસ્તુઓ જ લઈને નિકળ્યા હોઈ તેમના ભોજનની પણ જરુરીયાત ઉભી થવા પામી છે.જોકે થરાદ તરફ આવવાના તમામ માર્ગો પાણીના કારણે બંધ હોવાથી સરકાર તરફથી ફુડ પેકેટ આવે તેમ ન હોવાથી અસરગ્રસ્તોને જમાડવાની જવાબદારી નગરનાં વિવિધ સેવાભાવી સંગઠનો અને અગ્રણીઓએ ઉપાડી લીધી છે. જેમાં થરાદમાં આદેશ મંડળ તથા ભારત વિકાસ પરિષદ, આરએસએસ, જલારામ ગૌ સેવા યુવક મંડળ, સહિત અન્ય સેવાભાવી સંગઠનો અને થરાદના રાજકીય તેમજ સામાજીક અગ્રણીઓ દ્વારા

અનુસંધાન પાના નં.૬

# ભાભરના કારેલાનું નાળું તૂટયું



વનરાજસિંહ રાઠોડ

## સાત ગામનો સંપર્ક તૂટયો

તા.પ્રતિ ભાભર

ભાભર તાલુકાના કારેલા ગામે નાળુ તૂટતાં ભાભરથી કારેલા અબાસણા - બલોધણ - વજાપુરજુના - વજાપુરનવા - દેવકાપડી - હુરકુડિયા જવાનો રસ્તો બંધ થવા પામ્યો છે. છેલ્લા ચાર દિવસથી થઈ રહેલા ભારે વરસાદને કારણે ભાભરથી સાત ગામોને જોડતો રસ્તો આજે નાળું તૂટતા બંધ થવા પામ્યો છે.

# બનાસકાંઠામાં દાંતીવાડાનો સૌથી વધુ અઢાર ઈંચ વરસાદ

પાલનપુર

ગુજરાતના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલ અહેવાલો મુજબ આજે તા.૨૫/૦૭/૨૦૧૭ને સવારે ૭-૦૦ કલાકે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ઉત્તર ગુજરાતમાં વરસાદે માઝા મૂકી છે. દાંતીવાડામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત બનાસકાંઠાના પાલનપુરમાં ૩૮૦ મી.મી. એટલે કે ૧૫ ઈંચથી વધુ, વડગામમાં ૩૫૭ મી.મી. એટલે કે ૧૪ ઈંચથી વધુ, અમીરગઢમાં ૧૩ ઈંચથી વધુ જ્યારે લાખણીમાં ૧૨ અને દીયોદરમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પાટણમાં ૧૨ ઈંચ જેટલો અને સાબરકાંઠાના ઈડરમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

# ભાભર નજીક આવેલ સુઈગામના ચાર ગામો સંપર્ક વિહોણા

પ્રતિનિધિ ભાભર

ભાભર નજીક આવેલ સુઈગામના ભટાસણા, કુંભારખા, સેડવ, રામપુરા ગામ પાસે કેનાલ તૂટતા અને બહારથી વ્યાપક વરસાદનું પાણી આવતા રોડ તુટી ગયા છે. હાલ સંપર્ક વિહોણા બની ગયા છે. ખેતીપાકને વ્યાપક નુકશાન થયું છે. પશુઓની હાલત ખરાબ છે.

# માલગઢમાં પુર આવતા વ્યાપક નુકશાન



દિપક સુંદેશા

ડીસા

ડીસા તાલુકાના માલગઢ ગામે ભારે વરસાદ વચ્ચે બનાસ નદીનું પાણી નિચાણવાળા વિસ્તારોમાં ફરી વળ્યું હતું. જેના કારણે પશુધન સાથે સૂકા પૂળાઓ પણ પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયા હતા. જેના કારણે ગામલોકોને વ્યાપક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

૧૯૭૩ માં દાંતીવાડા ડેમ તૂટતા ગામમાં પાણી આવ્યું હતું. ત્યારબાદ ફરી નદીનું પાણી છેક ગામ સુધી ફરી વળ્યું હતું. જેના કારણે પશુઓ તણાવા સાથે ખેતરોમાં ઉભો પાક પણ તણાયો હતો. પુરપ્રકોપ ગ્રામજનો માટે પડતા ઉપર પાટુ પુરવાર થયો છે. ત્યારે અસરગ્રસ્તોને વળતર ચૂકવાય તેવી માંગ ઉઠવા પામી છે.

# આસોદર ગામ પાણી મો ગરકાવ



પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામ પાણીમો ગરકાવ હાલ મો જાનહાની ના કોઈ સમાચાર નથી ૨૦૧૫ ના પુર કરતો વધારે પાણી આવતો લોકો ની હાલત ખરાબ છે વરસાદ અવરીત ચાલુ રહેતો લોકો ની હાલત ખરાબ છે . ચાલુ વરસાદે લોકો તેમજ નાના બાળકો ને ધાબા પર આશરો લીધેલ ૨૪/ ૭/૨૦૧૭ ના રાત્રી ના સુમારે અચાનક પાણી આવતો લોકો ને જાનમાલની તેમજ ખેતર અને ઘરો મો પાણી ભરાઈ ગયા છે લગભગ ૩૦ ઘરો ને સ્થળોતર કારેલ છે.

# ભાભર - વાવ રોડ ઉપર ગાબડું

**કેનાલનું ગરનાળુ ધરાશાઈ થતાં રોડને અસર**

તા.પ્રતિ ભાભર

ભાભરમાં છેલ્લા ૧૧ કલાકમાં સવા છ ઈંચ વરસાદ થતાં ઠરેઠેર જળ બંબાકાર જેવી પરિસ્થિતિ થઈ ગઈ છે. ભાભર જુના ત્રણ રસ્તા પાસે પાણી ભરાઈ જતાં અનેક રહીશો પરેશાન તેમજ બપોરે ભાભર - વાવ રોડ ભાભર ગૌશાળા પાસેથી પસાર થતી કારેલા ડીસ્ટ્રીબ્યુટર કેનાલનું રોડ ક્રોસ કરતું ગરનાળુ તૂટી જતાં ભાભર - વાવ રોડ ધોવાઈ ગયો છે જેના કારણે એક સાઈડ રસ્તો બંધ કરી દીધો છે. જેથી ભાભર - વાવ રોડ બંધ થવાની શક્યતા રહેલ છે.

# ખિમાણામાં ગામ તળાવના વધામણા

પ્રતિનિધિ ખિમાણા

સમગ્ર જિલ્લામાં મેઘરાજા વધદાટી બોલાવી રહ્યાં છે. ત્યારે ભારે વરસાદના પગલે કાંકરેજ તાલુકાના ખિમાણા ગામનું તળાવ છલકાઈ ઉઠ્યું હતું. જેનું પાણી ગામ સહિત ખોડા, રવિયાણા, આકોલી, પાદરડી વગેરે ગામોમાં ફરી વળ્યું હતું. જેથી વ્યાપક નુકશાન થયું હતું. પરંતુ વર્ષો બાદ તળાવ છલકાતા પ.પૂ. શ્યામપુરી બાપુ (ખારેશ્વર મહાદેવ) ની પ્રેરણાથી તેમની હાજરીમાં જળના વધામણાં કરાયા હતા. જે પ્રસંગે પસાકાકા, સરપંચ, ફતુજી ગલાબજી પરમાર, કપુરસિંગ પસાજી પરમાર, પિરાજી પરમાર, પુનાજી પરમાર, સહિત મોટી સંખ્યામાં ગામના યુવકોએ વાજતે-ગાજતે તળાવે જઈ શ્રીફળ- ચુંદડી જળમાં પધરાવી મોં મીઠા કરાવ્યા હતા.



ડીસા મા નીચાણ વાળા વિસ્તાર વાડીરોડ, શીવનગર, ટેકરા, મોચીવાસ વિસ્તાર મા સોમવારે મોડી સાંજે સ્થાનિક અગ્રણી રવિભાઈ ઠક્કર દ્વારા ૩૦૦૦ જેટલા લોકો ને સુરક્ષિત સ્થળે પારકર ભુવન, મારવાડી ઠક્કર વાડી સ્થળાંતર કરાયા તેમજ ફુડ પેકેટ નું વિતરણ કરાયું.

# દિયોદર તાલુકાનું રૈયા ગામનું તળાવ છલકાયું



ચેતન કોઠારી

## દિયોદર પંથકમાં ભયની લાગણી

પ્રતનિધિ રૈયા

દિયોદર પંથકમાં મેઘરાજા છેલ્લા ૪ દિવસથી મન મુકીને વરસી રહ્યા છે. ત્યારે રૈયા ગામનું તળાવ છલકાઈ જતા પાણીના નિકાલ દિયોદર તરફ થઈ રહ્યો છે. તેથી દિયોદર જી.આઈ.ડી.સી.માં પાણીનો ભરાવો થયો છે. જેથી રૈયા ધનકવાડા ઓઢા તરફ જતાં રોડ ઉપર તા.૨૪/૭/૨૦૧૭ ના રોજ વાહન વ્યવહાર બંધ કરાવ્યો હતો. રોડ ઉપર ૨ થી ૩ ફુટ પાણી ફરી વળ્યું હતું. અને રૈયા ગામના તથા હરીપુરા- ધનકવાડા - મુલપુર - કાકરાળા - છાપરા, કુંવારવા જેવા ગામોમાંથી લોકોના ટોળે-ટોળા જોવા ઉમટી પડ્યા હતા.

રૈયા ગામના ડે.સરપંચ નાથાભાઈ પિલીયાતર, બાબુભાઈ પટેલ, ગણપત કટારીયા, માજી સરપંચ, કાન્તી વોરા, ઈશ્વર બી.પટેલ અને પત્રકાર ચેતન કોઠારી, તેજાભાઈ ગુર્જર, રૈયા પ્રા.શાળાના આચાર્ય પરાગભાઈ ગુર્જર, વિરમાભાઈ જોષી અને અન્ય વડીલો તથા યુવાનો એક બીજાને મદદરૂપ થયા હતા. તેથી નુક્શાનમાં કોઈને જાનહાનિ નથી ઘરોમાં પાણીનો ભરાવો થયો હતો. નીચાણ વિસ્તારમાં પાણી જોવા મળ્યું હતું. તેનો નિકાલ કરવા ગામના યુવાન મિત્રો મદદરૂપ થયા હતા. અને શાળાના આચાર્ય પરાગભાઈ ગુર્જરે ગરીબ પ્રજાને શાળાના રૂમમાં આશરો આપ્યો હતો. અને ભોજનની વ્યવસ્થા કરી આપી હતી.

## તંત્રી સ્થાનેથી ...

### ગરીબ રોટીને શોધે છે અને અમીર ભૂખને...!

# સાયબર ક્રાઈમના ગુન્હાઓને પડકારી શકાયા નથી

દેશમાં અને ગુજરાતમાં સાયબર ક્રાઈમના કૂદકે- ભૂસકે વધી રહેલા બનાવો પોલીસ તંત્ર માટે માથાના દુઃખાવા સમ બની ચૂક્યા છે. રાજ્યાં ખાસ કરીને અમદાવાદીઓના દર મહિનો અડધો કરોડ સેરવી લેતા ગઠીયાઓને પકડી પાડવા પોલીસને આજદિન સુધી સફળતા મળી નથી. અમદાવાદ જેવા મહાનગરમાં કહેવાય છે કે દર ૨૦૦ વ્યક્તિએ એક વ્યક્તિ સાઈબર ક્રાઈમનો ભોગ બન્યા વિના રહેતો નથી.

કોઈ પણ એટીએમમાંથી રૂપિયા સેરવી લેવાના બનાવોએ હદ વટાવી દીધી છે. મોબાઈલ ફોન પર અજાણ્યા નંબરથી બેંક અધિકારીની ઓળખ આપી છેતરપીંડી કરનારી ગેંગ અને ગઠીયાઓ છેલ્લા કેટલાય વર્ષોથી સક્રિય છે પરંતુ આ ટોળકીનો હજુ સુધી પર્દાફાશ થયો નથી. અનેક લોકો છેતરાતા હોવા છતાં આવા બનાવોને કાયમી માટે પડકારવાના શા માટે પ્રયત્નો થતા નહિં હોય. પોલીસ પાસે તમામ પ્રકારના ઉપકરણો હોવા છતાં પણ સાયબર ક્રાઈમના બનાવોએ માઝા મુકી છે.

મોટાભાગની ઠગ ટોળકી ઓનલાઈન બેંકીંગ થકી બોગસ બેંક એકાઉન્ટ, ઈ- વોલેટ, તેમજ ઈ- શોપીંગ થકી વર્ષે કરોડો રૂપિયા સેરવી લેતા હોય છે. છેલ્લા કેટલાય વર્ષોથી ફોડ કરતી ગેંગ દેશભરમાં સક્રિય છે અને ગેંગની સાથે અનેક તોડ કરનારા લોકો પણ ભળી ગયેલા હોય છે. જો કે આજદિન સુધી એક પણ રાજ્યની પોલીસ ટોળકીનું નેટવર્ક તોડી શકી નથી. આ રહસ્યમય ટોળકી પોતાના અંગત વાહનોનો વધુ ઉપયોગ કરે છે. અમુક ખાસ એરિયામાં જ પોતાનું નેટવર્ક ચલાવતા હોય છે.

આ ઠગ ટોળકી એવા એરિયામાં પોતાનું નેટવર્ક ચલાવે છે. જ્યાં પોલીસ એ વિસ્તારમાં જવાનું ટાળે છે. છેતરપીંડી થકી મેળવેલા રૂપિયા બોગસ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતા હોવાથી મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવું પોલીસ માટે મુશ્કેલ બની રહે છે. સેંકડો લોકો દર મહિને શિકાર બનતા હોય છે. પરંતુ સત્તાવાર ફરિયાદ પાંચ- દસ જેટલી જ નોંધાતા હોય છે. સાઈબર ક્રાઈમના કેસમાં પોલીસ સ્ટેશન...

સાઈબર ક્રાઈમના કેસમાં પોલીસ સ્ટેશનના વારંવાર ધક્કામાં, પોલીસ કર્મચારીઓની વર્તણુક તેમજ તપાસની લાંબી લચ પ્રક્રિયા અને જીરો ડિટેક્શનના રિકવરીના કારણે લોકો પોલીસ કેસ કરવાનું ટાળે છે. બીજી તરફ કેસોની સામે પોલીસનું સંખ્યાબળ ઘણું ઓછું છે.જે પોલીસ મથકોમાં પોલીસની ઘટ છે. ત્યાં જગ્યા પુરવામાં આવે તો કેસોનો ઝડપી નિકાલ થઈ શકે અને તપાસ ચલાવવામાં પણ ઝડપી લાવી શકાય.

આ ઉપરાંત સાઈબર ક્રાઈમ થકી ચીટીંગ કરવાના કેસમાં આરોપીઓ રાજ્ય બહારના હોવાથી કેસની તપાસમાં મોટી સમસ્યા ઉભી થાય છે. આવા અનેક કેસોની ફાઈલો અભરાઈ પર મુકી દેવામાં આવતી હોય છે. એ કેસોનો અંત લાવવો મુશ્કેલ બની રહે છે. દર મહિને જે કેસોની સમીક્ષા થવી જોઈએ તે તો થતી જ નથી.

છેતરપીંડીમાં અલગ અલગ કારણો દર્શાવીને વાકચાર્તુયમાં માહેર ગઠીયાઓ ક્રેડિટ- ડેબિટકાર્ડ હોલ્ડર પાસેથી મોબાઈલ પર આવતા ઓટીપી નંબર મેળવી લઈને છેતરપીંડી આચરે છે. આ ઉપરાંત ક્રેડિટ ડેબિટ કાર્ડ ક્લોઝ કરીને ઓટીપી નંબર વિના પણ છેતરપીંડી કરી હોવાની ઘટનાઓ બની ચૂકી છે.

# ત્રણ દિવસીય ફાર્મા એક્સ્પોનું 3 3-૫ ઓગસ્ટ, ૨૦૧૭ દરમિયાન આયોજન




અમદાવાદ

ફાર્મા ટેકનોલોજી ઈન્ડેક્સ પ્રા. લિ.એ આજે ઘોષણા કરી હતી કે ગુ-જરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, અમદાવાદ ખાતે ૩-૫ ઓગસ્ટ, ૨૦૧૭ ફાર્માટિક એક્સ્પો ૨૦૧૭ની છઠ્ઠી એડીશન અને લેબટેક એક્સ્પો ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. 'ફાર્માટિક એક્સ્પો ૨૦૧૭ અને લેબટેક એક્સ્પો ૨૦૧૭' એ પ્રિમિયર ઈવેન્ટ છે જે ફાર્માસ્યુટીકલ ઈનોવેશન, ટેકનોલોજી અને નોલેજને સમર્પિત છે. સમયની સાથે તે એક એવું મહત્ત્વનું પ્લેટફોર્મ મળ્યું છે જે તમામ તબક્કની પ્રોડક્ટ લાઈફસ્ટાઈલ, ફોકસિંગ ફાર્મા મેન્યુફેક્ચરીંગ અને પ્રોસેસીંગ ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ સિસ્ટમ્સ અને સેવાઓ અદ્યત્તન ઈનોવેશન અને ટેકનોલોજીસ સાથે પ્રદર્શિત કરે છે. ફાર્મા ટેકનોલોજી ઈન્ડેક્સ ડોટ કોમ પ્રા. લિ.ના ચેરમેન રમેશ શાહે કહ્યું હતું, ''ફાર્માટિક એક્સ્પો ૨૦૧૧, ૨૦૧૩ અને ૨૦૧૫ની ભૂતકાળની ઈવેન્ટ્સ, ફાર્માટિક એક્સ્પો ૨૦૧૬ (અમદાવાદ) અને ફાર્માટિક એક્સ્પો ૨૦૧૭ (ચંદીગઢ)'ની ઈવેન્ટ્સમાં અમારા રિપિટેડ ગ્રાહકો અને નવા એક્ઝિબિટર્સે અમને નેશનલ અને ઈન્ટરનેશનલ વિઝિટર્સ અને બાયર્સને એક મજબૂત સંદેશ આપવાની સાથે પ્રોત્સાહિત કર્યા છે.

## આત્મચિંતન

# મન ન શત્રુ, મન જ મિત્ર

મનોદશામાં આવશ્યક સુધારો થયા વિના ન તો શારિરિક સ્થિતિ સુધરે છે કે ન પારીવારીક વ્યવસ્થા સ્થપાય છે. આર્થિક પ્રશ્ન પણ ઘણું ખરૂં એના પર આધારીત છે. મન એક પ્રકારનું પ્રત્યક્ષ કલ્પવૃક્ષ છે. તેની નીચે બેસીને આપણે જેવીકલ્પના કરીએ છીએ જેવી ભાવના રાખીએ છીએ તેવી જ પરીસ્થિતિ સામે આવીને ઉભી રહે છે. બગડેલું મન જ મનુષ્યનો સૌથી મોટો શત્રુ અને સુધરેલું મન જ પોતાનો સૌથી મોટો મિત્ર છે. આ માટે ગીતાકારે કહ્યું કે, પોતાની સુધારણા મનુષ્ય જાતે જ કરી શકે છે. બીજાના શિખવાડવાની ઉપેક્ષા પણ કરી શકાય છે. કોઈ વ્યક્તિ ત્યારે જ સુધરી શકે છે કે જ્યારે મનમાં પોતાને સુધરવાની તીવ્ર ઈચ્છા જાગૃત થાય છે. આ આત્મ સુધારણાનું જાગરણ મનુષ્યના સુતેલા ભાગ્યનું જાગરણ છે.

લોકો જયોતિષીઓને પુછતા રહે છે કે અમારો ભાગ્યોદય કયારે થશે ? તેઓ બિચારા શું ઉત્તર આપી શકે ? દરેક મનુષ્યનું ભાગ્ય તેની પોતાની મુઠ્ઠીમાં છે. પોતાની ટેવોને કારણે તેની દુર્ગતિ થાય છે. જ્યારે મનુષ્ય પોતાની ખામીઓને સુધારવા માટે કટીબદ્ધ બની જાય છે ત્યારે આ પરિવર્તનની સાથે સાથે તેનું ભાગ્ય પણ બદલાવા માંડે છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ચોસલાં ચડાવણ હાર...

મહેન્દ્ર મશરૂની 'ફાઈવસ્ટાર ઓફિસ' જોઈને મારી સાથે આવેલા ત્રણેય સાહિત્યકાર મિત્રોને આશ્ચર્યનો ધક્કો વાગી ગયો. આ ધક્કો એટલા માટે વાગ્યો કે મહેન્દ્ર મશરૂ જૂનાગઢના ધારાસભ્ય છે. એક ધારાસભ્યને મળવાનું હોય ત્યારે એના વિષેની કલ્પના પણ મનોમન હોય જ..! એમાં ય આ તો સાહિત્યકારો! કલ્પના સાથે કામ પાર પાડનારા. ત્રણેયના મનમાં ધારાસભ્ય મહેન્દ્ર મશરૂનું એક કાલ્પનિક ચિત્ર હતું પણ ઓફિસમાં પ્રવેશ્યા.. જોયું... કલ્પનાનો ભાંગીને ભૂક્કો થઈ ગયો. સહર્ષ ત્રણે જોઈ રહ્યા હતા... ત્રણે ય ખાદીધારી. વિદ્યાપીઠના વિદ્યાર્થી ને ગાંધી વિચારધારાના પુરસ્કર્તા. ચોથો વિદ્યાર્થી કિરણ, મૌન બનીને અમને બધાને વારાફરતી જોયા કરે..

હું મહેન્દ્રભાઈ સાથે હજુ પ્રાસ્તાવિક ભૂમિકા રચી રહ્યો હતો. પેલા ત્રણે મિત્રો ઓફિસનું જાત નિરીક્ષણ કરી રહ્યા હતા. ડૉ.ભગવાનભાઈ પટેલે 'ડુંગરી આદિવાસી ભીલોના સાહિત્ય અને સંસ્કૃતિ' ના સંશોધનમાં ત્રીસ વર્ષ વીતાવ્યાં છે. બીજા મિત્ર વીરચંદભાઈ પંચાલે આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓનો વિકાસ અને તેમના શિક્ષણ માટે પ્રેરક બનીને કાર્ય કર્યું છે. ડૉ.ભગવાનભાઈ સાથે સંશોધનમાં પણ ખરા.. અને ત્રીજા મિત્ર પોતે જ આદિવાસી છે અને તેઓ પણ 'ડુંગરી ભીલો' ના ગીતો અને તેના તાલ અને વાદ્યના ઊંડા જાણકાર નમજીભાઈ ભીલ. એ ત્રણે ય સંશોધક એટલે એમણે આજ સુધી જોયેલી ઓફિસોની સરખામણી મહેન્દ્રભાઈની ઓફિસ સાથે કર્યા કરે. એ અર્થમાં એ ઓફિસની ડેફિનેશન શોધે. હું મહેન્દ્રભાઈ સાથે હજુ વાતો કરતો હતો, ત્યાં એક ભડભાદર માણસ આવ્યો. ને એક શ્વાસે બોલતાં બોલતાં ગળગળો થઈ ગયો.મહેન્દ્રભાઈ મને મૂકીને એ માણસ તરફ વળ્યા. ફાઈવ સ્ટાર ઓફિસ નિહાળતાં પેલા મારા ત્રણ વિદ્વાન મિત્રો પણ આ એક આખા માણસને ભાંગી પડતો જોઈ રહ્યા.

'મહેન્દ્રભાઈ... મારી માતા...' ને એ માણસ આગળ બોલીના શક્યો.

મહેન્દ્રભાઈએ એને ધીમેથી પૂછ્યું- 'શું થયું છે?'

'હું રક્તદાતા છું. મારી મા મરી ગઈ છે. એની લાશ લઈ જવી છે...' ને એની આંખમાં આંસુ ફૂટ્યાં. એણે હાથની મુઠ્ઠી વાળીને આંસુને લૂછ્યાં કે જેથી દેખાઈ ના જાય..

ઈકબાલભાઈ નામનો એ મુસ્લિમ વીસાવદર તાલુકાના જેતલવડ ગામનો હતો. એની માતા ઝીલુબહેનને હૃદયની થાઈરોઈડની તકલીફ હતી. અચાનક હુમલો આવ્યો. જેતલવડથી પચાસ કિલોમીટર દૂર જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં આગળના દિવસે સાંજે લઈ આવેલા. ને જ્યારે અમે મહેન્દ્રભાઈને મળવા ગયેલા ત્યારે જ ઝીલુબહેને આખરી દમ તોડ્યો. માના દેહને જેતલવડ લઈ જવો હતો. ઈકબાલે રડવાનો ખરખરો ય કદાચ નહીં કર્યો હોય, કારણ કે મહેન્દ્રભાઈએ પાસે ઊભેલા એમના સહયોગી યુવાન અનિલભાઈ વ્યાસને કહ્યું કે- 'આ ભાઈને ગાડીની વ્યવસ્થા કરીઆપો...' ને જ્યારે અનિલભાઈ ગાડીની વ્યવસ્થા કરવા લાગ્યા ત્યારે દીવાલની પાસે બેસીને ઈકબાલભાઈએ માતાની પહેલી મરણ પોક મૂકી... થોડીવાર વાતાવરણમાં કરુણતા ઘૂંટાઈ ગઈ... મહેન્દ્રભાઈ ઊભા ઊભા એને આશ્વાસન આપે- 'ભાઈ, હિંમત રાખ... બધને એ માર્ગે જાવાનું છે. ને મારા તરફ ફરીને મહેન્દ્રભાઈ કહે- 'મા છે ને? એ ઈશ્વર છે. મા જાય એટલે કેટલી વેદના થાય?'

મને રવીન્દ્રનાથ ટાગોરનું વાક્ય યાદ આવ્યું. મેં મહેન્દ્રભાઈ અને ત્રણે મિત્રો સાંભળે એમ કહ્યું- 'જ્યારે ઈશ્વર બધે પહોંચી ન શક્યો, ત્યારે તેણે માનું રૂપ લીધું.' પછી મેં મનોમન વિચાર્યું ઈશ્વર કેટકેટલાં રૂપે આપણી સામે આવીને ઊભો રહે છે? આ મહેન્દ્રભાઈ જ જુઓને? એમણે પેલા યુવકને નથી નામ પૂછ્યું... નથી ગામ પૂછ્યું... જૂનાગઢથી પચાસ કિલોમીટર દૂર મડદાને ક્યાં લઈ જવાનું છે...? એ પણ માહિતી નથી મેળવતા. આ ઉપર ઈકબાલની માહિતી મેળવીને મેં લખી છે. એ તો વીરચંદભાઈ પંચાલે મેળવી હતી ને મને લખાવી હતી.

જૂનાગઢમાં ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી માર્ચની ૧૭ અને ૧૮ મી તારીખે 'પાટ ઉપાસના અને રામદેવપીર વિષે એક પરિસંવાદ યોજવામાં આવેલો. વિરમગામ તાલુકાના કમીજલા ગામમાં જ્યાં સંત ભાણસાહેબની સમાધિ છે, ત્યાં ભાણસાહેબ વિષે એક પરિસંવાદ યોજાયેલો ત્યારે ત્યાં પાટપૂજા વિષે ચર્ચા છેડાઈ અને ત્યાં નક્કી થયું કે 'પાટપૂજા' વિષે એક અલગ પરિસંવાદ કરવો અને તેના પરિણામ સ્વરૂપ ગુજરાતી લોક સાહિત્યમાં પહેલીવાર 'પાટપૂજા' જેવા લોક પરંપરાના વિષયને લઈને ભવનાથની તળેટીમાં આવેલા પ્રેરણાધામ લાલગેબી આશ્રમમાં આ પરિસંવાદ યોજાયો હતો. એના પ્રેરક ડૉ.નાથાલાલ ગોહિલ તરફથી વાયક આવતાં મારે અને ભગવાનદાસ બંધુને ત્યાં જવાનું હતું.

જૂનાગઢ જવાની વાત એટલે જૂનાગઢનાં દર્શનીય અને પર્યટનીય સ્થળોની યાદી તૈયાર હોય. જેમ કે: ગિરનાર, ભવનાથની તળેટી,દામોદર કુંડ, નરસિંહ મહેતાનો ચોરો, ઉપરકોટ અને એના ઉપર આવેલ રાણકદેવીની વાવ. રા'નવઘણનો કૂવો અને અન્ય ઐતિહાસિક સ્થળો. જૂનાગઢ દરબારનો દરબાર હોલ. જૂનાગઢના પ્રસિદ્ધ પ્રાણી સંગ્રહાલયમાં ગિરનો સાવજ... આ ચોક્કસ યાદી બીજા બધાં માટે હશે પણ મારી યાદીમાં એક ઉમેરણ વધુ હતું- 'મહેન્દ્ર મશરૂનું' કહોને કે મને એક માત્ર રસ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂને મળવામાં હતો.

જૂનાગઢ જવાનું હતું ને આત્મીય ડૉ.કિરીટભાઈ કુબાવતને કહ્યું- 'મહેન્દ્રભાઈ મશરૂને મળવું છે. ડૉ.કિરીટભાઈ કુબાવત જૂનાગઢના. તેમના મોટાભાઈ ડૉ.સુરેશભાઈ કુબાવતની 'શ્રદ્ધા આરોગ્ય મંદિર' નામની ત્યાં એક સુંદર હોસ્પિટલ છે. મહેન્દ્રભાઈ સાથે તેમના સંબંધો પણ ખરા. ડૉ. કિરીટભાઈએ ડૉ.સુરેશભાઈને ફોન કરીને કહ્યું કે-'મહેન્દ્ર મશરૂની એપૉઈન્ટમેન્ટ લેવી.'

ડૉ.સુરેશભાઈનો ઉત્તર આવ્યો. મહેન્દ્રભાઈને વાત ત્રણ દિવસ પહેલાં નક્કી ના કરી શકાય. રૂબરૂ આવો પછી ગોઠવીએ.

હું શુક્રવાર તા. ૧૬/૩/૨૦૦૧ ના રોજ સાંજે ચાર વાગે જૂનાગઢ ઉતર્યો, એટલે પહેલાં જ 'શ્રદ્ધા આરોગ્ય મંદિર' માં ડૉ.સુરેશભાઈ પાસે પહોંચ્યો. તેમણે મહેન્દ્રભાઈના કાર્યાલય સિવિલ હોસ્પિટલમાં સતત ફોન કર્યો, પણ ફોન એન્ગેજ આવે. છેવટે નક્કી કર્યું કે જાતે જ ત્યાં પહોંચી જવું. રિક્ષાવાળાને ડૉ.સુરેશભાઈ કુબાવતના કંપાઉન્ડરે ભલામણ કરી કે- 'મહેન્દ્રભાઈની ઓફિસમાં એમને લઈ જજો.' રિક્ષાવાળો તો હોસ્પિટલમાં લોબીના પગથિયાં પાસે મને ઉતારીને 'સામે મહેન્દ્રભાઈની ઓફિસ છ.' એમ કહીને વયો ગયો. જૂનાગઢના દરબારની પ્રાચીન શૈલીની એ ભવ્ય ઈમારતનાં પગથિયાં ચડીને ઓસરીમાં ગયો. ઘણા બધા ડૉક્ટરોની ચેમ્બરો હતી. મેં એક માણસને પૂછ્યું- 'મહેન્દ્રભાઈની ઓફિસ ક્યાં છે?' એ માણસ મારી સામે જોઈ રહ્યો.. પગથી માથા સુધી એણે મને જોઈ લીધો. પછી ખડખડાટ હસી પડ્યો. એ હાસ્ય જરાક ઘસરકો કરી ગયું. આંગળી ચીંધીને કહે- 'સામે વયા જાઓ, ત્યાં મહેન્દ્રભાઈની ઓફિસ છે.'

એક એક ડૉક્ટરોની ચેમ્બરમાં ડોકિયું કરું, પણ ક્યાંય મહેન્દ્રભાઈ કળાય નહીં.આ તો દરેક ચેમ્બરની બહાર ડૉક્ટરોની નેઈમ પ્લેટ પણ હોય. કયો વિભાગ છે, તે પણ નોંધ્યું હોય. મહેન્દ્ર મશરૂના નામની કોઈ નેઈમ પ્લેટ પણ હોય. છેવટે આંખનો વિભાગ હતો. ત્યાં બહાર સ્ટૂલ ઉપર બેઠેલા એક પટાવાળાને પૂછ્યું. પહેલાં તો એ પણ હસી પડ્યો. મને કહે- 'આ રહીને એ મહેન્દ્રભાઈની ઓફિસ.'

**ક્રમશઃ**

**કનુ આચાર્ય**

# અપોલો મ્યુનિકે ભારતના પ્રથમ ટ્રાવેલ ઈન્સ્યોરન્સ ચેટબોટ રજૂ કર્યો

ભારતની અગ્રણી એકીકૃત સ્વાસ્થ્ય વીમા કંપની અપોલો મ્યુનિકે આજે ભારતના ટ્રાવેલમ ઈન્સ્યોરન્સ ચેટબોટ - ટ્રાવેલ નિન્જાને લોન્ચ કરવાની ઘોષણા કરી છે. આ સાથે જ કંપનીએ ટેકનીકમાં લાંબી છલાંગ લગાવી છે. આ ચેટબોટ પોતાના ગ્રાહકોને સરળ તેમજ ઝડપથી તેની ટ્રિપને સુરક્ષિત બનાવવામાં સક્ષમ કરશે. ટ્રાવેલ નિન્જા, ભારતીય યાત્રા વીમા ઉદ્યોગમાં પ્રથમ ચેટબોટ છે, જે પોતાના ગ્રાહકોને ટ્રાવેલ ઈન્સ્યોરન્સ પોલિસી વેચશે.

ટ્રાવેલ નિન્જા અપોલો મ્યુનિકની વેબસાઈટ અને ફેસબુક મેસેન્જર પર સપ્તાહના ચોવીસ કલાક ઉપલબ્ધ છે. આ ગ્રાહકોને યોગ્ય ટ્રાવેલ ઈન્સ્યોરન્સ પ્લાન અને સમ ઈન્સ્યોર્ડ અંગે જણાવે છે. તેના માટે પોલિસી પ્રસ્તાવ તૈયાર કરે છે અને તેને એક પેમેન્ટ લિન્ક આપે છે અને તે બધુ થોડી મિનિટોમાં થઈ શકે છે. આ પ્રક્રિયા દરમિયાન ટ્રાવેલ નિન્જા દ્વારા ગ્રાહકોને તમામ ઉપલબ્ધ પ્લાન્સની ખૂબીઓ તેમજ ફાયદાઓ વિશે વિસ્તૃત જાણકારી પ્રદાન કરવાનો વિકલ્પ પણ પ્રદાન કરે છે.

ટ્રાવેલ નિન્જા એકમાત્ર ચેટબોટ છે જે ઉદ્યોગમાં બીજા ચેટબોટ કે જે મોટાભાગના ગ્રાહકોના સવાલોનો જવાબ આપવા સુધી જ સીમિત હોય છે. જેની તુલનામાં પ્લાન ખરીદવાની પ્રક્રિયામાં સક્ષમ બનાવે છે. એ વીમા સલાહ સાથે જ વીમા ક્વોટ્સ પણ આપે છે. ચેટબોટની શરૂઆત પછી એક મહિનાની અંદર લગભગ ૧૫૦૦ સંવાદ થયા છે. ચેટબોટની ચોક્કસાઈ અને ગતિ અંગે પ્રતિક્રિયા આપતા અપોલો મ્યુનિક હેલ્થ ઈન્સ્યોરન્સના સીઈઓ એન્ટની જેકબે કહ્યું હતું, 'આસાન હેલ્થ ઈન્સ્યોરન્સ માટે અમારી સફરમાં અમે અપોલો મ્યુનિકમાં અમારા ગ્રાહકોને સરળ અને અજોડ ઉત્પાદનો અને સેવાઓ આપવા લક્ષ આપીએ છીએ.

# અમદાવાદની ગલીઓએ TE ગેમીંગ રીગમાં વર્લ્ડની બેસ્ટ ગેમીંગ ટેકનોલોજીનો આનંદ માણ્યો

અમાદાવાદની સ્ટ્રીટ પર સૌ પ્રથમ વાર તાઈવાનના ખાસ ગેમીંગ વ્હિકલ ની રજુઆત કરાઇ. જેમા દુનિયાની સૌથી સરસ ગેમો , એક્સેસરીઝ અને ગેમીંગનો અનુભવ વરસાદ સાથે શહેરના લોકોને માણવા મળે છે.

તાઈવાન દરેક ગેમર્સ માટે અને તેવા દરેક માટે જે ગેમીંગમાં કરીયર બનાવવા માંગે છે તેમના માટેનુ ડ્રીમ ડેસ્ટીનેશન છે.તેથી જ તાઈવાન ગેમીંગ કોમ્પીટીશન સાથી શ્રેષ્ઠ હોય છે. TE Gaming Rig તેની યાત્રા ભારત ભરમાં કરશે અને લોકોને દુનિયાની શ્રેષ્ઠ બ્રાન્ડનો અનુભવ આપશે. તાઈવાનીસ ગેમીંગ ટેકનોલોજી વિશે ખાસ કરીને ટીયર ૨ અને ટીયર ૩ શહેરોમાં જાગૃતિ લાવવા માટે તાઈવાન એકસલન્સ દ્વારા આ પહેલ કરવામાં આવી છે. આ ઈનોવેટીવ વ્હીકલ દેશમાં અલગ અલગ જગ્યાઓએ ફરશે અને ગેમ માટે ના પ્રોફેશનલ્સ ઉપરાંત સામાન્ય માણસ ને પણ ગેમીંગ કલ્ચર વિશે પ્રોત્સાહીત કરશે. અદભુત ગેમીંગ વ્હીકલ વિશે સ્કોટ યાન્ગ, ડેપ્યુટી એકઝીક્યુટીવ ડાયરેકટર, સ્ટ્રેટેકિ માર્કેટીંગ ડીપાર્ટમેન્ટ, તાઈવાન એક્સટર્નલ ટ્રેડ ડેવલોપમેન્ટ કાઉન્સિલ એ જણાવ્યુ કે, ગેમીંગ વ્યવસાય અને શોખ માટેની આંતરીક વસ્તુ છે.

## શરદીથી રાહત મેળવવા ખાસ ઘરેલૂ ઉપાય

મૌસમ ખૂબ તેજીથી વધી રહ્યા છે અને આ મૌસમમાં ઘણી શરદી -જુકામ નએ ઉંઘરસ થઈ જાય છે. જો તમારા ઘર પર કોઈ પણને મૌસમની માર ઝીલવી પડે છે તો એને એંટીબાયોટિક ન આપી પણ એના સારવાર પ્રાકૃતિક વસ્તુઓથી કરો. બાળકોને પણ દવાઓ આપવા યોગ્ય નથી આથી નીચે આપેલા પ્રાકૃતિક ઘરેલૂ ઉપાયોને અપનાવીને શરદી અને ઉંઘરસથી તરત જ રાહત મેળવી શકો છો.

## મીઠુંના પાણીથી કરો કોગળા

બંદ ગળાના કોગળાની મદદથી ખોલી શકાય છે જેમ કે તમને લાગે કે ગળું ખરાબ થઈ રહ્યા છે કે એમાં ખરાશ થઈ રહી છે તો મોડા કર્યા વગર ગરમ પાણીમાં મીઠું નાખી એના કોગળા કરો.

# શબ્દસમીપે

વૈશ્વિક આંતકવાદ સામે ઝઝૂમતા રાષ્ટ્રને દૂષણો મુક્ત અને વિકાસની સંકલ્પની સંકલ્પના દ્વારા માનવતાવાદી દ્રષ્ટીકોણના દીવાની વાટને સંકોરતી કથા

'દીવાની એક વાટ 'જય ગજ્જરની તાજેતરમાં જ લખાયેલી નવલકથાનો ઉઘાડ જોતાં એક નિવડેલા નવલકારની હથોટીના કસબને પામ્યાનો અનુભવ થાય છે.નવલકથાના સ્વરૂપના ઉલટ સુલટ કરી કેવી આ નવલકથા ગુ-જરાતી કથા સાહિત્યમાં સીમા ચિન્હ રૂપ ગણી શકાય તેવું અપૂર્વ સર્જન છે.

અમેરીકન કલ્ચરનો પરિચય આપતા હોય તેમ નાયગરાના ધોધના પ્રવાસન સ્થળે ફરવા આવેલી એક ભારતીય યુવક અને યુવતી તેમજ એક પાકિસ્તાની યુવકની મિત્રતા પશ્ચિમી સંસ્કૃતિની તેમના આચાર વિચાર પર અસર અને છતાં ટકી રહેલા સંસ્કારોને લેખકે ખુબીથી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.જે ખૂબ આવકારદાયક છે.

મુંબઈની એક છોકરી ચીકી અને ગુજરાતી યુવક વિરાટ સાથે મહંમદ નામે પાકિસ્તાની યુવકની મિત્રતા પરસ્પરના પરિચય અને યુવાની સહજ આકર્ષણને કારણે રોમેંટીક વિચારોમાં સરી જતાં ત્રણ પાત્રો એક રેસ્ટોરંટમાં સાથે જમે છે અને હોટલમાં એક જ રૂમમાં રાતવાસો કરે છે.ત્યારે તેમના અંતરમનમાં ઉદ્ભવતાં વિચારોને જયભાઈએ બખૂબી રજૂ કર્યો છે.કથારંભે આ ત્રણે પાત્રોનો વિકાસ લેખકે અપૂર્વ સહજતાથી સાધ્યો છે.તેમની વાતોમાં વાચકને વિશ્વ વાત્સલ્યનો સાદ સંભળાય છે.વિરાટ, ચીકી અને મહંમદને માનવજાત મૈત્રીભાવ, પ્રેમભાવવાળી જણાય છે.તેઓ અહી આવતાં પૂર્વેનો પોતાનો પરિચય સ્વમુખે આપે છે.વાચકને પ્રણય ત્રિકોણ રચવાનો પોતાનો અંદેશો થાય છે પણ ત્યાં અચાનક મહંમદના પિતા અને બહેન તાલિબાનોના આંતકનો ભોગ બનતાં મહંમદને પાકિસ્તાન જવું પડે છે.

આ નવલકથામાં સમય સંકલ્પના, વાર્તાતંતુ, પ્લોટ, પાત્ર કે ચરિત્ર નિર્માણ, વાતાવરણ શૈલી સંઘર્ષ નાટ્યાત્મકતા જેવાં ઘટક તત્વોનો જે રીતે ઉપયોગ થયો છે.તે જોતાં નવલકથાનું સ્વરૂપ અખંડ-અવિભાજ્ય રહ્યું છે.પાત્ર, પરિસ્થિતિ કે વાતાવરણ અને કથા કથન વિગેરે અંગોને એક રસ કે સમરસ બનાવી તેનું સંવિધાન મહત્વપૂર્ણ છે.કૃતિના આરંભથી વિરાટનું પાત્ર ભાવકની ચેતનાને સંકોર્યા કરે છે.તો ચીકી દ્વારા જીવનરસના રંગીન ફુવારાનું વૈવિધ્ય પ્રગટ થાય છે.મહંમદના પાત્રમાં માનવનિયતિનું નૂતન સત્ય પ્રગટ અનુભવાય છે.પરિવર્તનશીલ વિશ્વની આ લીલામાં જીવનનાં એકાધિક પ્રશ્નો અને દૂરિતો વચ્ચે સંકુલ અને અકળ માનવ ચિત્તની વિષમતાઓ વચ્ચે યાંત્રિકતા, યંત્રયુગની એકલતા, હતાશા અને નિભ્રાન્તિ વચ્ચે આ નવલકથા માનવજીવનના અનેક પાંસાઓને દિપ્તીમંત કરી ઉજાળી શકવાની શક્યતા બનાવે છે.

નવલકથાને વિદ્વાનોએ ભલે કંદ્દિઝીજજ કંદ્દિ ંક ઝૈંદ્દિંદ્દિં કેંષ્ઠીં ંરીષ્ટીગિણાવી હોય પરંતુ આ ંરીષ્ટી માત્ર મનોરંજનથી આપવું તે માનવ જીવનને નવી ઓળખ, વિચાર, દષ્ટિ અને સમ્યક સમજણ સાથે નૂતન દષ્ટિ પણ આપે છે.રચનારીતિની કુનેહએવી અદભૂત છે કે રોમેંટિક લાગતી આ કથામાં એકદમ ભાવ પલટો લાવી લેખક વાચકને આજની વિશ્વ સમસ્યા એવા આંતકવાદની વાતમાં એ રીતે ગરકાવ કર્યો છે કે સ્વાન ખીણોનું કાશ્મીર જેવું સૌદર્ય અને મહંમદના પિતા તેમજ બહેનના આંતકવાદી હુમલામાં થયેલ મૃત્યુથી વાચકને અવસાદમાં ખેંચી જવામાં લેખક સફળ નીવડી છે.કેમકે આંતકના ઓછાયામાં જીવતા લાકોનું હુબહું વર્ણન વાચકને ઘડીભર હચમચાવી દે છે.જો કે નવલકથામાં ફલેશબેક ટેકનીકનો ઉપયોગ ખાસ ક્યાંય થયો નથી.મોટા ભાગે સીધીલીટીમાં નવલકથા ચાલે છે.

લેખકનો અભ્યાસ તેમજ પૂર્વ-પશ્ચિમનું ઉત્તમ વાંચન તેમના ગદ્યને પ્રાંજલ બનાવે છે.ગદ્યમાં મધુરતા-ઋજુતા અને પ્રવાસી પણાનો સુમેળ જોઈ શકાય છે.નાયગરા હોય કે સ્વાનનું સૌંદર્ય કે પછી મુંબઈ નગરીનું જનજીવન આથી સ્થળ વિશેષોનું સ્મરણીય ચિત્ર હૃદયંગમ લાગે છે.અહીં માંગ શબ્દ અને અર્થનું સાયુજ્ય નથી પણ જીવતી ધબકતી શ્વસતી અમીર એવી અનૂભુતિ છે.જે યથાર્થની યાત્રા આરંભે છે અને પહોંચે છે.યથાર્થના શિખર તરફ ત્યારે લાગે છે કે અહીં વાસ્તવનું કલાતત્વમાં રૂપાંતર થયું છે.સતત પરિવર્તનશીલ માનવજીવનની લીલાને નવલકથાનો સુગ્રંથિત આકાર આપવો અતિ દુષ્કર કર્મ છે.'દીવાની એક વાટ'ને શબ્દોથી કઈ રીતે આકાશીત કરવી? નવલકથાની સૃષ્ટિએ સર્જકની વિશિષ્ટ સંવેદનાની એક સૃષ્ટિ છે.લેખકની સ્વકીય સંવેદન શીલતા તેમાં ડોકીયાં કરતી હોય છે.જગતની અપાર વિવિધતા, વિસંગતિઓ અને વિષમતાઓને નવલકથાકારે અહીં એક આકાર, તરાહમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે.સાંપ્રત ઘટનાઓને કાલ્પનિક દસ્તાવેજી કથાના વાહન પહેરાવીને વાચકના મનમાં પડેલ દેશદાઝને પોતાના વિચારોની અભિવ્યક્તિથી મૌલિક રીતે રજૂ કરી નવલકથાના પાત્રોની સાથે વાચકને જોડવાનો પણ સુંદર પ્રયત્ન કર્યો છે.પોતે કદાચ ક્યારેય ગયા ન હોવાં છતાં ઈલેક્ટ્રોનિક માધ્યમો અને વિશાળ વાંચનના નિશંકોચ રૂપે લેખકે પાકિસ્તાનના સ્વાત વિસ્તારના લોકોમાં રહેલ તાલીબાનોના આંતકની પ્રસ્તૃતિ ટેક્સી ડ્રાઈવર કાસમના પાત્ર દ્વારા કરી છે.તે તાલીબાનોના જાયને કારણે મહંમદને કારમાં સંગીત વગાડવાની ના પાડે છે.ઉપરાંત ત્યાં છોકરીઓ શાળાએ જઈ શકતી નથી તે બાબત તેમજ તાલિબાનોના અવારનવારના હુમલાની વાતો વાંચતા સ્વાત વિસ્તારની નોબેલ પુરસ્કાર વિજેતા બહાદુર દિકરી મલાલા યુસુફની અને એકાદ વર્ષ પહેલાં એક મીલીટ્રી સ્કૂલના બાળકો પર થયેલા હુમલાની ઘટના માનસપર તાજી થાય છે. મહંમદના પિતાની યુવક દ્વારા હુમલાનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના દ્વારા તકેદારી છતાં એક વ્યક્તિનું મોત વાચકને સ્વાત વિસ્તારની વાસ્તવિકતાથી પરિચિત કરાવે છે.

મહંમદ ટોરેન્ટો પાછો આવે છે તે પછી કોલેજમાં એક ભારતીય મુસ્લીમ વિચારક પ્રા.ખાન દ્વારા વ્યાખ્યાનો પ્રસંગ પણ લેખકે ખૂબ સૂચક રીતે મુકેલો છે.તેમાં ઘુસી આવેલ બે આંતકવાદીઓ પૈકીના એકનો હૃદય પલટો થતાં આત્મસમર્પણ કરે છે.જ્યારે બીજો હુમલો કરવાં જતાં પકડાઈ જાય છે.એ ઘટના પણ વિદેશની ધરતી પર ફેલાયેલી ઓતકના ઓછાયા ને રજૂ કરે છે.પ્રો.ખાન જીનીવામાં વર્લ્ડ રીલીજીયસ કોન્ફ્રન્સમાં જઈ આવેલા છે.તેનાથી પ્રભાવિત મહંમદને તેઓ ઈસ્લામ અંગેના ત્રણ પુસ્તકો આપે છે જેમાં ઈસ્લામ અંગેની સાચી હકીકત લોકો સુધી પહોંચે તે ઉદ્દેશ સમાયેલો દેખાય છે.

પરીક્ષા દરમ્યાન દસ દિવસ ત્રણે મિત્રો મળી શકતા નથી પરંતુ પછી સાથે મળી ટોરેન્ટોના જોવાલાયક સ્થળોમાં ફરી વળે છે.કેમકે અભ્યાસ પુરો થતાં હવે ત્રણેને સ્વદેશ પાછા ફરવાનું હોય છે.મહંમદ પાકિસ્તાન તેમજ વિરાટ અને ચીકી ભારતમાં મુંબઈ પાછા ફરે છે.ચૌદ કલાકની નોન સ્ટોપ ફલાઈટમાં બંન્નેને એકબીજાની સારી કંપની રહી.મુંબઈમાં વિરાટને આઠ કલાકે પહોંચવાનું હતું.એની અમદાવાદની ફલાઈટ સાંજના હતી.તેથી વિરાટ મુંબઈનાં ચીકીના ઘેર રોકાતાં તેના કુટુંબ સાથે પરિચય થાય છે.ચીકીના પિતા કંચનભાઈ અને માતા કુન્દનબેન વિરાટના વ્યક્તિત્વથી પ્રભાવિત થાય છે. તો મહાલક્ષ્મીના મંદિરે દર્શન અને છેલ્લે ચીકી દ્વારા તેના પ્રેમની સ્વીકૃતિને મહોર મારી વિરાટ તેના ગામડે પાનસર જવા મુંબઈથી ફલાઈટમાં અમદાવાદ જવા રવાના થાય છે.

(ક્રમશ..)

નટવર હેડાઉ

# રોજર ડુબુઈની પિરેલી સાથે ભાગીદારી

રોજર ડુબુઈના સીઈઓ જીન-માર્ક પોન્ટ્રોએ તાજેતરમાં સ્વીસ ફાઈન વોચિસના નિર્માતાની આઈકોનિક ટાયર નિર્માતા પિરેલી સાથે ભાગીદારીની ઝમગદાર ઉજવણી કરતા આ ભાગીદારીના પ્રતિક તરીકે નિર્મિત વિશેષ ઓલ-ન્યુ સ્પેશીયલ એડિશન ટાઈમપીસને દુબઈમાં ધ એડ્રસ બોલવાર્ડ ડાઉનટાઉન હોટેલમાં વિશેષ આમંત્રિત વીઆઈપી મહેમાનો સમક્ષ પ્રસ્તુત કરી હતી.

રોજર ડુબુઇ અને પિરેલીએ તેમની ઉત્તેજનાયુક્ત ભાગીદારીના આગલા ચરણમાં આ મે માસ પ્રસ્તુત કરેલ એક્સકેલિબર સ્પાઈડર પિરેલીના નવસર્જન સાથે ખુબ



ઝડપથી આગળ વધ્યા છે. વિશેષાધિકૃત વિશિષ્ટતા, પ્રબલ પૌરૂષતત્વ અને નાણાંથી ખરીદી ન શકાય તેવો અનુભવ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતા જેવી લાક્ષણિકતાઓ ધરાવતી રોજર ડુબુઇ અને પિરેલી વચ્ચે શ્રેષ્ઠ ભાગીદારી છે,જેના મુળ એ વાસ્તવિકતામાં છે કે જેઓ પોતાની કાયમી છાપ છોડવા ઈચ્છે છે તેમને વિશેષ સેવાઓ મળવી જ જોઇએ.

# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...




## ચોકલેટ ઢોંસા...

સામગ્રી : કોકોનેટ મિલ્ક ૧ કપ, કેળા ૧ નંગ, બુરૂં ખાંડ ૧-૪કપ, બેકીંગ સોડા ૧-૨ ટીસ્પૂન,મેંદો ૩ ટી. સ્પુન, તેલ ૨ ટી.સ્પુન, ચોકલેટ જરૂરીયાત પ્રમાણે, પાઈનેપલ સ્લાઈસ ૩થી ૪ નંગ, બુરું ખાંડ ૧ ટી સ્પૂન, કોકો પાઉડર ૧ ટી.સ્પૂન, ફુદીનાનાં પાન ૨ થી ૩ નંગ.

રીત : બ્લેન્ડરમાં કોકોનટ મિલ્ક, બુરૂં ખાંડ, બેકીગ સોડા, મેંદો મિકસ કરી ઢોંસાનું મિશ્રણ તૈયાર કરો. નોનસ્ટીક પેનમાં ખીરૂં પાથરી સહેજ તેલ લગાવીને ઢોસાને ગોલ્ડન બ્રાઉન થવા દો. ચોકલેટની ચીપ્સ બનાવી તેને ઢોંસાની વચ્ચે પાથરી તેને વાળી લો. ઢોંસા ઉતરી જાય એટલે તેને સર્વીંગ પ્લેટમાં મુકી તેના ઉપર ચોકલેટ સીરપ રેડો.

પાઈનેપલની સ્લાઈસને ઢોંસા ઉપર મુકી ગાર્નિશ કરો. હવે બુરૂં ખાંડ તથા કોકો પાઉડર તેના ઉપર ભભરાવી ફુદીનાનાં પાનમુકી ઢોંસાને ગાર્નિશ કરો.



# પતિ-પત્નીના સંબંધોને ખુશ રાખો

### નારી ચેતના

ઈમોશનલ એટેચમેન્ટ વિના પતિ-પત્નીના સંબંધોની ઈમારત મજબુત નથી બનતી. લગ્નને તાઉમ્ર નિભાવવા માટે પાર્ટનર. એકબીજાની ભાવનાઓ સમજવી બહુ જરૂરી છે. સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે મહીલાઓ કાયમ પતિની સ્પર્શ અને પ્રેમભરી વાતોથી જ ખુશ થઈ જાય છે પરંતુ પુરૂષોની ભાવનાઓને સમજવી અને તેમને ખુશ કરવા એક રીત તો અઘરી વાત છે. આ અઘરા કામને કેવી રીતે સરળ બનાવી શકાય તે જાણીએ.

પાર્ટનરને સમજો : પાર્ટનરને ઈમોશનલી ખુશ રાખવા માટે સૌથી પહેલાં તેમને સમજવાની કોશીશ કરો. તેમની પસંદ, નાપસંદ, ગમા-અણગમા વગેરેના વિશે ઉંડાણપૂર્વક જાણો. જ્યારે તેમની બધી જ પસંદ-નાપસંદ ખબર પડી જાય ત્યારે કોઈ એવું કામ ન કરો જે તેમને પસંદ ન હોય. આવુ કરીને પાર્ટનરને ભાવનાત્મક રીતે ખુશી આપશો. વ્યર્થવાદવિવાદ અને ઝઘડાથી પણ બચી જશો. પુરૂષો મહિલાઓની સરખામણી ઓછું બોલતા હોય છે. તેઓ પોતાની ભાવનાઓને જલદી જાહેર નથી કરી શકતા હોતા. એવામાં તેમની ન કહેલી વાતોને પણ સમજી લેવી એક સમજદાર પત્નીની નિશાની છે. પુરૂષ ભલે સાહસી અને હીંમતવાન હોવાનો દાવો કરે પરંતુ સાચું તો એ છે કે તેઓ અંદરથી કમજોર અને ઈનસીકયોર અનુભવ કરતા હોય છે. એવામાં તેમને આંતરિકપણે મજબુત બનાવવા માટે એ સાબીત કરવું જરૂરી છે કે તમે દરેક ક્ષણે તેમની સાથે છો.

વાતચીત જરૂરી : કાયમ પુરૂષો મહિલાઓને ગોસીપ કવીન, ચેટરબોકસ વગેરે જેવા નામોથી બોલાવતા હોય છે. જ્યારે હકીકત એ છે કે ગપ્પાં મારવામાં પુરૂષો મહીલાઓથી સહેજ પણ પાછળ નથી. જો તમે તેમની સાથે તેમના પસંદીદા ટોપીક ઉપર વાતો કરો તો તેમને બહુજ ખુશી થતી હોય છે.જે પુરૂષોની પત્ની તેમની વાત માને છે તેમનામાંરસ દર્શાવે છે ત્યારે તેઓ પોતાને ખાસ અનુભવવા લાગે છે. વાસ્તવમાં આ પ્રકારની ભાવનાત્મક લાગણીથી કપલ્સના સંબંધોનો દોર મજબુત બને છે. એટલે પતિ-પત્ની વચ્ચે ઈમોશનલ હેપ્પીનેસનું હોવું બહુ જરૂરી છે અને તેના માટે પાર્ટનરની વાતો સાંભળો અને માનો પણ.

શો ઓફ ન કરો : તમે જેવા છો એવા જ પાર્ટનરની સામે પણ રહો. એટલે કે પોતાના વ્યવહારમાં કોઈપણ પ્રકારનો બદલાવ ના લાવો. ખોટી વાતો અને શો ઓફથી દુર રહો. પતિની સામે તમારી ઈમેજ બિલકુલ સ્પષ્ટ અને પારદર્શી હોવી જોઈએ. જેથી તેઓ તમારી આંખો જોઈને તમારા દિલની વાત સમજી શકે. તમારો પારદર્શી વ્યવહાર પાર્ટનરને ઈમોશનલ એટેચમેન્ટ અને ખુશીનો અહેસાસ કરાવે છે. તેઓ ઈચ્છે છે કે તેમના સંબંધમાં કોઈ પ્રકારનો શો ઓફ ન હોય. બધું જ બિલકુલ ટ્રાન્સ પરન્ટ એટલે કે સ્પષ્ટ હોય.

શિખામણ ન આપો : તમારા પતિ તમારી સાથે બધી જ વાતો શેર કરે છે .એ બહુ જ સારી વાત છે પરંતુ તેનો અર્થ એ નથી કે તમે તેમની દરેક નાની મોટી બાબતમાં હસ્તક્ષેપ કરો અથવા શીખામણ આપવા લાગો. પુરૂષોને પત્નીઓની શિખામણ પસંદ નથી હોતલ. એટલે પાર્ટનરને શિખામણ કે સલાહ આપવાની કોશીશ કયારેય ન કરો. જો તમારા પતિ સામેથી તમારી પાસે કોઈ સલાહ માગે તો પ્રેમથી તેમને સલાહ આપો પરંતુ એવો હઠાગ્રહ ન રાખો કે તમારા પતિએ તમારી જ સલાહ માનવી જોઈએ. પતિ-પત્નીના સંબંધોમાં આવા આગ્રહ કયારેક મનમાં કડવાશ ઉભી કરી દે છે.

ખુશીનો અહેસાસ કરાવો : પતિને ઈમોશનલી ખુશ રાખવા માટે તેમને એ વાતનો અહેસાસ કરાવો કે તમે તેમની સાથે ખુશ છો. સાથે જ તેમને એ પણ જણાવો કે તમારી બધી જ અપેક્ષાઓ અને ઈચ્છાઓને પુરી કરવામાં તેઓ સક્ષમ છે અને તેમનો સાથ મેળવીને તમે પોતાને જ બહુ ભાગ્યશાળી માનો છો. વિશ્વાસ કરજો તમને ખુશ જોઈને તેમને પણ બહુ જ ખુશી મળશે. પુરૂષોને એ વાતની જાણ તાય કે તેઓ પોતાની ફરજ નિભાવી રહ્યા છે અને તેમની પત્ની તેમનાથી ખુશ છે. તો તેમને ભાવનાત્મક સંતુષ્ટીનો અહેસાસ થાય છે. એટલે સફળ સંબંધો માટે પાર્ટનર પાસે પોતાની ખુશીનો ઈઝહાર કરવાનું ન ભુલશો. તમારી ખુશીમાં જ તેઓ ખુશ છે.

- ડાલી જાની

# અન્યાયનો પ્રતિકાર

### મન દર્પણ
મંજુ પ્રજાપતિ

જુઓ બા તમે અશ્વિનને શાંતિથી પુછો અકડાશો તો એ સાચો જવાબ કયારેય નહીં આપે. તમારી અને બાપુજીની હાજરીથી પણ એ ડરે છે તો સામે જવાબ આપવાની તો વાત જ કયાં રહી ? અને વળી એમાં તમે આટલાં ગુસ્સે થઈને કહો એટલે એ તો મોંઢામાંથી મગનું નામ મરી નહીં પાડે..

કેમ તું મારા છોકરાને બાયલો કહેવા માંગે છે ?

બા મેં એવું કયારે કહ્યું ?

તો મારા દિકરા કે મારી સાથે બોલતો કરીને તારે શું પુરવાર કરવું છે?

બા તમારા દિકરાના જવાબ પર મારી જીંદગીનો આધાર છે. મારા ચારિત્ર પરનો ડાઘ એના જવાબ પર નિર્ભર છે. તારા ચારિત્ર્યને તારા કુકર્મે જ ડાઘ લાગ્યો છે. બાપના ઘેર સખણી રહી નથી અને મારા દિકરાનો ભવ બગાડયો.

બા, પ્લીઝ એવું તમે ના બોલો, અશ્વિન તમે બાને રોકો, તમે સાચી હકીકત જાણો છો પછી મુંગા કેમ ઉભા છો ? બોલોને અશ્વિન ?

રાધી તું એની સાથે નહીં મારી સાથે વાત કર.. હવે માત્ર હું નિર્ણય આપીશ અને એમ જ થશે..

તમારો નિર્ણય હું જાણું છું બા..!

તો પછી પકડ હાથમાં તારા બાપનો આપેલો ગવારો.. અને નીકળ અહીંથી..

બા વગર વાંકે મને ગુનેગારની કસ્ટડીમાં ઉભી રાખી સજા ફટકારી દીધી. તમે સ્ત્રી થઈને મારી વેદનાને સમજવા તૈયાર નથી. હું કયાં જઈશ ? મારી જગ્યાએ તમારી દીકરી હોય તો ?તમે શું કરશો ?

ખબરદાર જો મારી દિકરીનું નામ લીધું છે તો ? તારા જેવી કુલક્ષણી મારી દિકરી ન હોય સમજી ?

ગાળો અપશબ્દોનો વરસાદ વરસાવી સાસુમા એમના રૂમમાં ચાલ્યા ગયા. સધી અશ્વિનસામે જોઈ રહી છે આંખોમાંથી ધડધડ આંસુડાની ધારાઓ વહી રહી છે. પણ સધીની નજરનો સામનો કરવાની હિંમત અશ્વિનમાં નથી. નીચું મોં રાખીને લાચારી દર્શાવતો પોતાના રૂમમાં ચાલ્યો ગયો. રાધી રસોડામાં જઈ નિત્યક્રમમાં લાગી જાય છે. અંકિતના જન્મ પછી ઘરની કાયાપલટ થઈ ગઈ હતી. જ્યાં એનો પડયો બોલ ઝીલાતો હતો પાણી માંગે તો દુધ હાજર થતું હતું એ ઘરમાં આજે અપમાનજનક શબ્દો ગાળો સાંભળવા મળે છે.. ઘરનાં બધાં કામો એનાં માથે નાખી દીધા છે. પોતાના બાળકને પેટ ભરીને સ્તનપાન કરાવવાનો પણ તેને ટાઈમ નથી મળતો. બિચારો પારણામાં રડતો રડતો થાકીને સુઈ જાય છે. કોઈ પારણાની દોરી પકડી હાલરડું ગાઈ હીંચકો પણ નથી નાખતું. થોડા મહીના પહેલાં ઘરમાં દિકરી અવતરે એની બધાં કાગડોળે રાહ જોતા હતા. દિકરો અવતર્યો પણ ખરો , છતં આજે એ દિકરાને છાનો રાખવાની પણ કોઈ દરકારલેતું નથી. શું થઈ ગયુ? સધી વિચાર કરે છે.

કોની ભુલ ? મારા સપનાંનો મહેલ આજે ભડકે બળે છે એમાં મારી કેટલી ભુલ ? જે કાર્યમાં અમે બંને સહભાગી હોઈએ તો સજાને માંચડે હું એકલી જ શા માટે ? સાત સાત જનમો સુધી સંગે જીવવા મરવાની કસમો ખાનાર અશ્વિન આજે એક ભવમાં જ સત્યના પંથ પર પણ મને સાથ નથી આપતા ? કેમ કેવો પ્રેમ છે એમનો ? આવો પતિ હોય તો ય શું ને ના હોય તો શું ? એક મર્દ તરીકે પોતાની પત્નીને બચાવી નથી શકતો. જબરજસ્તી આ ઘરમાં રહીને હું શું મેળવી લઈશ ? જ્યાં મારૂ કોઈ નથી ત્યાં રહીને હું શું કરીશ ? એમની મરજી વિરૂદ્ધ અહીં રહીને હું શું પુરવાર કરી લઈશ ? મને આ કલંકમાંથી ઉગારના અશ્વિન જો મોંઢું નહીં ખોલે તો રોજ રોજની આ માથાકુટ, અપમા મારા મગજને ગાંડુ બનાવી દેશે. હુંમારા બાળકને કાંઈ નહી આપી શકું , એનો વિકાસ રૂંધાઈ જશે. બસ બહુ થયું નથી રહેવું હવે મારે અહી..?

એણે એક ડગલું ભર્યું ત્યાં એના આભામાંથી અવાજ આવ્યો. પણ હુંઅહીંથી હવે કયાં જઈશ ? જીવન સરળ નથી. માથા પર બદચારિત્રનું કલંક છે. જે આજે ઘરની ચાર દિવાલની અંદર છે. કાલે આખી દુનિયા જાણશે શું કરીશ ? મમ્મીના ઘરે જઈશ પણ ત્યાં જઈને શું જવાબ આપીશ ? અનુસંધાન પાના નં.૬

### રસથાળ

#### મીઠા લીમડાની ચટણી

સામગ્રીઃ ૨ વાડકી મીઠા લીમડાંના પાન, ૪ ટે.સ્પૂન તલ, ૨ ટે.સ્પૂન દાળિયા, ૪ નંગ લીલાં મરચાં, ૧ ટી.સ્પૂન અનાર દાણા, મીઠું.

રીતઃ મીઠા લીમડાના પાનને ધોઈને કોરા કરવા. સહેજ તેલ મૂકી ધીમા તાપે શેકવા. દાળિયા, અનાર દાણા, તલને પણ વારાફરતી શેકવા. લીલા મરચાંના કટકા કરી થોડા તેલમાં બરાબર સાંતળવા. એકદમ કડક થાય એટલે કાઢી લેવા. બધું જ બરાબર ઠંડુ થાય એટલે ભેગું કરી ખાંડી લેવું. બારીક ભૂકો કરવો. પ્રમાણસર મીઠું નાખી બરાબર હલાવીને બોટલમાં ભરી દેવું.

૦૦૦

#### લીંબુ- મરીની તીખી સેવ

સામગ્રીઃ ૨૫૦ ગ્રામ ચણાનો લોટ, ચપટી સંચળ, બે ચમચી મરીનો બારીક ભૂકો, બે ચમચી લીંબુનો રસ, પ્રમાણસર મીઠું, તળવા માટે તેલ.

રીતઃ ચણાના લોટમાં મીઠું, મરીનો ભૂકો, સંચળ, લીંબુનો રસ મિક્સ કરી સહેજ તેલ પણ નાંખવું. પછી પાણી નાખી સેવની કણક તૈયાર કરો. એક કડાઈમાં તેલ ગરમ મૂકી,સેવ પાડી લો. ઠંડી પડે એટલે ડબ્બામાં ભરી લો.

#### ભાતના મુઠિયા

સામગ્રી - ભાત એક વાડકો, કણકી કોરમાંનો લોટ( કણકી કોરમાનો લોટ ન હોય તો જાડો લોટ, રવો, મકાઈનો લોટ અને થોડો ઘઉનો લોટ પણ લઈ બધુ પ્રમાણસર લેવુ) એક વાડકો, આદુ મરચાંનુ પેસ્ટ બે ચમચી, દહીં અડધો કપ, ખાંડ બે ચમચી, સમારેલા ધાણા એક કપ, મીઠુ સ્વાદ મુજબ, મરચુ એક ચમચી, હળદર.

કણકી કોરમાંના લોટ માટે - ૧ કિલો ચોખા, ૧૦૦ ગ્રામ ચણાની દાળ, ૧૦૦ ગ્રામ તુવેરની દાળ ને ૧૦૦ ગ્રામ મગ દાળ નાખીને કકરો લોટ દળાવી મુકો.

વધાર માટે - બે ચમચી તેલ, રાઈ, તલ અને કઢી લીમડો.

રીત - ભાત અને કણકી કોરમાનો લોટ ભેગા કરો, હવે તેમાં આદુ મરચાંનુ પેસ્ટ, દહી, ખાંડ, મીઠુ, મરચું, ધાણા, હળદર વગેરે નાખીને ઢીલો લોટ બાંધી લો. હવે આના મુઠિયા વાળી લો. એક તપેલામાં પાણી ઉકાળો, તેમા ચારણી મુકી તેની પર આ મુઠિયા મુકીને બાફી લો.

બાફેલા મુઠિયાને ઠંડા થવા દો, ઠંડા થયા પછી કાપી લો. એક કઢાઈમાં બે-ત્રણ ચમચી તેલ તપાવી લો, તેમાં રાઈ, તલ, કઢી લીમડો તતડાવી આ મુઠિયા વધારી લો. થોડા કુરકુરા થવા દો. વચ્ચે વચ્ચે હલાવતાં રહો. આ મુઠિયાને સોસ સાથે પરોસો.

આ મુઠિયા રાતના વધેલા ભાતના પણ બનાવી શકાય છે.

# જિંદગી તૂટી ગઈ...

### આગ ભીતર ભીતરની
રેણુ વિષ્ણુકુમાર બારોટ

રિપાર્ટ આવ્યો-પિતાજી- મારા પપ્પાને કેન્સર હોવાનો એ તો જાણતા જ ભાંગી પડ્યા હું સ્તબ્ધ થઈ ગયો. મારી મમ્મી તો જાણે તૂટી પડી. હોસ્પીટલ માંથી ઘેર આવ્યા. પત્નીને જાણ થઈ. એણે સીધી જ વાત કહી કેન્સર મટતાં નથી.. દરદીને ભરખી જાય છે.

એણે કહ્યું મને મારી પત્ની પૂર્વીને ચાર લાત ફટકારી દેવાનું મન થઈ આવ્યું. આ તો એવી વાત થઈ. કૂવા પાળે ઉભેલા અને પડી જવાની શક્યતા વાળાને ધક્કો મારવા જેવી વાત થઈ. હું ગુસ્સે થઈ ગયો. બોલી ઉઠ્યો. તને તો બોલવાનું ભાન છે કે નહી. કોલેજના ચાર વર્ષ કર્યા છે. પણ એટલું જાણતી નથી કે ઘરમાં રહેલા દર્દી સાથે કેવો વહેવાર થાય ?

એ ક્ષણેક મારે અને એના વચ્ચે ઝગડો થઈ જાત. પણ મારી મમ્મી કુમુદ આવી ગઈ. મને કહે ઘરમાં આ એક ટેન્શન થયેલું ઓછું છે તે તું વળી તકરાર કરે છે...

ને હું ખામોશ થઈ ગયો..ગઈકાલ સુધી તો ઘરનો માહોલ એવો સરસ હતો.પણ કેન્સરનો રિપોર્ટ આવતાં સુખની દિશા જ એક દમ બદલાઈ ગઈ.

એ સાંજ થઈ મારાથી આખરે ન રહેવાયું. પૂર્વીને તો બોલી જ નાખ્યું. તને ભાન પડે છે કે નહીં. આખરે મારો બાપ છે એમને કેન્સરનો રિપોર્ટ આવ્યો છે ને તું..

મેં એમાં શું ખોટું કીધું.. કેન્સરવાળા કોઈ બચતા નથી.અને તમે એક દિવસ જોજો..એ વાતને વાળવાનો પ્રયાસ કર્યો પણ પૂર્વી ન માની તે ન માની જાણે કે દુઃખમાં વધારો કરવાના પ્રણ લીધા હોય એમ..

હશે કહીને અમે શાંત થઈ ગયા. પણ સવારે આઠ વાગે પૂર્વીએ બેગ ભરી લીધી..

ક્યાં જાય છે.

મારા પિતા પાસે..

કેમ ?

મારે અહીં નથી રહેવું મારો જીવ ભરાઈ ગયો છે. બસ મારે જવું જ છે.

ઘરની બંધ જાખી એણે ખોલી એક પગ ઓટલાની બહાર મૂકી દીધો.જોતજોતામાં સોસયટીનો ઝાંપો વટાવી દીધો. મને જાણવાં મળ્યું કે મારા પપ્પાનો કેન્સર રિર્પોટ આવ્યો હતો. એને એમ હતું ઘરના કામ કરું છું હવે મારે કેન્સર ગ્રસ્ત સસરાની સેવા કરવી પડશે.ક્યાંક મને કેન્સર થઈ જશે તો હું પણ હેરાન થઈશ. અને અકાળ મૃત્યુ થશે.

એનો ખ્યાલ હતો. પણ પપ્પા તો મારા હતા. એમણે એમ કાંઈ મરવા દેવાય ?

મારી મમ્મી કુમુદ પૂર્વી થઈ એ તો આખો દિવસ રડતી રહી. વારંવાર કહેતી રહી. સસરો તો પિતા તુલ્ય હોય છે અને બિમાર માણસની સેવા કરવી પૂન્ય ના ચોપડે લખાય છે આ તો...

મારી મમ્મી રડતી રહી. પાસ પડોસના લોકો જાણી ગયા એમણે ગયેલી પૂર્વીને ઠપકો આપ્યો મા-મમ્મી કહેતી હતી. મારે તો બધીય બાજુનું દુઃખ પતિનું..પુત્રની ગયેલી પત્નીનું અને.. રાત્રે ભેગી થયેલી સ્ત્રીઓએ મારી મમ્મીને કહેલું કુમુદ બહેન હિંમત રાખો ભગવાન પર છોડી દો.. એ ઠાકોર જ બધું સારૂ કરશે..

પણ મારી મમ્મીની આંખમાં આંસુ જ હતાં. એણે ભગવાનની ભક્તિની રાહ પકડી લીધી પણ જાણે એને ભરોસો ન હતો.કારણ કે કેન્સરની મારા મારીમાં પોતાના ઘણાય સગાં ક્યાંક યુવાનીમાં ક્યાંક જૈફ વધે મૃત્યુ પામી ગયા હતા. એ બીમારી ઘરનો ઓટલો ઓળંગીને ઘરમાં ઘૂસી ચૂકી હતી. ઘરના મોભી એવા પિતાજી ને સંકંજામાં લઈ લીધા

સોસાયટીમાં મારી મમ્મી કુમુદની સારી છાપ હતી. કુમુદ બહેન..બહેન કરીને જાણે એમની જીભ સુકાતી હતી. તેઓએ કહી દીધું બહેન ગભરાશો નહી. અમે મદદ માટે તૈયાર છીએ.અડધી રાત્રે એ ઉઠાડજો જરૂર પડે તો..

પાસ પડોશી અને મારા મિત્રોનો ભરપૂર સહયોગ હતો.પણ પૂર્વી નો ઘેર આવવાનો કોઈ ઈરાદો ન હતો. ફોન કરી એ તો એ ઉપાડતી નહીં ના એના મા-બાપ સીધો-જવાબ આપતા ક્યાંક કહી પણ દેતાં કે અમારી પૂર્વી જ આવવા માગતી નથી ત્યાં અમે કેમ કરીને સમજાવીએ.

જીંદગી હતી. જાણે કટકે કટકે તૂટતી હતી. પપ્પાનો ઈલાજ ચાલું હતો.દવાઓ નિયમીત હતી. સૂચના મુજબ દવાખાને પહોંચી જતાં અને લોહીના રિપોર્ટ બે હતાં.. હું અને મમ્મી હોસ્પીટલની જુદી જુદી બારીઓ પર આંટાફેરા મારતા.. ક્યારેક મામા કહેતા કુમુદ ગભરાઈશ નહીં જે પૈસા થશે એ હું આપીશ મામા સવારથી સાંજ સુધી રહેતા મમ્મીને હિંમત આપતાં છે કે રાત્રે આઠ વાગે જતાં પૂર્વે મમ્મીને પાંચ કે ત્રણ હજાર હાથમાં મૂકી દઈને જતાં જતાં કહેતા જરૂરત પડી જાય તો લખજે. હું આવી જઈશ અને..મામાને અક્કલ હતી.પણ પુર્વીને અક્કલ ન હતી. સમાજમાં જેમ જેમ ખબર પડતી

અનુસંધાન પાના નં.૬

## કલમ કવિતા લખવા થનગનતી હોય અને વાર્તાનું બીજ રોપાઈ જાય ત્યારે જે ‘ઉઘાડ’ નીકળે અને મન મંદિરમાં વસી ગયેલ વ્યક્તિની શબ્દ છબીઓનું

### શબ્દ સમીપે
- નટવર હેડાઉ

આલબમ જો હાથવગું થાય તો તે કેવું હોય તે માટે આ પુસ્તકો તો વાંચવા જ પડે

વિદેશ વસતાં હોય છતાં વતનની માટીની મહેંક જેમના સાહિત્યમાં એક યા બીજા પ્રકાર પ્રસરતી આપણે જોઈ શકતા હોઈએ છીએ તેવા આપણા ગુર્જર સર્જકો પૂર્વ અને પશ્ચિમની વિચારધારાનો આલેખ આપતી પ્રવાહી અને રસાળ ચિત્તાકર્ષક ઘટનાઓથી ભરેલી વાર્તાઓની રચના કરી બે સંસ્કૃતિના સંઘર્ષને બદલે સમન્વય સાધવાની અને તે દ્વારા પોતાની સંવેદનાઓ વ્યક્ત કરવાની જે સાધના કરે છે. તેમાંથી આપણને વિશિષ્ટ પ્રકારની સુંદર કૃતિઓ પ્રાપ્ત થાય છે.

એકબાજુ વતનની યાદો તો બીજી બાજુ સમન્વય સાધતી સંવેદના હોય ત્યારે આ પ્રકારની વિશિષ્ટતાને કારણે સંસ્કૃતિના સંભારણ એ બધું ભળે ત્યારે કેવી વાર્તાઓ મળે તે વાંચવાની હોય તો આપણે પ્રીતમ લખલાણીની વાર્તાઓ તરફ દૃષ્ટિ દોડાવવી પડે.

હા, આજે મારે તમને તાજેતરમાં પ્રગટ થયેલા ‘ઉઘાડ’ વાર્તાસંગ્રહની વાત કરવી છે. જે વાર્તાઓ વિશે લેખક ખુદ કહે છે કે ‘આ વાર્તાસંગ્રહ મારા માટે એક યાત્રિની યાત્રા સમાન છે. પ્રવાસે નીકળેલા પ્રવાસીના પ્રવાસમાં જો ભક્તિ ભળી જાય તો તેના પ્રવાસ તેના માટે યાત્રાનું રૂપ ધારણ કરી લે છે. આ સંગ્રહની લગભગ તમામ વાર્તા મારી કલમ કવિતા લખવા થનગનતી હોય તે ક્ષણે જ મારાથી વાર્તાનું બીજ રોપાઈ ગયું હોય છે. આ અમૂલ્ય ઘડીને હું ‘ઉઘાડ’ થી વિશેષ શું કહી શકું?’

‘ઉઘાડ’ વાર્તા સંગ્રહમાં કુલ ૧૬ વાર્તાઓ છે. જેમ કે, તુલસી ક્યારો, ધુમાડો, રંગ, માળો, ઉઘાડ, ચિંધવા, મહાપ્રસાદ, વાસણ, પધરામણી, એન્કાઉન્ટર, ઘર, સમજણ, વાત મારી માન, બા ચાલો ઘેર, અશ્રુધારા, મહોરૂં વગેરે.

આ વાર્તાઓ ફળિયાના કુંડામાં માવજતથી સારા ખાતર પાણી સાથે ઉછેરેલા છોડ જેવી નથી પણ સીમ શેઢે ટાઢ, તડકો અને પવન સામે બાથ ભીડતા ઉગી નીકળેલા છોડ જેવી છે. વાતની પ્રતિતિ વર્તાઓમાંથી પસાર થતાં વાચકને થયા વિના રહેશે નહિં. લેખકે પોતાના નિવેદનમાં એકરાર કર્યો છે

અનુસંધાન પાના નં.૬

# ગોરા બનવા માટે આ ત્રણ વસ્તુઓનો ઉપયોગ કરો

### નારી

જયારે આપને ગોરા લોકો તરફ જોઈએ છીએ તો આપણને ઈર્ષ્યા થાય છે અને આપણો આત્મવિશ્વાસ ઓછો થાય છે પરંતુ આપણે એવું વિચારીએ છીએ કે ત્વચાનો રંગ બદલવા માટે કંઈ જ નથી કરી શકાતું. જોકે આ વાત સાચી છે કે આપણે સેલીબ્રીટીની જેમ ગોરપણું નથી મેળવી શકતા પરંતુ જો તમે પ્રયત્ન કરો તો તમે પણ પોતાની ત્વચાનો થોડો રંગ નિખારી શકો છો.

કેટલીક એવી કોસ્મેટીક સ્કીન કેર પ્રક્રિયાઓ છે જે તમારી ત્વચાને ગોરૂ બનાવશે જ પરંતુ તે ખુબ જ મોંઘુ છે તેમજ તેનાથી નકારાત્મક પ્રભાવ પણ થાય છે.

તો જો તમે એક અઠવાડીયાની અંદર ગોરી ત્વચા ઈચ્છો છો તો આ હોમમેડ પ્રાકૃતિક ઉપચારનો ઉપયોગ કરી શકો છો. આ સસ્તું છે તેમજ બનાવવામાં આસાન છે.

ફેયરનેસ સ્કીન પેક બનાવવાનીવિધિ

આવશ્યક સામગ્રી : હળદર ૧ ચમચો, ટામેટાનો રસ ૨ ચમચો, લીંબુનો રસ ૨ ચમચી.

પ્રાચીન સૌંદર્ય ઉપચારોમાં કહેવામાં આવ્યું છે કે હળદરથી ત્વચાનો રંગ નિખરે છે. હળદર મેલેનીન ગ્રંથિઓને સંતુલીત કરીને ત્વચાને ગોરી બનાવે છે. તે સિવાય હળદર ત્વચા માટે પીગમેન્ટેશન પર કામ કરે છે જેનાથી તમારી ત્વચાનો રંગ નિખરે છે.

ટામેટાનું જયુસ પણ ત્વચાને ગોરી બનાવે છે તેમજ કેટલાક દિવસો સુધી તેનો ઉપયોગ કરવાથી ત્વચા કોમળ બને છે કારણ કે આ તમારી ત્વચાને હાઈડ્રેટ કરે છે.

લીંબુના રસમાં એસીડીક ગુણ હોય છે જે બ્લીચીંગ એજન્ટ તરીકે કામ કરે છે તેમજ નિયમિત રીતે તેનો ઉપયોગ કરવાથી તમારી ત્વચાનો રંગ ગોરો બની જાય છે.

કઈ રીતે બનાવવુ ફેસપેક

આપેલ સામગ્રીને જરૂરી માત્રામાં એકે મોટા બાઉલમાં ભેળવી તેને મીકસ કરી પેસ્ટ બનાવો. આ પેસ્ટ ત્વચા પર લગાવો. ૧૫ મીનીટ સુધી લગાવીને ત્વચા પર રહેવા દો પછી ઠંડા પાણીથી ધોઈ લો. આ પેકને ૭ દિવસ રોજે રોજ લગાવો અને જુઓ કે તમારી સ્કીન કેવી નિખરે છે ?

# બ્રાઇડલ મેકઅપ બિલકુલ આસાન

### રૂપના રખોપા

ગરમીના સમયમાં જો યોગ્ય મેકઅપ ન કરવામાં આવે તો ઘણી વખત નવવધૂ હાંસીને પાત્ર પણ બની જઈ શકે છે. આ માટે મેકઅપ યોગ્ય રીતે કરવો જરૂરી બને છે. મેકઅપ દ્વારા નવવધૂનું સ્વરૂપ જ બદલાતું નથી, પરંતુ તેનું એક અનેરૂ વ્યક્તિત્વ બહાર આવે છે

લગ્નનો દિવસ એટલે વધૂ માટે જીવનનો સૌથી યાદગાર પ્રસંગ. તે દિવસે દરેક સ્ત્રીનું સ્વપ્ન હોય છે કે તે દુનિયાની સૌથી સુંદર સ્ત્રી લાગે. આ માટે તે મેકઅપનો સહારો લે છે. પરંતુ હવે આવતા ગરમીના સમયમાં જો યોગ્ય મેકઅપ ન કરવામાં આવે તો ઘણી વખત નવવધૂ હાંસીને પાત્ર પણ બની જઈ શકે છે. માટે આ માટે મેકઅપ યોગ્ય રીતે કરવો જરૃરી બને છે.મેકઅપ દ્વારા નવવધુનું સ્વરૃપ જ બદલાતું નથી પરંતુ તેનું એક અનેરું વ્યક્તિત્વ બહાર આવે છે. અને આ જ કારણે નવવધૂનો તે દિવસ મેકઅપ કરનારાના હાથમાં છે તેમ કહીએ તો, જરાય અતિશયોક્તિ નથી.ફાઉન્ડેશન વડે ત્વચાને નવો જ રંગ અને રૃપ આપી શકાય છે છતાં તેની પસંદગી ખૂબ જ જરૃરી છે. ખાસ કરીને ઉનાળાના સમયમાં ઓઈલ ફ્રી અને સનસ્ક્રીનયુક્ત ફાઉન્ડેશન વાપરવાથી સરળતા રહે છે. વધુ પરસેવો પણ થતો નથી અને સાથે ત્વચાના રંગને પણ ધ્યાનમાં લેવો જોઈએ. ત્વચાના પ્રકાર અનુસાર જો ઓઈલી સ્કીન હોય તો વોટરબેઝ ઓઈલ ફ્રી ફાઉન્ડેશન, સેન્સિટીવ સ્કીનવાળાઓએ વોટર બેઝ્ડ અને ડ્રાય સ્કીનવાળાઓએ ક્રિમ અથવા લિકવીડ ફાઉન્ડેશન વાપરવું જોઈએ.ક્યું ફાઉન્ડેશન તમારા માટે યોગ્ય છે તે જાણવા માટે થોડું ફાઉન્ડેશન ચહેરા પર લગાવી અરીસામાં જોવું. જો ફાઉન્ડેશન લગાડયું છે તેવી બહુ જાણ ન થાય તો તે તમારા માટે યોગ્ય છે. ખાસ કરીને ત્વચાના રંગ સાથે ભળતા ફાઉન્ડેશનોને પ્રાધાન્ય આપવું જોઈએ.જો ત્વચા શ્યામવર્ણની હોય તો એકદમ આંછી માત્રામાં ફાઉન્ડેશન લગાવવું.

મેટ આઈ મેકઅપ સાથે કોપરી ગોલ્ડ સારો દેખાવ સર્જે છે. તેની સાથે ડસ્ટી પિન્કી અથવા લાઈટ બ્લ્યુ શેડ સારા લાગે છે.ગૌરવર્ણી ત્વચા પર ગુલાબી શેડ અનેરી ચમક સર્જે છે. મધ્યમ કે ઘઉંવર્ણી ત્વચા પર પર્લી શેડ્સ સારી અસર બતાવે છે આવી જ રીતે વ્યક્તિની ત્વચા તથા તેના પરિધાન અનુસાર પણ વિવિધ પસંદગી કરી શકાય છે.ત્વચા પર ફાઉન્ડેશન લગાવવા માટે સૌ પ્રથમ ત્વચા પર મોઈશ્ચરાઈઝર લગાડવું જોઈએ ત્યારબાદ ચહેરાના વિવિધ ભાગો પર એટલે કે કપાળ, ગાલ, દાઢી અને નાક પર ફાઉન્ડેશન થોડી માત્રામાં એટલે કે ટપકાનાં રૂપમાં લગાવવું જોઈએ. ત્યારબાદ ચોખ્ખા અંજની સહાયતાથી તે ફાઉન્ડેશનને ચહેરાની ચારેબાજુ ફેલાવવું

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠામાં આકાશી...

**પાના નં.૧ ચાલુ**

પાણી પાણી નજરે પડ્યું છે. નીચાણવાળા વિસ્તારો જ નહીં ઊંચાણવાળા વિસ્તારો પણ બેટમાં ફેરવાયા છે. જાહેર માર્ગો દુકાનો અને ઘરોમાં પાણી ઘુસ્યા છે. સરકારી કચેરીઓમાં પણ પાણી ભરાયા છે. રસ્તા ધોવાતા અનેક ગામડા સંપર્ક ગુમાવી બેઠા છે. જ્યારે સતત પાણીમાં ગરકાવ ખેતરોના કારણે ખરીફ પાક સડી ગયો છે. કાચા- પાકા મકાનો અને વૃક્ષોનો પણ સોથ વળી ગયો છે. તેમાં પણ લાખણી, ડીસા, ધાનેરા, થરાદ અને વાવમાં અતિ ભારે વરસાદ અને ઉપરથી રાજસ્થાનનું પુર આવતા સ્થિતિ વણસી ચૂકી છે. આજે પણ અનેક સંપર્ક વિહોણા વિસ્તારોમાં પાણી ભરાયેલું છે. જ્યાં રેસ્ક્યુ ટીમ પણ પહોંચી શકે તેમ નથી. જ્યારે સિપુ અને દાંતીવાડા ડેમના દરવાજા ખુલતા બે કાંઠે વહેતી બનાસ નદી ગાંડીતુર બની ગઈ છે. જેના કારણે કાંઠા વિસ્તારના ડીસા, કાંકરેજ તાલુકો અને રાધનપુર પંથકમાં નવી આફત સર્જાઈ છે.

સતત વરસાદથી જિલ્લામાં અતિવૃષ્ટિ સર્જાઈ છે. જેના કારણે કરોડોનું નુકશાન થયું છે. હજુ પણ હવામાન વિભાગ દ્વાર બે દિવસ ભારે વરસાદની આગાહી કરાઈ છે. જેથી બનાસવાસીઓની હાલત કફોડી બની ગઈ છે.

## થરાદના ખેંગારપુરા...

**પાના નં.૧ ચાલુ**

સંચાલક અને ગામલોકોએ ખાટલાનો તરાપો બનાવી તેના પર મહિલાને રાખી જીવના જોખમે સવારે ભોરડુ પીએચસીમાં લઈ આવ્યા હતા.જ્યાં ડીલીવરી કરાવવામાં આવી હતી.ત્યાંથી પરત ફરતાં દસફુટ કરતાં પણ વધારે પાણીના પ્રવાહ સાથે વહેતી રેલ નદીમાં બે વ્યક્તિ ફસાઇ જવા પામી હતી.જે પૈકી એક તો મહામુસીબતે બહાર નિકળી જવા પામી હતી.જ્યારે ભલાસરા ગામના માનસેંગભાઈ પરાગાભાઈના ખેતર પાસે નદીની વચ્ચે એક હિંદીભાષી ખેતીનો ભાગીયો સવારે આઠેક વાગ્યાથી ફસાઇ જવા પામ્યો હતો.જોકે તે વિજળીના થાંભલાના સહારે ટકી રહ્યો હતો.હતો.જેને બચાવવા માટે મંગળવારની મોડી સાંજે આવેલી ટીમ રવાના કરવામાં આવી હતી.જોકે પાવડાસણમાં સોમવારથી ફસાયેલા લોકો તથા ગામલોકોનો પણ સંપર્ક તુટી જવા પામ્યો હતો.

## ડીસાના ૨૦...

**પાના નં.૧ ચાલુ**

છેલ્લા ત્રણ દિવસથી ફરીથી અતિવૃષ્ટિના કુદરતી કહેરે ડીસા તાલુકાના એજ ૨૦ ગામોને ફરીથી ઘમરોળી અસ્તવ્યસ્ત કરી દીધા છે. ડીસાના નાંણી, વરણ, દામા, પેછડાલ, ગુગળ, ટેટોડા, યાવરપુરા, લક્ષ્મીપુરા, ઝેરડા, કંસારી, વરનોડા, રામસણ, ગોઢા, શેરપુરા, સમશેરપુરા, જોરાપુરા સહિતના ગામો પુરની ઝપટમાં આવતાં હજારો લોકોની ઘરવખરી, અનાજ, દાગીના, રોકડ રકમ જેવી જીવનભરની પુંજી પણ તણાઈ ગઈ છે. જ્યારે ઢોર- ઢાંખર પણ મૃત્યુ પામ્યા છે અને ખેતીની ફળદ્રુપ જમીનો પણ ધોવાઈ ગઈ છે. સરકાર માત્ર નજીવી સહાય આપી રાહત કરશે પણ જીંદગીને ફરીથી રફતારમાં લાવવા કોણ મદદ કરશે તેવો ભાવ સૌના મનમાં છે.

બે વર્ષમાં એજ અતિવૃષ્ટિ, એજ ગામો એજ લોકો, એજ તંત્ર જાણે એક દુઃખદ ઘટનાની બીજી વરસીએ તેનું ફરીથી પુનરાવર્તન થયુ હોય તેમ કુદરતે ચાબખો માર્યો છે.

## થલવાડા નજીક...

**પાના નં.૧ ચાલુ**

(ઉ.વ.૨૮) પાણીમાં ગરકાવ થઈ જતાં તણાઈ ગયો હતો. સવારથી બપોર સુધી શોધખોળ કરવા છતાં પાણીમાં ગુમ થયેલ યુવકનો કોઈ જ પતો લાગ્યો નથી. દરમ્યાન ભાજપના તા. ઉપપ્રમુખ અશ્વિનભાઈ જી.સકસેનાએ ઘટના સ્થળે પહોચીં જિલ્લા કલેકટરને જાણ કરી ડીઝાસ્ટરની ટીમ મોકલવા વિનંતી કરી હતી. છતાં બપોરે ત્રણ કલાક સુધી સરદારીતંત્રની મદદ મળી નહોતી. સ્થાનિક લોકો દ્વારા પાણીમાં તણાઈ ગયેલ યુવકની શોધખોળ કરી હતી.

## કાંકરેજ તાલુકાના...

**પાના નં.૧ ચાલુ**

તાલુકાના ખારીયા, ટોટાણા - રૂની - રાણકપુર - કાટકોર - નવા - ચાંગા સહીતના ગામનો સંપર્ક કરવા અમારા તાલુકા પ્રતિનિધિએ પ્રયાસ કર્યો હતો પરંતુ બનાસના ઘોડાપુરના પાણી આ તમામ ગામોના માર્ગોને બંધ કર્યા હતા. જેના કારણે આંબલીવાસ , રૂની રોડ બાલવી માતાજી મંદિરથી આગળ, રાણકપુર બસ સ્ટેશન, પશુ ઉછેર કેન્દ્ર આગળથી માર્ગ બંધ હતો ને આ તમામ વિસ્તારમાં લોકો પશુઓ ફસાયેલા હતા. જેમાં અબોલ પશુઓ મૃત્યુ પામ્યાના દ્રશ્યો જોવા મળતાં હતા. ઘાસચારો - ઘરવખરી સહિતની સામગ્રી પાણીમાં તરી રહી હતી. વૃદ્ધો- બાળકો, મહિલાઓની સ્થિતિ કફોડી જોવા મળતી હતી. પાણીના ધસમસતા પ્રવાહમાં ઘાસના પૂળાના કાલોર રમકડાની જેમ તણાઈને હાઈવે પર આવ્યા હતા. લોકો ઘરના છાપરા ધાબા પર આખી રાત ભયના માહોલમાં ધોધમાર વરસાદમાં પસાર કરી હતી.

થરા- ઉણ વચ્ચે રાણકપુર પાસે પાણીના ધસમસતા પ્રવાહના લીધે બંને તરફ પાંચ- પાંચ કિ.મી. લાંબી વાહનોની કતાર લાગી હતી. બીજી તરફ સ્થાનિક લોકોને સગા- મિત્રવૃંદ જે તે ગામ તરફ ધસી આવતા આંબલીવાસ- રૂની રોડ- રાણકપુરા- ચાંગા તરફના રોડ પર લોકોનો ઘસારો વરસતા વરસાદમાં જોવા મળતો હતો. પશુ જાનહાનિનો મોટો આંકડો બહાર આવશે. તેવું જ માનવ જાનહાનિ બાબાતે ચર્ચાઈ રહ્યું છે. હવાઈ દળના હેલીકોપ્ટરની સતત ઉડાન ફસાયેલા લોકોને બહાર કાઢવા પ્રયત્ન કરતી હતી. એનડીઆરએફ રાણકપુર પાસે બોટ દ્વારા ફસાયેલ લોકોને કાઢવા મથામણ કરતી હતી. દિયોદર ડીવાયએસપી, થરા પી.એસ.આઈ., શિહોરી સીપીઆઈ તથા પોલીસ સ્ટફ પણ પુરના પાણી સામે લાચાર છતાં લોકોને કેવી રીતે બહાર કાઢવા તે બાબતે સતત પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. બચાવેલા ને વરસાદના પાણીથી ત્રસ્ત લોકોને શાળાઓ- ઉંચાણવાળા સ્થળોએ આશ્રય આપી રાહત સામગ્રી આપવા પ્રયાસ કર્યો હતો. સતત વરસતા વરસાદને હવામાન ખાતાની આગાહી વચ્ચે લોકોમાં વિહવળતા જોવા મળી રહી છે. કાંકરેજ તાલુકામાં અબોલ પશુઓને ઘરવખરીને ઘાસચારાને મોટુ નુકસાન થયાનું પ્રથમ દૃષ્ટિ જોવા મળે છે. તેમજ કેટલાક ગામોના નીચાણવાળા વિસ્તારમાં લોકોના મોત થયાની ચર્ચા છે. જેના આંકડા હજુ પ્રાપ્ત થયા નથી. કાંકરેજ તાલુકામાં છેલ્લા પાંચ દિવસથી આકાશી કહેર ઉતર્યો. જેણે ગત રાત્રે તબાહી બોલાવી છે.

## થરાદમાં સેવાભાવી...

**પાના નં.૩ ચાલુ**

રાહત બચાવ કામગીરી સાથે ભોજનની વ્યવસ્થા હાથ ધરાઈ હતી.આ અંગે પુર અને રાહત વિભાગના સુત્રોએ જણાવ્યું હતુંકે બુધવારે જીલ્લામાંથી સરકારી તથા મહેસાણાથી લાયન્સ કલબ તરફથી પણ ફુડ પેકેટ આવનાર છે.જોકે નગરના અસરગ્રસ્તોની મદદ માટે શહેરના વ્યાપારી સંગઠનો અને અગ્રણીઓ તથા વ્યાપારી સંગઠનો પણ આ માનવસેવાના યજ્ઞમાં સ્વેચ્છાએ આગળ આવે તે પણ જરૂરી છે.તંત્રએ પણ આ ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ કરી છે.

થરાદના આદેશ મંદીરમાં અસરગ્રસ્તો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ભાભર પંથકમાં...

**પાના નં.૩ ચાલુ**

ભાભર- રાધનપુર રોડ ઉપર સીસોદરા ગામ પાસે રોડ ઉપર પાણી વહેતા વાહન વ્યવહાર હાલ પુરતો ઠપ થઈ ગયો છે. જ્યારે ભાભરના વાવ- રોડ ઉપર કારેલા ગામથી નર્મદા કેનાલનું ગરનાળુ તૂટી જતાં રસ્તો બંધ થવાના વાંકે છે. ભાભરની નીચાણવાળી સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા છે. કેનાલો પણ તૂટી ગઈ છે. પરિસ્થિતિ ખરાબ થઈ છે. પંથકમાં વરસાદે વ્યાપક નુકશાન વેર્યું છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૭૫૦૦-૩૮૦૦૦** |
| રૂપુ કાચું | ૩૭૫૦૦-૩૮૦૦૦ |
| સોનુ તોલો | ૨૮૫૦૦-૨૯૦૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૦૦** |
| પામોલીન | ૮૮૫-૯૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૫૦-૧૨૨૫ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦-૧૬૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૩૦ |
| ૫ લીટર | ૩૯૫ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૨૮૦ |
| ૫ કે. કોપરેલ | ૮૪૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફ્લાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૦૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૦ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગઠ્ઠા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૨૦૦-૩૦૦ |
| સુકી ડુંગળી | ૧૪૦-૧૫૦ |
| લસણ | ૮૦૦-૯૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૮૦૦-૧૦૦૦ |
| લીબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૧૦૦૦-૧૧૦૦ |
| રીંગણ | ૪૦૦-૫૦૦ |
| ટામેટા | ૧૪૦૦-૧૬૦૦ |
| ભીંડા | ૪૦૦-૫૦૦ |
| કોબી | ૨૪૦-૨૮૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૪૦૦-૭૦૦ |
| **ગવાર** | **૯૦૦-૧૦૦૦** |
| બાદશાહ બટાકા | ૧૩૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૪૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

## ડીસામાં પૂર...

**પાના નં.૩ ચાલુ**

ડીસા શહેરમાં પૂરથી પ્રભાવિત અસરગ્રસ્તો માટે તાત્કાલિક અસરથી દૂધ અને પાણીના પાઉચની વ્યવસ્થા કરવામાં આવી હતી.જેથી બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મગનલાલ માળી, ગુજરાત રાજ્ય બાંધકામ વેલફેર બોર્ડના સભ્ય શશીકાંતભાઈ પંડ્યા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ સહિતની ઉપસ્થિતીમાં સંકલન કરી અસરગ્રસ્તોને દૂધ વિતરણ કરવામાં આવ્યુ હતું.જ્યારે મંગળવારે વહેલી સવારથી જ ડીસા માર્કેટયાર્ડના કર્મચારીઓ દ્વારા જુદી-જુદી ટીમો બનાવીને ડીસા શહેરના રેજીમેન્ટ વિસ્તાર, ઈન્દિરાનગર, ધુળીયાકોટ, શિવનગર, બેકરી કુવા વ્હોળા, ટેકરા વિસ્તાર, મીરા મહોલ્લા, ગવાડી વિસ્તાર, રાજપુર સહિતના વિસ્તારોમાં દૂધના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યુ હતું કે, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી દ્વારા તાત્કાલીક અસરથી પૂર અસરગ્રસ્તો માટે દૂધના પાઉચની વ્યવસ્થા કરવામાં આવી હતી.જેથી પાર્ટીના કાર્યકરો, રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ અને ડીસા માર્કેયાર્ડના કર્મચારીઓ દ્વારા પૂર અસરગ્રસ્તવાળા વિસ્તારોમાં જઈ દૂધના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## રેલ ટ્રેક ધોવાતા...

**પાના નં.૩ ચાલુ**

છાપી હાઈવેથી છાપી ગામ વચ્ચેના એપ્રોચ રોડ ઉપર આવેલું તળાવ ફાટતાં નાળું સંપૂર્ણ ધોવાઈ જતા ફરી માર્ગ બંધ થઈ ગયો હતો.તાલુકામાં વરસાદી તબાહી સર્જાતા તાલુકાનું તંત્ર ખડેપગે રહી પરિસ્થિતિ ઉપર નજર રાખવા સાથે તાત્કાલિક સર્વે હાથ ધરી રાહત કામગીરી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.છાપી તરફ આવવાના વરસડા, પસવાદળ, એદ્રાણા, મજાદર સહિતના તમામ માર્ગો ઉપર ગાબડાં પડતાં બંધ થતાં જનજીવન ઉપર માઠી અસર પડી છે.સોમવારે સાંજે છાપી હાઈ-વે ઉપર ફસાયેલા લગભગ ૧૫૦ નાગરિકોને છાપી હાઈ-વે ઉપર આવેલી અમી હોટલના માલિકો દ્વારા ભોજન આપવા સાથે રોકાવાની વ્યવસ્થા પૂરી પાડી માનવ સેવાનું ઉમદા કાર્ય કર્યુ હતું.જોકે વડગામ તાલુકામાં મૌસમનો કુલ બસ્સો ટકા વરસાદ થયાનું એટલે કે ૧૦૫૩ મી.મી વરસ્યો હોવાનું જાણવા મળે છે.

## રાધનપુર પંથકમાં...

**પાના નં.૩ ચાલુ**

પરંતુ વિજ પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો. જો કે વીજ તંત્રના નાયબ ઈજનેર બી.એસ.પટેલ. પોતાની ટીમ લઈને સવારે પહોચી ગયા હતા. અને વિજપુરવઠા ચાલુ કરવાની તજવીજ હાથ ધરી હતી. રાધનપુરમાં પટણી દરવાજા બહાર વડપાસર તળાવના સામે એક માલસામાન ભરીને જઈ રહેલી ટ્રક ખાડામાં ફસાઈ જતા આખુ પૈડું ખુંપી જવા પામ્યું હતું જેના કારણે લોકોને હાલાકીનો ભોગ બનવું પડયું હતું. દેલાણા ગામના સરપંચ રામાભાઈ આહિરના જણાવ્યા મુજબ ગામમાં બનાસ નદીના પાણી ઘુસતા ૧૫૦૦ ની વસ્તી ધરાવતા ગામના તમામ ઘરોમાં કેડસમા પાણી ફરી વળ્યા હતા. જેના કારણે તમામ ગામલોકો એક ઉંચાણવાળા ભાગમાં પહોંચી ગયા હતા. પરંતુ નર્મદાનો ડેમ તૂટ્યો હોય એટલી ઝડપે પાણી આવી રહ્યા હોઈ સલામતી જોખમાઈ હતી. હેલિકોપ્ટર દ્વારા ફુડપેકેટ મળે તેવી સરપંચે માંગણી કરી હતી. પ્રાંત અધિકારી એસ.ડી.ગિલ્વાના જણાવ્યા મુજબ રાધનપુર તાલુકાના પાંચ ગામો તેમજ સાંતલપુર તાલુકાના બે ગામોમાં ફસાયેલા લોકો હેલિકોપ્ટરથી એરલિફ્ટીંગ કરવાનું નક્કી કરાયું હતું. જેમાં રાધનપુર તાલુકાના મધાપુરા, મસાલી અને કમાલપુર ગામોનો સમાવેશ થતો હતો. જો કે પ્રાંત અધિકારી ઈમરજન્સી કામમાં હોવાથી ટેલિફોનિક વાતચીત પુરી થઈ શકી ન હતી. સરકારી તંત્ર દ્વારા અસરગ્રસ્તો સુધી ફુટપેકેટ પહોંચાડવાનુ નક્કી કરાતા સેવાભાવી એવા રઘુરામભાઈ ઠક્કર અને વિક્રમભાઈ જોષીના સહયોગથી પાંચ હજાર ફુડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા હતા અને જ્યાં પહોંચી શકાય હોય ત્યાં પહોંચીને ફુડપેકેટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું.

## આગ ભીતર ભીતરની

**અનુસંધાન ૫ નું ચાલુ**

ગઈ એમ એમ ખબર કાઢવા માટે લોકો આવતા. જતા જતા મમ્મીને કહેતા કુમુદ ગભરાઈશ નહીં પૈસાની જરૂર પડે તો કહેજે જો કોઈ સગું રાત્રીએ રોકાઈ ગયું હોય તો પૂર્વીની વાત ઉપડતી.સગાં કહેતાં સસરાની સેવા કરવાની હોય કે બાપના ઘરનાં ઓટલા ભાગવાના હોય.

સમયસર સર વહેતો ગયો. પપ્પાને કેન્સર મટાડવાના મમ્મીના બધા પ્રયાસો જાણે દરિયામાં ડૂબતાં હતાં. ડોક્ટરની દવાએ. લોકોએ. કરેલા ઉપચારો દોરા ધાગા..માનતા આખરે બધું નકામું થતું લોકો સૂચવે એ ઉપચારી પણ મમ્મી કરાવતી.

પણ પપ્પાનું શરીર તૂટતું ગયું ઉધઈ પ્રવેશી ગયેલા મજબૂત હાડકા જેવું..

આશાઓ તૂટતી હતી. અને ભર બપોરે ઉભું થયેલું અંધારૂ બારણે દસ્તક દેતું હતું.

વાત આખા સમાજમાં ફેલાઈ ગઈ. પણ ના પૂર્વીના મા-બાપે પૂર્વી ખૂદ આવી..એનો ઉંડો રંજ હતો. પણ શું થાય માણસના ભેજામાં જ્યાં સમજન ના હોય તો...

આખરે કાળ જીતી ગયો. અમે હારી ગયા. પપ્પાનું હોસ્પિલમાં મૃત્યુ થયું.મમ્મી ભાંગી પડી જાણે અમારા મારા ઘરનો જાણે સૂરજ ડૂબી ગયો. મે મારી મમ્મીનું ધ્યાન રાખવા નક્કી કરી દીધું. એનો હાથ પકડી લીધો. મને ખબર હતી મારી મમ્મી પપ્પાને કેટલો પ્રેમ કરતી હતી. એમના વગર હવે એકલા રહેવું...

એમ્બ્યુલન્સમાં પપ્પાને ઘેર લાવ્યા. સોસાયટીના લોકોને જાણ કરવા હું ગયો..મમ્મી ઘેર એકલી હતી.આવું છું. બધાયને કહી આવું.. મારી આંખોમાં હતા એનાથી દસ ગણા આંસુ મમ્મીની આંખમાં હતાં

હું આમ સોસાયટીમાં ગયો અને ઘેર મારી મમ્મીએ એના ડ્રેસનો દુપટ્ટો પંખે બાંધીને જીવ આપી દીધો. અને એ પૂર્વે ચાર લીટીમાં ચીઠ્ઠી લખી દીધી..ભાર્ગવ..તારા પપ્પા પાછળ જાઉં છું તું એકલો પડી ગયો છે. પણ ધ્યાન રાખજેહવે સિર્ફ તું અને તું છે.

કુમુદના આર્શીવાદ..

પપ્પા પાછળ મારી મમ્મી ગઈ. જાણે વાસણ ખાલી થઈ ગયું...

એ વાતને બે મહિના થયા. મારા મમ્મી પપ્પાનો કિસ્સો છાપે ચડ્યો.

એક સાંજે પૂર્વીએ માર ઘરમાં આવતાં પૂર્વે ઓટલે એનો પગ મૂક્યો પણ અમેં ના પાડી દીધી...

રેણું વિષ્ણુકુમાર બારોટ

અમદાવાદ

## શબ્દ સમીપે

**અનુસંધાન ૫ નું ચાલુ**

કે મેં ગુજરાતી સાહિત્યના નામાંકિત લેખકોની કૃતિઓ વાંચી નથી પણ એ બાબત તેમના માટે આશીર્વાદરૂપ નીવડી હોય તેમ પણ લાગે છે, કારણ કે તેમની વાર્તાઓમાં કોઈની છાયાને બદલે નરી મૌલિકતા અને સચ્ચાઈનો રણકો આપણે સાંભળી શકીએ છીએ. વાર્તાની માંડણી, તેના સંવાદો, પાત્રના મનોજગતને વ્યક્ત કરવાની સર્જકની આગવી રીત અને તે પછી અંતે એક નવા જ ‘ઉઘાડ’ નો અનુભવ સંગ્રહ લગભગ બધી જ વાર્તાઓમાં થાય છે. તે સાથેસાથે વાચને કંઈક નવો સંદેશ પણ મળે છે. જેમ કે તુલસી ક્યારો વાર્તાના અંતમાં લેખકે બાના પાત્રના મુખે કહેવડાવ્યું છે કે આંગણામાં ભલે તુલસી ક્યારો ન હોય તો કંઈ નહીં પણ ઘરમાં બે ચાર સારાં પુસ્તકો હોવા જોઈએ. ખરેખર! મારી દૃષ્ટિએ તો પુસ્તકો ફક્ત ઘર આંગણના મહેંકતા તુલસી ક્યારા છે. તો રંગ વાર્તામાં સીધો કોઈ સંકેત આપવાને બદલે આ સંવાદ ઘણું કહી જાય છે.‘તો પછી ભલા અમૃતલાલ, ભૂલી જાવ તમે ભૂતકાળના એ કાળા રંગને, રંગાઈ જાવ આજે અલી સાથે ધુળેટીના રંગે.’

ઉઘાડઃ (વાર્તા સંગ્રહ)

લેખકઃ પ્રીતમ લખવાણી

પ્રકાશક- ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ

કિંમતઃ- રૂા. ૮૫/-

શબ્દના આ આલમમાં ગમતાનો ગુલાલ કરાવતા મકરંદ દવે છે તો વિશ્વના હોઠો પર કરેલું ચુંબન રૂપે રમેશ પારેખ સાથેના ચાર દિવસમાં સંસ્મરણોની છબી પણ મળે છે. છલકાતી કાવ્ય ચેતનાના કવિ સુરેશ દલાલની સાથે સાથે ‘નયનને બંધ રાખીને, મેં તમને જોયા છે’ માં લેખક મનહર ઉધાસની સંગીત મઢી શબ્દ છબિ ઉપસાવી આવે છે. આજીવન સર્જક ચંદ્રકાન્ત બક્ષી હોય કે પછી અસ્મિતાની નિર્માતા કનૈયાલાલ મુનશી તેમની શબ્દ છબીઓ લેખકે આબેહુબ આલેખી છે. તે સાથે સાથે નામ, ધંધો, ધર્મને જાતિ ગઝલ એવા આ દિલ મનસુરી હોય કે મહેંક ભીના માણસ ગુલાબભાઈ જાની તેમની સાથે ઉત્સવ ઘેલા હરીશ પટેલને કંડારવાનું લેખક ભૂલ્યા નથી. તે છતાં પાંપણે ઝુલે બા નું સ્મરણ, અને બચુ ગાંડો જેવા શબ્દો તો આપણને વાંચતાં વાંચતાં વિચારતા કરી મુકે તેવાં છે. લેખક તે અંગે પોતાના નિવેદનમાં એકરાર કરતાં લખે છે કે આ શબ્દનું આલબમ મારા માટે એક દોસ્તીના, પ્રેમનાં નજરાનાથી વિશેષ કંઈ નથી. ઈશ્વરનો હું આભારી છું કે મારી યાત્રા, મારો પ્રવાસ અહીં આ ધરા પર પૂર્ણ થાય તે પહેલાં મન મેળામાં મળેલા મિત્રોનાં, ગમતાના ગુલાલ સમા શબ્દ ચિત્રો જે મારા મનમાં હતા તે બધાને શબ્દના આલબમમાં ગોઠવવાનો એક અવસર પ્રાપ્ત થયો. લેખકની એ વાત પણ મને તો બહુ ગમે જેમાં લેખક કહે છે કે શબ્દપ્રીત ના કારણે જ આજ લગી જે વ્યક્તિને હું મળી શક્યો નથી તેવી વ્યક્તિના હૃદય સાથે મારા મનમાં રણઝણતા તારને મેં જોડી દીધા છે. શબ્દની આંગળીએ ફરતાં મનમેળામાં અગણિત નામી અનામી વ્યક્તિ સાથે મારો પરિચય થયો છે. ઘણી વ્યક્તિનો પરિચય સમય જતાં પ્રેમમાં પલટાઈ ગયો છે. મારા પરિચયમાં આવેલ તમામ વ્યક્તિને મારી કલમે તેની પોતાની નજરે નિહાળી છે. મારી કલમ જો ઈચ્છતી હોય કે પરિચયમાં આવેલ તમામ વ્યક્તિનું એક શબ્દચિત્ર દોરી હું મારા શબ્દના આલબમમાં મઢાવી બહુ જ કઠિન છે. કારણ કે પ્રિય વ્યક્તિના કે મિત્રોના શબ્દ ચિત્રો દોરતા એક વાતનો ખ્યાલ જરૂર રાખવો પડે છે કે કલમને અજાણતા ક્યાંક મધપૂડો કે ઝેરપૂડો વળગે નહીં. અહીં આ શબ્દના આલબમમાં કોઈ વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ કે પક્ષપાત કર્યા વિના નર્યા પ્રેમની નિજાનંદે તેમનો પારદર્શક અને આત્મીય પરિચય આપ્યો છે.

શબ્દ આલબમમાં સુંદર શબ્દચિત્રો સજાવી આપવા બદલ અને હજુ વધુ સારા શબ્દના આલબમ મળતાં રહે તે માટે લેખકને અભિનંદુ છું.

શબ્દના આલબમમાં (વ્યક્તિ ચિત્રો)

લેખક- પ્રીતમ લખલાણી

પ્રકાશક- ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ

કિંમત રૂા. ૭૦/-

ઉપરોક્ત બંને પુસ્તકોના લેખક પ્રીતમ લખવાણીનો જન્મ તા.૧/૯/૧૯૫૨ માં મુંબઈ ખાતે થયો હતો. અર્થશાસ્ત્ર સાથે એમ.એ. સુધીના અભ્યાસની સાથે કોમ્પ્યુટરની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. તેમના અઢાર જેટલા પુસ્તકો પ્રગટ થયા છે. તે પોતાને એક ડાયસ્પોરા સર્જક કરતા કવિ તરીકે ઓળખવાનું વધુ પસંદ કરે છે તેવું તેમની સાથેના દૂરવાણી યંત્રના સંવાદથી જાણવા મળ્યું છે. તેમના કાવ્યસંગ્રહો ગોધૂલિ, દમક, સંકેત, એક્વેરીયમમાં દરિયો, એક મુઠી આકાશ અને ચિત્કાર મહત્વપૂર્ણ છે. તેઓ પોતાની કાવ્યાનુભૂતિ વિશે લખે છે કે ‘ઝાકળ ભીની સવારે ઘરની બારી ખોલું છું. ભૂરા આભ તળે ફળિયાનાં કુંડે હિલ્લોળા છોડની ગોદમાં ખીલેલા ફૂલને ડાળે ઝુલતું ભાળું છું અને મારાથી કવિતા લખાઈ જાય છે. તો ક્યારેક ઢળતી સાંજે વૃક્ષની ડાળે પાંદડે હિંચકતા કોમળ તડકાને, મારી બારીએ નિરાંતે પાંખ સંકેલીને બેઠેલા પતંગિયા જોડે ગુફતેગુ કરતું જોઈ મારી કલમ કવિતા લખવા થનગની ઉઠે છે.’ આવા કવિ તે મળવા અને સાંભળવાનું ચૂકવું ન જોઈએ એવું તમને નથી લાગતું.

નટવર હેડાઉ

## મન દર્પણ

**અનુસંધાન ૫ નું ચાલુ**

શું મમ્મીને કહી શકીશ કે પાકટ વયની તારી નાદાનીયતે મારા જીવનમાં તોફાન ખડું કરી દીધું છે .હું અબુધ હતી પણ તું તો સમાજથી ઘડાયેલી હતી. હુ સ્વતંત્ર સ્વભાવની હતી પણ સ્વચ્છંદી કયારેય નહોતી પછી મારાથી શું થઈ ગયું ? સાચા ખલટાનું મને ભાન ન રહે એટલી મારી ઉંમર નાની નહોતી. કાંઈ નહીં ઈશ્વરને જે મંજુર હશે તે પણ હવે અહીં તો નથી જ રહેવુ. આજે હાથ ઉપાડતાં વિચાર નથી કર્યો.. કાલે નહીં નહીં.. મારા દિકરાનું શું ?

સધી વિચારતંદ્રામાંથી બહારી આવી. રસોડાના કામને અધુરાં મુકી રૂમમાં ચાલી ગઈ. હાથમાં બેગ લીધી કપડાં ભર્યા.. અશ્વિન પલંગમાં સુતો છે. આંખો બંધ છેપણ ગાઢ નિંદ્રામાં નથી એ જાણે છે કે સધી બેગ ભરે છે મારી પાસેથી કાયમ માટે જઈ રહી છે. પણ એક શબ્દ બોલતો નથી. બેગ હાથમાં લીધી ને વિચાર આવ્યો.. જાઉં છું પણ મારા દિકરાના અધિકારનું શું ? એના ભવિષ્યનું શું ? સુખી કુટુંબમાં જન્મ લઈ દર દરની ઠોકરો એ શું કામ ખાય ? એનો અધિકાર તો એને મળવો જ જોઈએ.. બસ મનોમન નિર્ણય કરી લીધો. મક્કમતાથી તિજોરી ખોલી અને અંદરથી જવેલરી બોકસ બહાર કાઢયું. સધીનો બેડરૂમ ઘરની બરાબર મધ્યમાં હતો. બીજા બધાં રૂમ કરતાં વધારે સુરક્ષીત હતો એટલે સાસુજીની જવેલરી પણ એના રૂમના કબાટમાં રહેતી. સધીએ પોતાના દાગીનાની સાથે સાસુના દાગીના પણ બેગમાં ભર્યા અને કબાટને બંધ કર્યુ. બેગ લઈ દરવાજા તરફ ગઈ. તેને પગ ભારે થઈ ગયા. તેણેપાછું વળીને જોયું તો અશ્વિન તેની સામે જોઈ રહ્યો હતો. એની આંખોમાં, મુખ પર અપરાધ ભાવ હતો. પસ્તાવો અને લાચારી સાફ દેખાતી હતી. સધીની આંખો ઉભરાઈ ગઈ. તેણે જતાં જતાં કહ્યું..

## રૂપના રખોપા

**અનુસંધાન ૫ નું ચાલુ**

જોઈએ. વધુ પડતા ફાઉન્ડેશનને દૂર કરવા રૂનો ઉપયોગ કરવો. આ ઉપરાંત ગરદન, પીઠ વગેરે જગ્યાએ પણ તેનો ઉપયોગ કરવો જોઈએ.આ ઉપરાંત જો ચહેરા પર ડાઘ હોય તો કન્સીલર્સનો ઉપયોગ કરીને તેને ઢાંકી દેવા આ ઉપરાંત ચહેરાને યોગ્ય આકાર પણ આપી શકાય છે.ફાઉન્ડેશન જેવા જ રંગના ફેશ પાવડરને પસંદ કરવો અને જો ન મળે તો ટ્રાન્સલ્યુસન્ટ પાઉડર વાપરવો. પાવડરથી જાણે ફિનીશીંગ ટચ મળે છે.

વધારાના પાઉડરને સ્પંજથી દૂર કરો. આંખની નીચે થોડો પાવડર લગાડી દેવો. જેથી ત્યાં પણ ત્વચાનાં રંગ જુદો ન થાય.ચહેરા પર નેચરલ બ્લશરથી લાલી લગાવી શકાય. ઘણીવાર મેદથી યુક્ત ચહેરાને પાતળો બતાવવા માટે ગાલ નીચે થોડું બ્લશર લગાડવું. કાન અને નાક પાસેના ભાગમાં થોડું ફેલાવવું. બ્લશરને સારી રીતે ચહેરાપર બેન્ડ કરો. ગોળ ચહેરા માટે બ્લશરને ગાલથી નીચે તરફ ફેલાવો. ચોરસ ચહેરા માટે ગાલની ઉપર ગોળાકાર બ્લશર લગાવી નીચે ફેલાવો.

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## શામળાજી- ઉદેપુર નેશનલ હાઈવે નં.૮ વરસાદથી અકસ્માત ઝોનમાં ફેરવાયો

મોડાસા

અરવલ્લી - સાબરકાંઠામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં.૮ પર દર વર્ષની જેમ ચાલુ સાલે પણ વરસાદ શરૂ થતાંની સાથે જ હિંમતનગરથી શામળાજી રોડ પર ઠેરઠેર ખાડા પડી જતાં અને જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય મરામત ન થતાં છાશવારે વાહનો પલટી જવાના બનાવો બનતા હોય છે. ત્યારે ગંભોઈ નજીક લકઝરી બસ પલટી જવાની ઘટનાને ચોવીસ કલાક પણ થયા નથી. ત્યારે ગત રવિવારે હિંમતનગરથી રાજસ્થાન તરફ જતો ટ્રક- કન્ટેનર રોડ પર પડેલા ખાડામાં પડતાં અકસ્માત સર્જાયો હતો. જો કે કોઈ જાનહાનિ થઈ ન હતી. જવાબદાર તંત્ર રોડ પરના ખાડા પુરાવે તેવી માંગ ઉઠી છે.

## કુંડાળ ગામે વાડામાંથી ૯૫ હજારની ભેંસની ચોરી

મહેસાણ

કડીના કુંડાળ ગામે આવેલા વાડામાંથી કોઈ અજાણ્યા શખ્સો રૂા. ૯૫ હજારની કિંમતની પશુચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેથી ગામના પશુપાલકોમાં રોષની લાગણી ઉદ્દભવી છે. આ અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવામાં આવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર કુંડાળ ગામે રહેતા વિષ્ણુભાઈ કાન્તીલાલ પટેલ જેવો પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેમના પશુ(ઢોર) વાડામાં બાંધતા હોઈ ગત ગુરૂવારે રાત્રે કોઈ અજાણ્યા શખ્સોએ વાડામાં પ્રવેશ કરી તેમની રૂા. ૯૫૦૦૦ ની ભેંસ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે વિષ્ણુભાઈ પટેલે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## એનએસએ અજીત ડોભાલના પ્રવાસથી પણ વિવાદ ઉકેલાશે નહીં

બીજીંગ

ડોકલામને લઈ ભારત ચીન વિવાદ સતત વધી રહ્યો છે.આ વચ્ચે ચીની સરકારી અખબાર ગ્લોબર ટાઈમ્સે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પર નિશાન સાધ્યુ છે. તેણે ડોકલામ વિવાદ માટે અજીત ડોભાલને જવાબદાર ઠેરવ્યા છે. એ યાદ રહે કે ચીની મીડિયાએ એવા સમયે અજીત ડોભાલ પર નિશાન સાધ્યું છે જયારે તે બ્રિકસની બેઠકમાં ભાગ લેવા બીજીંગ જઈ રહ્યાં છે માનવામાં આવે છે કે અહીં ડોભાલની ચીનના એનએસએથી મુલાકાત થઈ શકે છે. બ્રિકસના સભ્ય દેશોના રાષ્ટ્રીય સલાહકાર ૨૭ અને ૨૮ જુલાઈએ બેઠક કરવા જઈ રહ્યાં છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા લુ કાંગે કહ્યું કે તે આ વાતની પુષ્ટી કરતા નથી પરંતુ બ્રિકસની ગત બેઠકો દરમિયાન દ્વિપક્ષીય વાર્તા થઈ ચુકી છે. જો કે જયારે તેમને પુછવામાં આવ્યું કે શું બ્રિકસની બેઠક દરમિયાન ડોકલામની વિવાદ પર ચર્ચા થશે ત્યારે તેમનું કહેવું હતું કે ભારતે ખોટી રીતે ચીનની સીમાનો આળંગી છે. કોઈ પણ રીતની વાર્તા માટે જરૂરી છે કે પહેલા ભારત પોતાની સેનાને પાછી લે. ચીનના સરકારી અખબાર ગ્લોબર ટાઈમ્સના એક લેખમાં લખ્યું છે કે ચીન અને ભારત વચ્ચે ચાલી રહેલ ડોકલામ વિવાદની પાછળ એનએસએ અજીત ડોભાલ છે આ સાથે જ લેખમાં લખ્યું છે કે ભારતીય મીડિયા પર એ રીતનું વાતાવરણ બની રહ્યું છે કે તેમની યાત્રાથી બધુ બરાબર થઈ જશે ગ્લોબલ ટાઈમ્સના લેખમાં લખ્યું છે કે જો ભારત આવું વિચારે છે તો અજીત ડોભાલની યાત્રાથી બીજીગ માની જશે તો તકે બિલકુલ ખોટું છે.

## સબસિડી ટ્રાન્સફર સ્કીમ હવે પીડીએસ અનાજ માટે રહેશે

નવી દિલ્હી

સબસિડીવાળા અનાજની પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ (પીડીએસ) માટે પણ હવે ડાઈરેક્ટ કુકિંગ ગેસ સબસિડી ટ્રાન્સફર સ્કીમની જેમ જ સ્કીમ લાવવા માટેની તૈયારી ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારના ખાદ્યાન મંત્રાલય દ્વારા પીડીએ અનાજ માટે એલપીજી જેવી સબસિડી ટ્રાન્સફર સ્કીમ પર વિચારણા કરી રહી છે. આ સ્કીમ હેઠળ લાભ મેળવવાને પાત્ર લોકોને તેમના બેંક ખાતામાં જ એડવાન્સમાં સબસિડીની રકમ ટ્રાન્સફર થઈ જશે. જો કે તેમને એવી રેશનિંગની દુકાનથી અનાજની ખરીદી કરવી પડશે જે ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ (ઇ-પીઓએસ) સાધન ધરાવે છે. ખાદ્યાન મંત્રાલય દ્વારા હાલમાં જ રાંચીમાં ગ્રાઉન્ડ પરિસ્થિતીની સમીક્ષા કરવામાં આવી હતી. આના માટે ત્રણ ટ્રેની આઈએએસ અધિકારીઓને મોકલી દેવામાં આવ્યા હતા. રાંચીમાં સૌથી પહેલા આની પાયલોટ આધાર પર શરૂઆત કરવામાં આવી શકે છે. આ પહેલનો મુખ્ય હેતુ સબસિડી અને અનાજના શુન્ય લિકેજની ખાતરી કરવાનો છે. સરકારી સુત્રોએ કહ્યુ છે કે ઇ-પીઓએસ ધરાવનાર રેશનિંગ દુકાનથી અનાજ ખરીદવા નિષ્ફળ રહેલા લોકોને સબસિડીની રકમ ટ્રાન્સફર કરવામાં આવશે નહી. આ સ્કીમને લઈને પ્રાથમિક તૈયારી હાથ ધરવામાં આવી છે. વ્યાપક વિચારણા કરવામાં આવ્યા બાદ જ યોગ્ય નિર્ણય કરવામાં આવનાર છે.

## રાષ્ટ્રપતિ ભવન જતાં પૂર્વે કોવિંદ રાજઘાટ પર ગયા

નવી દિલ્હી

દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા બાદ જુદી જુદી બંધારણીય વિધિઓ યોજવામાં આવી હતી. પ્રણવ મુખર્જી કોવિંદને કાળા રંગની લિમો કારમાં લઈને સંસદ ભવનમાં પહોંચ્યા હતા. કોવિંદને સેન્ટ્રલ હોલની તરફ જતી વેળા તેમની સાથે ચીફ જસ્ટિસ ખેહર, સ્પીકર સુમિત્રા મહાજન અને ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી પણ હતા. આની સાથે સાથે પ્રણવ મુખર્જીએ રામનાથ કોવિંદને જવાબદારી સોંપી દીધા બાદ ૩૪૦ રૂમ ધરાવનાર રાષ્ટ્રપતિ ભવનથી નિકળીને ૧૦ રાજાજા માર્ગ સ્થિત એક આવાસમાં રહેવા જતા રહ્યા હતા. આ અગાઉ કોવિંદે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળીને તેમની સાથે વાતકરી હતી. મુખર્જીએ કોવિંદનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ ભવન પહોંચતા પહેલા કોવિંદ રાજઘાટ ઉપર પણ પહોંચ્યા હતા જયાં તેઓએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. કાળા રંગના સફારી શૂટમાં કોવિંદ તેમના પત્નિની સાથે પહોંચ્યા હતા. કોવિંદને ગાંધીજીની એક સ્મૃતિ ભેંટ પણ આપવામાં આવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર



સતિષ ભટ્ટ

**વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થતા સમગ્ર ગુજરાતમાં વરસાદ વરસ્યો હોવાનું હવામાન વિભાગ ધ્વારા જણાવાઈ રહ્યુ છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસતા ધરતીપુત્રોમાં હરખની હેલી જોવા મળી રહી છે. જિલ્લામાં ઈડર તાલુકામાં સૌથી વધુ ૨૮૨ મી.મી અને સૌથી ઓછો વિજયનગર તાલુકામાં ૧૨૪ મી.મી વરસાદ નોધાયો છે જયારે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૪૮૪ મી.મી વરસાદ વરસ્યો હોવાનું જિલ્લા ડિઝાસ્ટર કચેરી ધ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.**

### જિલ્લાના વરસાદગ્રસ્ત વિસ્તારની મુલાકાતે કલેકટર શ્રી પી.સ્વરૂપ

સમગ્ર રાજયમાં બે દિવસ દરમિયાન વરસી રહેલા વરસાદના કારણે સમગ્ર જન જીવનને અસર પહોચેલ છે. જેની પરિસ્થિતિનો તાગ જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા સક્રિય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે જે અંતર્ગત જિલ્લા સમાહર્તા શ્રી પી.સ્વરૂપ તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસે ઈડર તાલુકાના રાણી તળાવ તથા હિંમતનગર-અંબાજી હાઈવેની મુલાકાત લીધી હતી. જયારે જિલ્લા પોલીસ વડા શ્રી પ્રાંતિજ તાલુકાના વરસાદગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિ અંગે જાત માહિતી મેળવી હતી પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો હોય ભક્તજનોની અવર-જવરની ધ્યાને સાબરકાંઠા જિલ્લામાં નદી કિનારે આવેલા પ્રાંતિજના ગલેતેશ્વર મહાદેવ, વિજયનગરના શારણેશ્વર, ખેડબ્રહ્માના નિલકંઠ મહાદેવ અને ઈડરના સપ્તેશ્વર મહાદેવ ખાતે ખાસ પોલીસ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા હોવાનું જિલ્લા ડિઝાસ્ટર તંત્રએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ભારે વરસાદની પરિસ્થિતિમાં સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર સતર્ક

### જિલ્લાના ૪૦૦ અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડાયા



પ્રભારીમંત્રી શ્રી વલ્લભભાઈ કાકડીયાએ જિલ્લાકક્ષાના અધિકારીઓની બેઠક યોજી છેલ્લા કેટલાક દિવસથી સમગ્ર રાજય સહિત ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર તકેદારીના ભાગરૂપે મંગળવારના રોજ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી વલ્લભભાઈ કાકડીયાએ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર,હિંમતનગર ખાતે જિલ્લાકક્ષાના અધિકારીઓની બેઠક યોજી જિલ્લામાં થયેલા વરસાદ અને જળાશયોની સ્થિતિ પરિસ્થિતીનો તાગ મેળ્વયો હતો.

બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને જિલ્લાના ડેમ, નદી કિનારાના ગામો તથા પાણી છોડવાના પ્રસંગે કેટલા ક્યુસેક પાણી છોડવામાં આવશે તથા તેનાથી કયા ગામોને અસર થશે તેની માહીતી આપવી, આ ઉપરાંત સિંચાઈ વિભાગના સતત સંપર્કમાં રહી ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે નજીકના ગામોને તુરંત સાવધ કરવા અને જરૂર પડે સ્થળાંતર કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તાલુકા કંટ્રોલ રૂમ સતત ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી હતી. જેમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયત,સિંચાઈ અને પોલીસ સ્ટેશન માર્ગ મકાન, શિક્ષણ વિભાગ સહિતની કચેરીઓ સતત સંકલનમાં રહે તે માટે ભાર મુક્યો હતો.

પંચાયત વિભાગ ધ્વારા જિલ્લાના તળાવોની રોજે રોજની માહિતી તાલુકા કંટ્રોલને મળી રહે તે માટે ભાર મુક્યો હતો. જયારે ડેમ સાઈટના તમામ ટેલીફોન,વાયરલેસ અને સાયરન સતત કાર્યરત રહે તેની તકેદારી રાખવા ખાસ સૂચના અપાઈ હતી. આ ઉપરાંત જિલ્લામાં પરીવહન સેવાઓને અસર ન પંહોચે તે માટે ધોવાઈ ગયેલ રસ્તાઓનુ ત્વરીત સમારકામ થાય તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા

જિલ્લાના વરસાદની પરિસ્થિતિની ધ્યાને લઈ ૪૦૦થી વધુ અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડાયા હોવાનું પ્રભારી મંત્રીશ્રીએ બેઠક દરમિયાન જણાવ્યું હતું જેમના આરોગ્ય વિષયક સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસ, જિલ્લા પોલીસ વડા શ્રી પ્રવિણ માલ, સિંચાઈ, શિક્ષણ, યુજીવીસી એલ,માર્ગ અને મકાન સહિતના સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ જિલ્લામાં અતિ ભારે વરસાદના કારણે વહીવટી તંત્ર દ્વારા બચાવ/રાહતના પગલાં લઈ શકાય તે માટે કંન્ટ્રોલરૂમ શરૂ કરાયો

પાટણ

ભારત સરકારશ્રીના હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલ આગાહી અનુસાર પાટણ જિલ્લામાં અતિ ભારે વરસાદ પડવાની શક્યતાવાળા વિસ્તારમાં કુદરતી આપત્તિના સંજોગોમાં તે અંગે રજુઆતો સ્વીકારવા જિલ્લા પંચાયત, પાટણ ખાતે કંટ્રોલરૂમ ખોલવામાં આવેલ છે. જેનો નંબર ૦૨૭૬૬-૨૩૨૫૨૧ છે. પાટણ જિલ્લાના તમામ તાલુકાઓના તલાટી કમ મંત્રીશ્રીઓ, સરપંચશ્રીઓ,



તાલુકા/જિલ્લા તથા ગ્રામ પંચાયતના સદસ્યો તથા ગામના આગેવાનો સહિત સ્થાનિક પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ, મધ્યાહન ભોજનના સંચાલક શ્રીઓ, આશા વર્કરશ્રીઓ, સસ્તા અનાજની દુકાનના સંચાલકશ્રીઓ, દૂધ મંડળીના ચેરમેન/મંત્રીશ્રીઓએ કોઈપણ ગામે અતિ ભારે વરસાદના કારણે કોઈ આપત્તિ ઉપસ્થિત થાય તો તે બાબતની જાણકારી કંટ્રોલ રૂમના ફોન નંબર પર ૦૨૭૬૬-૨૩૨૫૨૧ ઉપર આપવી. જેનાથી

વહીવટી તંત્ર દ્વારા તાત્કાલીક બચાવ/રાહતના પગલાં હાથ ધરી શકાય તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પાટણની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ૬૭૮ તીર્થયાત્રીઓની નવી ટુકડી અમરનાથ યાત્રા પર રવાના

શ્રીનગર

જમ્મુથી આજે અમરનાથ યાત્રા માટે ૬૭૮ તીર્થયાત્રીની એક નવી ટુકડી રવાના થઈ હતી ૨૯ જુનથી શરૂ થયેલ આ તીર્થયાત્રા હેઠળ અત્યાર સુધી કુલ ૨.૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુ બાબા બર્ફાનીના દર્શન કરી ચુકયા છે. અધિકારીઓએ કહ્યું કે વહેલી સવારે ૨.૫૫ કલાકે કડક સુરક્ષામાં ૨૦ વાહનોના કાફલામાં ભગવતી નગર યાત્રી નિવાસથી ૬૭૮ તીર્થયાત્રાઓનો એક વધુ ટુકડી કાશ્મીર ઘાટી માટે રવાના થયો તીર્થયાત્રી જમ્મુ શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ દ્વારા ઘાટી પહોંચે છે અને તીર્થયાત્રાઓને લઈ જનાર તમામ વાહનોને જવાહર સુરંગને બપોરે ૩.૩૦ કલાક પહેલા પાર કરવી પડે છે.આ વર્ષ અત્યાર સુધી અમરનાથ યાત્રામાં ૪૮ તીર્થયાત્રીઓના મોત નિપજયા છે. તેમાં ૧૭ યાત્રીઓના મોત ૧૬ જુલાઈએ શ્રીનગર જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ પર એક સડક દુર્ઘટનાઓમાં થઈ હતી. જયારે આઠ તીર્થયાત્રીઓના મોત ૧૦ જુલાઈએ અનંતનાગ જીલ્લામાં આવેલ બતેંગોમાં તીર્થયાત્રીઓની બસ પર થયેલ આતંકી હુમલામાં થયા હતાં. આ ઉપરાંત ૨૩ તીર્થયાત્રીઓના મોત પ્રાકૃતિક કારણોથી થયા હતાં.

કાયદો અને વ્યવસ્થા બનાવી રાખવા માટે ૩૫,૦૦૦થી વધુ સુરક્ષા કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે.

## દેશમાં ટ્રેન દુર્ઘટનાઓ પાછળ આઈએસઆઈનો હાથ : એનઆઈએ

નવીદિલ્હી

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ પટણા અદાલતથી પહેલા રેલ દુર્ઘટનાઓની પાછળ કહેવાતા કાવતરાના મામલામાં પહેલા આરોપપત્ર દાખલ કર્યો. ઓકટોબર ૨૦૧૬માં બિહારના ધોરાસાહાં રેલવે સ્ટેશન નજીક રેલ પાટાઓ અને ક ટ્રેનને ઉડાવવાના કાવતરામાં બે નેપાળી નાગરિકો સહિત નવ લોકો પર આરોપ લગાવ્યો છે.

એનઆઈએ ગત વર્ષ આંધ્રપ્રદેશમાં કાનપુર અઅને કુનેરૂની પાસે રેલવે દુર્ઘટનાઓની તપાસ કરી રહી છે જેમાં ૧૮૦ લોકોના મોત નિપજયા હતાં બિહાર રેલ દુર્ઘટનામાં એક આરોપીને કાનપુર રેલ દુર્ઘટનાની કાવતરામાં હાથ થવાની વાત કબુલ કરી છે જો કે હજુ તેની પુષ્ટી થઈ ગઈ છે.

એનઆઈએના આરોપપત્રમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સીએ પ્રેશર કુકર બોંબ લગાવી રેલને ઉડાવવા માટે નેપાળી લોકોની વ્યવસ્થા કરી હતી. આરોપપત્રમાં ઉમાશંકર પટેલ,ગજેન્દ્ર શર્મા, રાકેશકુમાર યાદવ રંજે શાહ મુકેશ સહિત લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે જયારે સમસુલ હોડાને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યો છે. હોડા અને ગિરી નેપાળના રહેવાસી છે. હોડા પર આઈએસઆઈ એજન્ટ મોહમ્મદ શફીના નિર્દેશ પર ધટનાને પરિણામ આપવા માટે બિહારમાં લોકોની વ્યવસ્થા કરવાનો આરોપ લગાવ્યો છે.

સીબીઆઈ અનુસાર હોડા પહેલા મલેશિયામાં મેન પાવર ઉપલબ્ધ કરાવવાનો બિજનેસ કરતો હતો. જયારે બાદ તે દુબઈ આવી ગયો અહીં તેનો સંપર્ક શેખ થયો છે. આરોપપત્રમાં કહેવામાં આવ્યું છે કે હોડા ૨૦૧૬માં શફીની સાથે પાકિસ્તાનમાં પણ ગયો હતો જયાં હુમલાની પુરી તૈયારી કરી હતી ત્યારબાદ ગિરી અને શર્મા રાકેશ મુકેશ યાદવ શાબ અને રામને કાવતરામાં સામેલ કર્યા

## મોડાસામાં એસપી કચેરી વચ્ચેની દિવાલ વરસાદથી ધરાશાયી

મોડાસા

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં મેઘરાજા મહેરબાન થતાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદની હેલી ચાલુ છે, ગત શનિવારે રાત્રે મોડાસામાં ભારે વરસાદના કારણે માલપુર રોડ પર આવેલી તાલુકા પંચાયત કચેરી સામે આવેલા તિરૂપતિ બંગલોઝ અને એસ.પી. કચેરી વચ્ચેની દિવાલ ધરાશાયી થતાં ભારે અફડાતફડી મચી જવા પામી હતી. ધડાકાભેર અવાજ સાથે દિવાલ ધરાશાયી થતાં તિરૂપતિ બંગલોઝના રહીશો સફાળા જાગી ગયા હતા. દરમ્યાન આ બાબતની જાણ પોલીસને થતાં તે પણ દોડી આવેલ. જો કે કોઈ જાનહાનિ થઈ નથી.

## પાટણમાં અતિભારે વરસાદના કારણે રેલવેના પ્રથમ નાળા વિસ્તારમાં ૪ ફૂટ પાણી ભરાયા

પાટણ

પાટણમાં અતિભારે વરસાદના કારણે જલારામ ચાર રસ્તાથી પ્રગતિ મેદાન થઈ રેલ્વેના પ્રથમ ગરનાળા સુધી વરસાદનું પાણી નદી આકારે વહેતું થતાં જનજીવન પર ગંભીર અસર પડી છે. વરસાદના કારણે બીએમ હાઈસ્કુલનો રસ્તો પાણીથી ઓવરફ્લો થઈ જતાં બે દિવસથી શાળા બંધ છે. શહેરની અન્ય શાળાઓ બે દિવસ બંધ રહેવા પામી હતી. રેલ્વેના પ્રથમ નાળા વિસ્તારમાં ૪ થી ૫ ફૂટ પાણી ભરાતા અહીંથી ધારપુર જતી રીક્ષાઓ ટીવી ત્રણ રસ્તેથી ચલાવવામાં આવે છે. પરંતુ આ સમગ્ર માર્ગ પર પાણી ભરાતાં વાહન વ્યવહાર તદ્દન ઠપ્પ થઈ ગયેલ છે.

ડીસા- પાટણ રોડ ઉપર આવેલી શિવકૃપા સોસાયટીમાં વરસાદી પાણી ઘુસી જતાં સમગ્ર રસ્તો બંધ થઈ ગયો છે. જેથી રહીશો ઘરની બહાર નિકળી શકતા નથી. કેટલાક વિસ્તારોમાં ભૂલા પડવાના કારણે વાહન ચાલકો અને લોકો મુશ્કેલીમાં આવી ગયા છે. શહેરના જલારામ ચાર રસ્તેથી ગુંગડી ચાર રસ્તા સુધીનો માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયેલ છે.

## શિખર ધવન તેમજ મુકુંદ ઓપનિંગમાં બેટિંગ કરશે

ગાલે

ગાલેના મેદાન ઉપર આવતી-કાલથી પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છેત્યારે ટીમ ઈન્ડિયામાં ઓપનિંગને લઈને મોટી સમસ્યા સતાવી રહી છે. બે ઓપનિંગ બેટ્સમેન ઘાયલ સ્થિતિમાં છે જેમાં ૨૫ વર્ષીય કર્ણાટકના બેટ્સમેન કેએલ રાહુલ અને મુરલી વિજયનો સમાવેશ થાય છે. આ બંનેની ગેરહાજરીમાં ભારત તરફથી ઓપનિંગની જવાબદારી શિખર ધવન અને અભિનવ મુકુંદ સંભાળે તેવી પ્રબળ સંભાવના છે. ઈજામાંથી સ્વસ્થ થયા બાદ રાહુલ ફરી એકવાર તાવના સકંજામાં આવી ગયો છે જેથી આવતીકાલથી શરૂ થતી ટેસ્ટ મેચમાં તે રમી શકશે નહીં. શ્રીલંકા સામેની ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી પહેલા વોર્મઅપ મેચમાં રાહુલે ૫૮ બોલમાં ૫૪ રન ફટકારીને નવી આશા જગાવી હતી. જો કે, રાહુલ ફરી એકવાર ઘાયલ થઈ ગયો છે. બીજી બાજુ શિખર ધવન મોટી ઈનિંગ્સ રમવા માટે આશાવાદી દેખાઈ રહ્યો છે. શિખર ધવને પોતાની છેલ્લી ટેસ્ટ મેચ ન્યુઝીલેન્ડ સામે ગયા વર્ષે કોલકાતામાં રમી હતી. ત્યારબાદ આંગણીમાં ઈજાના પરિણામ સ્વરુપે તે બહાર થઈ ગયો હતો. ત્યારપછી ખરાબ ફોર્મના કારણે પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. હવે તેના ઉપર મોટી જવાબદારી આવી ગઈ છે. જો કે, મોહાલીમાં ઓસ્ટ્રેલિયા સામે પોતાની પ્રથમ ટેસ્ટમાં ૧૭૪ બોલમાં ૧૮૭ રન ફટકાર્યા બાદ ટેસ્ટ ક્રિકેટમાં શિખર ધવન આ પ્રકારની ઈનિંગ્સ રમી શકયો નથી.

## ભારત અને શ્રીલંકા વચ્ચે આજથી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ

ગાલે

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે ભારત અને શ્રીલંકા વચ્ચેની લાંબી શ્રેણીની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. આવતીકાલથી પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ શ્રેણીમાં ત્રણ ટેસ્ટ મેચ, પાંચ વનડે મેચો અને એક ટ્વેન્ટી મેચ રમાનાર છે. આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ટીમ સામે નંબર વન રેન્કિંગ જાળવી રાખવાનો પડકાર છે. ભારતીય ટીમમાં સ્ટાર ખેલાડી શાનાદાર દેખાવ કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. બન્ને ટીમો વચ્ચે અનેક યાદો રહેલી છે. જે ચાહકો હજુ પણ ભુલ્યા નથી. કેઓલ રાહુલ ઘાયલ થયા બાદ ભારતને ઓપનિંગમાં લઈને તકલીફ દેખાઈ રહી છે. અંતિમ ઈલેવનને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ટીમના બાકીના ખેલાડીઓ ગાલે પહોંચ્યા બાદ જોરદાર પ્રેકટીસ કરી ચુક્યા છે. વાઈરલ ફીવરના સકંજામાં રાહુલ આવી જતાં ભારતીય ટીમને પ્રથમ ટેસ્ટ મેચ પહેલા જ મોટો ફટકો પડી ગયો છે. આ વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણી દરમિયાન તેના ખભામાં ઈજા થયા બાદ રાહુલ રમી શક્યો ન હતો. આઈપીએલમાં પણ તે રમી શક્યો ન હતો. ચેમ્પિયન્સ ટ્રોફી અને વેસ્ટઈન્ડિઝના પ્રવાસમાં પણ તેને મુશ્કેલી નડી હતી. લાંબા ગાળા બાદ વાપસી કરનાર રાહુલે મોરાકુવા ખાતે રમાયેલી બે દિવસની અભ્યાસ મેચમાં ઝડપથી ૫૦ રન બનાવ્યા હતા. ભારતીય ટીમમાં ઓપનિંગને લઈને મોટી સમસ્યા રહી છે. મુરલી વિજય પણ પહેલાથી જ સંપૂર્ણપણે ફિટ થયો નથી. હાલમાં જ મુરલી વિજયે સર્જરી કરાવી હતી. અભિનવ મુકુંદ અને શિખર ધવન ટીમમાં અન્ય બે ઓપનિંગ બેટ્સમેન છે.